# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
સલમાનની કો-એક્ટ્રેસ રંભા કમબેકની તલાશમાં



પેજ-09
કે.એલ. રાહુલે કેપ્ટનશીપની ઓફર ફુકરાવી




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 23.00 |
| વડોદરા | 39.00 | 23.00 |
| સુરત | 38.00 | 24.00 |


પેજ 5




વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સે ફિલિપાઈન્સમાં વધુ ઈલેક્ટ્રિક...

**12** MARCH-2025 WEDNESDAY

ફિલિપાઈન્સના પૂર્વ રાષ્ટ્રપતિ દુતેર્તેની ધરપકડ:ICCએ વૉરંટ જાહેર કર્યું હતું




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74102.32 | ▼ | 012.85 |
| નિફ્ટી | 22497.90 | ▲ | 037.60 |
| સોનું | 86,151.00 | ▲ | 732.00 |
| ચાંદી | 98,037.00 | ▲ | 1,572.00 |


વર્ષ-14 । અંક-113 । વિક્રમ સંવત-2081 । ફાગણ સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બલૂચ આર્મીનો દાવો... 20 સૈનિકોની હત્યા; કહ્યું : એક્શન લેશો તો બંધકોને મારી નાખીશું

# પાકિસ્તાનમાં પેસેન્જર ટ્રેન હાઈજેક : 182 લોકો બંધક

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 11

મંગળવારે પાકિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (BLA) એ જાફર એક્સપ્રેસ પર હુમલો કરીને હાઈજેક કરી. BLA એ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે 182 મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા છે, જ્યારે 20 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. BLA એ એમ પણ કહ્યું કે તેણે એક ડ્રોનને તોડી પાડ્યું છે. આ હુમલો બપોરે લગભગ 1 વાગ્યે ક્વેટાથી પેશાવર રૂટ પર બલૂચિસ્તાનના બોલાન જિલ્લાના મશ્કાફ વિસ્તારમાં થયો હતો. 6 કલાક પછી પણ સાંજે 7:30 વાગ્યા સુધીમાં જાફર એક્સપ્રેસ સંપૂર્ણપણે BLA લડવૈયાઓના નિયંત્રણમાં હતી. ગયા વર્ષે 25 અને 26 ઓગસ્ટ 2024ની રાત્રે BLA એ આ ટ્રેનના રૂટ પર કોલપુર અને માખ વચ્ચેનો પુલ ઉડાવી દીધો હતો. જેના કારણે ટ્રેન સેવા બંધ થઈ ગઈ હતી. 11 ઓક્ટોબર 2024થી ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં આવી હતી.



**BLA એ પહાડી વિસ્તારનો લાભ લઈને હુમલો કર્યો :** બલૂચ લિબરેશન આર્મીએ બોલાનના મશ્કાફમાં ગુડાલર અને પીરુ કુનરી વચ્ચે આ હુમલો કર્યો હતો. આ એક પહાડી વિસ્તાર છે, જ્યાં 17 ટનલ છે, જેના કારણે ટ્રેન ધીમી ગતિએ ચલાવવી પડે છે. આનો ફાયદો ઉઠાવીને BLA એ ટ્રેન પર હુમલો કર્યો. સૌ પ્રથમ, બલૂચ આર્મીએ મશ્કાફમાં ટનલ નંબર-8 માં રેલવે ટ્રેક ઉડાવી દીધો. આ કારણે જાફર એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ. આ પછી BLA એ ગોળીબાર શરૂ કર્યો. ગોળીબારમાં ટ્રેન ડ્રાઈવર પણ ઘાયલ થયો હતો. આ ટ્રેનમાં સુરક્ષા દળો, પોલીસ અને ISI એજન્ટો મુસાફરી કરી રહ્યા હતા. બધા પંજાબ જઈ રહ્યા હતા. તેઓએ BLA હુમલાનો જવાબ આપ્યો, પરંતુ BLA એ ટ્રેન કબજે કરી લીધી. આ દરમિયાન 11 સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા.

#### પાકિસ્તાની સેનાએ હવાઈ ઓપરેશન શરુ કર્યું

પાકિસ્તાની સેના જમીની કાર્યવાહીની સાથોસાથ હવાઈ ઓપરેશન પણ ચલાવી રહી છે. આ દરમિયાન હેલિકોપ્ટર અને ડ્રોનનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ પછી, પાકિસ્તાન સેનાએ તાત્કાલિક આ વિસ્તાર તરફ એક ટ્રેન મોકલી, જેમાં સૈનિકોને પણ મદદ માટે મોકલવામાં આવ્યા. પાકિસ્તાનના મંત્રી મોહસીન નકવીએ કહ્યું કે અમે આવા જાનવરો સાથે સમાધાન કરીશું નહીં જેમણે નિર્દોષ મુસાફરો પર ગોળીબાર કર્યો. રેલવે ટ્રેક ઉડાવી દેવામાં આવ્યો છે, જેના કારણે જાફર એક્સપ્રેસ રોકાઈ ગઈ છે.

**મહિલાઓ, બાળકો અને બલોચ નાગરિકોને છોડી દેવાયા :** ટ્રેનમાં અંદાજિત 400થી વધારે મુસાફરો હતા. બલૂચ લિબરેશન આર્મીએ દાવો કર્યો છે કે, મહિલાઓ, બાળકો અને બલોચ નાગરિકોને મુક્ત કરી દેવાયા છે. જ્યારે પાકિસ્તાની સેના, પોલીસ, ISI અને ATFના જવાનો સહિત 182 લોકોને અત્યાર સુધીમાં બંધક બનાવીને રાખવામાં આવ્યા છે.

#### બલૂચ લિબરેશન આર્મીની ધમકી

બલૂચ લિબરેશન આર્મીએ ફરી એક ધમકી આપી છે કે, જો સેના આ ઓપરેશનમાં ભાગ લેશે તો તમામ બંધકોને મારી નાખવામાં આવશે. આ તમામના મોત માટે પાકિસ્તાની સેના જવાબદાર હશે. BLA તરફથી કથિત રૂપે રજૂ કરવામાં આવેલું એક નિવેદન સોશિયલ મીડિયામાં અપલોડ કરવામાં આવ્યું છે. જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, 'જો અમારી સામે સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે તો ટ્રેનમાં હાજર તમામને મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે.'

## વડાપ્રધાન મોદીને મોરેશિયસનું સર્વોચ્ચ નાગરિક સન્માન

(એજન્સી) પોર્ટ લુઇસ । તા. 11

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના રાજકીય પ્રવાસે મોરેશિયસ પહોંચી ગયા છે. તેઓ ત્યાં 12 માર્ચે મોરેશિયસના 57માં રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થશે. આ પહેલા વડાપ્રધાન મોદીને મોરેશિયસનું સર્વોચ્ચ સન્માન આપવાની જાહેરાત કરવામાં આવી છે. મોરેશિયસના વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલામે મંગળવારે વડાપ્રધાન મોદીને દેશનું સર્વોચ્ચ સન્માન 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઑર્ડર ઑફ ધ સ્ટાર એન્ડ કી ઑફ ધ ઈન્ડિયન ઓશન' આપવાની જાહેરાત કરી. વડાપ્રધાન મોદી મોરેશિયસનું સર્વોચ્ચ સન્માન મેળવનારા પહેલા ભારતીય બની ગયા છે. રામગુલામે પોર્ટ લુઈસમાં ભારતીય સમુદાયના એક કાર્યક્રમમાં આ જાહેરાત કરી. આ વિજિટમાં PM મોદી બંને દેશોના આર્થિક અને સુરક્ષા સંબંધોને આગળ વધારવા માટે ઘણા કરાર પર હસ્તાક્ષર કરશે.

### મોરેશિયસમાં મોદી, કહ્યું- અહીંથી હોળી માટે રંગ લઈ જઈશ





**મોરેશિયસના રાષ્ટ્રપતિની પત્નીને પ્રધાનમંત્રીની ભેટ: સાડેલી બોક્સમાં આપી બનારસી સાડી :** વારાણસીથી ઉદ્ભવેલી બનારસી સાડી, વૈભવી અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે, જે તેના સુંદર રેશમ, જટિલ બ્રોકેડ્સ અને ભવ્ય જરી કામ માટે જાણીતી છે. આ ઉત્કૃષ્ટ સાડી શાહી વાદળી રંગમાં આવે છે, જે ચાંદીના જરી મોટિફ્સ, પહોળી જરી બોર્ડર અને સમૃદ્ધપણે વિગતવાર પાલવથી શણગારેલી છે. જે તેને લગ્ન, તહેવારો અને ભવ્ય ઉજવણી માટે યોગ્ય બનાવે છે. આ સાડીને પૂરક બનાવતી ગુજરાતની સાડેલી બોક્સ છે. જેમાં જટિલ જડતરકામ છે, જે કિંમતી સાડીઓ, ઘરેણાં અથવા યાદગાર વસ્તુઓ સંગ્રહવા માટે બનાવવામાં છે.

#### PM નવીનચંદ્ર રામગુલામે કર્યું મોદીનું સ્વાગત

PM મોદીએ X પર પોસ્ટ કરીને સ્વાગત માટે મોરેશિયસના PM નો આભાર વ્યક્ત કર્યો. તે બાદ મોદી પોર્ટ લુઈસમાં પોતાની હોટલ પહોંચ્યા. જ્યાં ભારતીય પ્રવાસીઓએ 'ભારત માતા કી જય' ના સૂત્રોચ્ચાર સાથે તેમનું સ્વાગત કર્યું અને તિરંગા લહેરાવ્યા. તે બાદ PMના સ્વાગતમાં મોરેશિયસની મહિલાઓએ પારંપરિક બિહારી 'ગીત ગવઈ' ગાયું. આ દરમિયાન પીએમ મોદી પારંપરિક ભોજપુરી સંગીતનો આનંદ લેતા અને તાળી વગાડતાં નજર આવ્યા.

## બળાત્કાર કરનારાને નપુંસક બનાવી દેવા જોઈએ: રાજસ્થાનના રાજ્યપાલનું નિવેદન



(એજન્સી) જયપુર । તા. 11

રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ મહિલાઓ વિરુદ્ધ વધી રહેલા અત્યાચાર મુદ્દે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરનારાઓની ધોલાઈ થવી જોઈએ. તેમજ દુષ્કર્મ કરનાઓને નપુંસક કરી દેવા જોઈ, જેથી આ પ્રકારનો ગુનો ઘટે. ભાઉએ આગળ કહ્યું કે, અમારે ત્યાં (મહારાષ્ટ્રમાં) શિવાજી મહારાજના શાસનકાળમાં પટેલ ગામના સરપંચે દુષ્કર્મ કર્યુ હતું. તો શિવાજી મહારાજે આદેશ આપ્યો કે, દુષ્કર્મીને મારો નહીં, તેના હાથ-પગ તોડી નાખો, મરતા દમ સુધી તેને ત્યાં જ રહેવા દો.

#### દુષ્કર્મીની ધોલાઈ થવી જોઈએ

હરિભાઉએ 10 માર્ચે ભરતપુર જિલ્લા બાર ઍસોસિએશનના શપથ ગ્રહણ સમારોહમાં આ અંગે નિવેદન આપ્યું હતું કે, મહિલાઓ પર અત્યાચાર કરનારા લોકો વીડિયો બનાવે છે. આ વાત યોગ્ય નથી. કોઈપણ મહિલાની છેડતી થાય તો તુરંત તે વ્યક્તિને પકડો તેની ધોલાઈ કરો. જ્યાં સુધી આપણા મનમાં આ માનસિકતા નહીં આવે કે, આપણે છેડતી કરનારાઓ, દુષ્કર્મીઓને ઘટના સ્થળે જ અટકાવીએ, તેની ધોલાઈ કરીએ, ત્યાં સુધી ગુનેગારો અટકશે નહીં.

#### દુષ્કર્મીઓમાં કાયદાનો ભય નહીં

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આપણે ત્યાં કાયદો હોવા છતાં ગુનેગારોમાં ભય નથી. પોક્સો હેઠળ દુષ્કર્મીઓને ફાંસીની સજા, આજીવન કારાવાસની જોગવાઈ છે. તેમ છતાં આ ગુનાઓ થંભી રહ્યા નથી. જેનાથી જણાય છે કે, ગુનેગારોમાં કાયદાનો ભય નથી.

#### દુષ્કર્મીઓને નપુસંક કરવા અપીલ

તેમણે એક મીડિયા રિપોર્ટને ટાંકીને કહ્યું કે, મહારાષ્ટ્રમાં એક નગર પંચાયત છે, જ્યાં કૂતરાઓની સંખ્યા વધી જવાથી ઘણા કૂતરાઓનું ખસીકરણ કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે કાયદો ભય ગુનેગારોમાં રહે તે હેતુ સાથે સલાહ આપું છું કે, દુષ્કર્મ કરનારાઓને નપુંસક કરી દેવા જોઈએ.

## કેજરીવાલને ફરી કોર્ટનો ઝટકો, પાંચ વર્ષ જૂના કેસમાં પોલીસને FIR નોંધવા આદેશ



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દિલ્હીની રાઉઝ એવન્યૂ કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પાંચ વર્ષ જૂના 2019ના કેસમાં ઝટકો આપ્યો છે. કોર્ટે દ્વારકામાં હોર્ડિંગ લગાવવા માટે કથિત જાહેર ભંડોળનો દુરુપયોગ કરવાના કેસમાં તેમની અને પાર્ટીના અન્ય નેતાઓ વિરુદ્ધ FIR નોંધવા આદેશ આપ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ કેજરીવાલ અને અન્ય લોકો વિરુદ્ધ હોળી બાદ એફઆઈઆર નોંધવામાં આવી શકે છે.

#### હોર્ડિંગ લગાવવા જાહેર નાણાંનો દુરુપયોગનો મામલો

વાસ્તવમાં વર્ષ 2019માં દ્વારકામાં મોટા હોર્ડિંગ લગાવવા માટે જાહેર નાણાંનો દુરુપયોગ કરવા મામલે કોર્ટમાં અરજી કરાઈ હતી. અરજીમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને અન્ય વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની માંગ કરાઈ, જેમાં કોર્ટે અરજી પર સુનાવણી હાથ ધરી એફઆઈઆર નોંધવા આદેશ કર્યો છે. કોર્ટે આદેશમાં સ્પષ્ટ કહ્યું છે કે, કેજરીવાલ અને પાર્ટીના અન્ય નેતાઓ વિરુદ્ધ સરકારી ધનનો દુરુપયોગ કરવાનો મામલો બને છે.

#### પોલીસને કમ્પ્લેઇન રિપોર્ટ દાખલ કરવા આદેશ

કોર્ટે આદેશ સંભાળવતી વખતે કહ્યું કે, 'અરજદારે દાખલ કરેલી અરજી 156(3) CRPC હેઠળ મંજૂર કરવામાં આવે છે. આ કેસમાં કોર્ટે દ્વારકા સાઉથ પોલીસને એફઆઈઆર નોંધવા તેમજ 18 માર્ચ સુધીમાં SHOને કમ્પ્લેઈન રિપોર્ટ દાખલ કરવા આદેશ આપ્યો છે.

## ઔરંગઝેબની કબર હટાવવાની માંગને ફડણવીસનું સમર્થન

નવી દિલ્હી : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલ્દાબાદમાંથી મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબર દૂર કરવાની માંગને સમર્થન આપ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું - આપણે બધા આ ઈચ્છીએ છીએ, પરંતુ તમારે તે કાયદાના દાયરામાં કરવું પડશે, કારણ કે આ એક સુરક્ષિત સ્થળ છે. થોડા વર્ષો પહેલા, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન, આ સ્થળને ASIના રક્ષણ હેઠળ રાખવામાં આવ્યું હતું. ખરેખરમાં, છત્રપતિ શિવાજી મહારાજના વંશજ, ભાજપના સતારાના સાંસદ ઉદયનરાજે ભોંસલેએ ઔરંગઝેબની કબર તોડી પાડવાની માંગ કરી હતી. તેમણે પૂછ્યું કે શું જરૂર છે? JCB મશીન મોકલો અને તેની કબર તોડી નાખો, તે ચોર અને લૂંટારો હતો. તેમણે કહ્યું હતું કે જે લોકો ઔરંગઝેબની કબર પર જાય છે અને તેમને શ્રદ્ધાંજલિ આપે છે તેઓ તેમનું ભવિષ્ય હોઈ શકે છે. તેમણે તે કબરને પોતાના ઘરે લઈ જવી જોઈએ, પરંતુ ઔરંગઝેબનો મહિમા હવે સહન કરવામાં આવશે નહીં.



## ખડગેના એક શબ્દ પર સંસદમાં સંગ્રામ

### ડેપ્યુટી સ્પીકરે ખડગેને બોલતા અટકાવ્યા, જેપી નડ્ડાએ કહ્યું- આવી ભાષા અત્યંત નિંદનીય છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

બજેટ સત્રના બીજા દિવસે મંગળવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવેદનને લઈને રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. ખરેખરમાં દિગ્વિજય સિંહ બોલતા હતા તે સમયે ખડગે સીટ પર ઊભા થઈ ગયા હતા. જેના પર ઉપાધ્યક્ષ હરિવંશે તેમને અટકાવ્યા. આ તરફ ખડગેએ કહ્યું- આ કઈ સરમુખત્યારશાહી છે? હાથ જોડીને હું તમારી પાસે બોલવાની મંજૂરી માંગી રહ્યો છું. આ પછી હરિવંશે કહ્યું કે તમે સવારે બોલી ચૂક્યા છો. હવે દિગ્વિજય સિંહને બોલવાનો મોકો છે, તો કૃપા કરીને બેસો. આ પછી ખડગેએ કહ્યું- તેઓ તો ચોક્કસ બોલશે, અમે સરકારને પણ આડે હાથે લઈશું. જ્યારે હરિવંશે તેમના નિવેદન પર વાંધો ઉઠાવ્યો તો તેમણે કહ્યું કે અમે સરકારની નીતિઓની ટીકા કરવાની વાત કરી રહ્યા છીએ.



#### ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ, 2025 રજૂ કર્યું

ઘૂસણખોરી અને ગેરકાયદેસર ઈમિગ્રેશનને રોકવાના ઉદ્દેશ્ય સાથે મંગળવારે લોકસભામાં ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ 2025 રજૂ કરવામાં આવ્યું હતું. અમિત શાહ વતી ગૃહરાજ્ય મંત્રી નિત્યાનંદરાયે બિલ રજૂ કરતી વખતે જણાવ્યું હતું આ બિલ કોઈને દેશમાં આવતા રોકવા માટે લાવવામાં આવ્યું નથી, બલકે આ બિલનો હેતુ એ છે કે જે પણ વિદેશીઓ ભારતમાં આવે છે તેઓ અહીંના નિયમોનું પાલન કર્યા પછી જ અહીં આવે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી અને ટીએમસીના સૌગતા રોયે આ બિલનો વિરોધ કર્યો છે.

#### રાજસ્થાનના શિક્ષણમંત્રીની જાહેરાત

## શાળામાં વિદ્યાર્થી ફેલ થશે તો શિક્ષક સામે થશે કાર્યવાહી

(એજન્સી) જયપુર । તા. 11

રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરે શાળામાં નાપાસ થતા વિદ્યાર્થીઓ અંગે આજે મહત્ત્વની જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, હવે રાજ્યની સરકારી શાળામાં વિદ્યાર્થી ફેલ થશે તો તેની જવાબદારી શિક્ષકની રહેશે અને તેમની સામે કાર્યવાહી પણ કરાશે. શિક્ષણમંત્રીની આ જાહેરાતથી રાજ્યના શિક્ષણજગતમાં ખળભળાટ મચી ગયો છે. શિક્ષણમંત્રીએ મીડિયા સમક્ષ વાત કરતા કહ્યું કે, જો સરકારી શાળાઓના વિદ્યાર્થીઓના પરિણામ સારા નહીં આવે તો શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને લેખીત પરીક્ષામાં ઓછામાં ઓછા 50 ટકા આવવા જોઈએ. વિદ્યાર્થીઓ 80માંથી 40 નંબર લાવશે અને તેઓ પાસ પણ થઈ જશે, પરંતુ તેમના શિક્ષણને ફેલ કરી દેવાશે.' તેમણે કહ્યું કે, 'આ નિર્ણયના કારણે વિદ્યાર્થીઓના ભણતર પર સકારાત્મક પ્રભાર પડશે અને પરીક્ષાના પરિણામ પર પણ અસર જોવા મળશે. જો આમ નહીં થાય તો શિક્ષકની જવાબદારી નક્કી કરવામાં આવશે. અમે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે આવુ કરી રહ્યા છીએ.

## આયુષ્માન ભારત યોજના કૌભાંડ : 1504 હોસ્પિટલોને 122 કરોડનો દંડ ફટકારાયો, 549 હોસ્પિટલ સસ્પેન્ડ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

આયુષ્માન ભારત યોજના દેશભરના અનેક લોકો માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે. આ યોજનામાં ગુજરાત સહિત અનેક રાજ્યોમાંથી અનેક લાભાર્થીઓ જોડાયેલા છે અને તેઓ તેનો બહોળા પ્રમાણમાં લાભ પણ લઈ રહ્યા છે. જોકે છેલ્લા ઘણા મહિનાઓથી આયુષ્માન ભારત યોજનામાં કૌભાંડ આચરાયું હોવાના તેમજ ગેરીતિ કરાઈ હોવાના અહેવાલો સામે આવતા રહ્યા છે, ત્યારે હવે આ મુદ્દો ગૃહમાં ચર્ચાયો છે.



જાધવે રાજ્યસભામાં આયુષ્માન ભારત અંગે મહત્ત્વની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, 'રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા આયુષ્માન ભારત આરોગ્ય વીમા યોજના અંગે આપેલી માહિતી મુજબ, છેતરપિંડી કરનારી સંસ્થાઓ વિરુદ્ધના 643 કરોડ રૂપિયાના 3.56 લાખ ક્લેમ રદ કરવામાં આવ્યા છે, જ્યારે 1114 હોસ્પિટલોને પેનલમાંથી હટાવી દેવામાં આવી છે. તેમણે એક સવાલના લેખીત જવાબમાં કહ્યું કે, 'કાર્યવાહી હેઠળ 1504 દોષિત હોસ્પિટલોને 122 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને 549 હોસ્પિટલો સસ્પેન્ડ કરી દેવાઈ છે.'

#### બોગસ ક્લેમ અટકાવીને 643 કરોડ રૂપિયાની બચત કરાઈ

વાસ્તવમાં હાલ સંસદના બજેટ સત્રના બીજા તબક્કા હેઠળ લોકસભા અને રાજ્યસભામાં ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન આયુષ્માન ભારત યોજના (PMJAY) અંગે પ્રશ્ન પૂછવામાં આવતા કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી પ્રતાપરાવ જાદવે મહત્ત્વની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, 'આયુષ્માન ભારત યોજના હેઠળ આચરાયેલા કૌભાંડ અને ગેરરીતિ મામલે કડક કાર્યવાહી કરવામાં આવી છે. યોજના હેઠળ ખોટી રીતે ક્લેમ કરીને રકમ મેળવવાનો પ્રયાસ કરવા મામલે સમયસર કાર્યવાહી કરીને નુકસાન અટકાવાયું છે. લાખોની સંખ્યાના બોગસ ક્લેમ અટકાવીને 643 કરોડ રૂપિયાની બચત કરવામાં આવી છે. કૌભાંડ અને ગેરરીતિમાં સામેલ 3000થી વધુ હોસ્પિટલો વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે. અનેક હોસ્પિટલોને પેનલમાંથી હાંકી કઢાઈ છે. જ્યારે કેટલીક હોસ્પિટલોને દંડ પણ ફટકારાયો છે.

#### બૃજભૂષણના નજીકના વ્યક્તિનો રહેશે દબદબો

## ભારતીય કુશ્તી મહાસંઘ પરથી પ્રતિબંધ હટાવવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

રમતગમત મંત્રાલયે ભારતીય કુશ્તી મહાસંઘ (WFI)પરથી પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. જેના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો અંત આવ્યો છે અને અમ્માનમાં એશિયન ચેમ્પિયનશિપ માટે પસંદગી ટ્રાયલ સહિત વિવિધ સ્પર્ધાઓ યોજવાનો માર્ગ મોકળો થયો છે. મંત્રાલયે 24 ડિસેમ્બર, 2023 ના રોજ ઓપરેશનલ પ્રવૃત્તિઓમાં ખામીઓને કારણે WFI ને સસ્પેન્ડ કરી દીધું હતું. નવા સંગઠનની રચના ત્રણ દિવસ પહેલા 21 ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી. WFI પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સહાયક સંજય સિંહને ફરી એકવાર દબદબો જોવા મળશે. સંજય સિંહના નેતૃત્વવાળી આ નવી સંસ્થાએ બ્રિજભૂષણ શરણ સિંહના ગઢ ગોંડાના નંદિની નગરમાં અંડર-15 અને અંડર-20 રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ યોજવાની જાહેરાત કરી હતી હતી. જેના કારણે સરકાર નારાજ હતી કેમ કે, ભાજપના પૂર્વ સાંસદ જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહ્યા હતા. મંત્રાલયે તેના આદેશમાં જણાવ્યું હતું કે WFI એ સુધારાત્મક પગલાં લીધાં છે અને તેથી રમત અને ખેલાડીઓના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને મંત્રાલયે પ્રતિબંધ હટાવવાનો નિર્ણય કર્યો છે.

# ઘોઘાની 30 દિવ્યાંગ બહેનોને પગભર કરવા નિ:શુલ્ક સિલાઈ મશીન ટ્રેનીંગ અને સિલાઈ મશીન અર્પણ કરાયા



અમદાવાદ | અંધજન મંડળ અમદાવાદ તેમજ રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે મતી હીનાબેન મુકેશભાઈ ઓઝા અને સી ટ્રેડ શીપીંગ ઈન્ડીયા પ્રા.લી અને સમસારા શીપીંગ કં.પ્રા.લી.મુંબઈના આર્થિક સહયોગથી રામી માળી જ્ઞાતિની વાડી, ઘોઘા ખાતે વિવિધ મહાનુભાવોની હાજરીમાં યોજાયેલ સિલાઈ મશીન ટ્રેનીંગ વર્કશોપ સમાપન સમારંભનો આરંભ તા.૧૧/૦૩/૨૦૨૫ને મંગળવારના રોજ અંકિતાબેન ચૌહાણના શ્લોકગાનથી કરવામાં આવ્યો હતો. મહેમાનોનું શાબ્દિક સ્વાગત શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના માનદમંત્રી શ્રી મહેશભાઈ પાઠકે કર્યું હતું. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોના વરદ હસ્તે ઘોઘા તાલુકાની ૩૦ દિવ્યાંગ બહેનોને ઈલેક્ટ્રિક મોટરથી સજ્જ સિલાઈ મશીન અર્પણ કરવામાં આવ્યા હતા.

# શુક્લતિર્થ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી સહિત કુલ ત્રણ વ્યક્તિઓને રૂ.8000ની લાંચમાં પકડતી ACB ભરૂચ

ભરત શાહ | નર્મદા





શુક્લતીર્થ ગ્રામપંચાયત માં વારસાઈ કરવાવ ગયેલા એક વ્યક્તિ પાસે તલાટી કમ મંત્રી એ લાંચ ની માંગણી કરતા એસીબી એ ત્રણ વ્યક્તિઓ ને ઝડપી ગુનો દાખલ કર્યો છે.

મળતી માહિતી મુજબ આ કેસના ફરીયાદી વારસાઈની કામગીરી અર્થે શુક્લતિર્થ ગ્રામ પંચાયત.માં ઉમેશકુમાર નટવરભાઈ પટેલ, તલાટી કમ મંત્રી, શુક્લતિર્થ ગ્રામ પંચાયત ને મળેલ અને વારસાઈ બાબતેના જરૂરી કાગળો રજુ કરેલ, તેમ છતાં દોઢેક વર્ષથી ધક્કા ખવડાવતા હતા, જેના કામે ફરીયાદી તલાટી કમ મંત્રી ઉમેશભાઇને મળેલ અને વારસાઇનુ કામ કરી આપવા જણાવેલ જેથી તેણે વારસાઈના કામના રૂ.૮,૦૦૦/- થશે, તમે કેનિલભાઈ (વી.સી.ઈ)ને મળી લેજો તેમ જણાવતા ફરી.વી.સી.ઈ રવિરાજસિંહ ઉર્ફે કેનીલ રાજેંદ્રસિંહ પરમાર.ને મળી વારસાઈને કામ લગત વાતચીત કરેલ, પરંતુ તલાટી દ્વારા માંગેલ લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય, ફરીયાદીએ એ.સી.બી.નો સંપર્ક કરી ફરીયાદ જાહેર કરતાં ફરીયાદીની ફરીયાદ આધારે આજરોજ લાંચના છટકાનું આયોજન કરતાં તલાટીની લાંચની માંગણી આધારે તેના વતી રવિરાજસિંહ ઉર્ફે કેનીલ એ ફરીયાદી સાથે વાતચીત કરી લાંચ ની રકમ ચિરાગભાઈ મયુકાંતભાઈ ત્રીવેદી (ખાનગીવ્યક્તિ) ને આપવા જણાવતા તેણે લાંચ સ્વીકારી, ત્રણેય એ એકબીજાની મદદગારી કરી, સ્થળ ઉપર પકડાઈ જઇ ગુનો કરતા ભરૂચ એસીબી ટીમે ત્રણેય વિરોધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હોળી-ધુળેટીનો ઉત્સાહ : બજારમાં ખજુર, ધાણી, દાળિયાની ધૂમ ખરીદી



કિશોર આર.સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે હોળી અને ધુળેટી સાવ નજીક આવતા ની સાથે જ ઉત્સવપ્રિય જાફરાબાદ પંથકના લોકોમાં ઉત્સાહનો માહૌલ છવાઈ ગયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ધાણી, ખજુર, અને દાળિયા ની ધૂમ ખરીદી થઈ રહી છે. લોકો હોળી પહેલાથી જ લોકોમાં ખુશી અને ઉમંગની લહેર જોવા મળી રહી છે. હોલિકા દહન માં ધાણી, દાળિયા, ખજુર, અને સફળ, અને હારડાનુ વિશેષ મહત્વ હોવાથી લોકો બજારમાંથી આ વસ્તુઓની ખરીદી કરતા જોવા મળી રહ્યાં છે. જાફરાબાદ પંથકમાં હારડા, આપવાની અને ખજુર, આપવાની પ્રથા પર પ્રચલિત હોવાથી લોકો અત્યારથી જ તેની ખરીદી કરી રહ્યા છે. પરંપરાગત રીતે હોળી ના તહેવાર દરમ્યાન ખજુર, ધાણી, દાળિયા, પતાસા, અને હારડા ખાવાનું વિશેષ મહત્વ રહેલું છે. આરોગ્ય ની દ્રષ્ટીએ પણ ડોક્ટરો ખજુર, ધાણી અને દાળિયા જેવી વસ્તુઓ ખાવાની સલાહ આપે છે.

### હોળી ધુળેટી અને સબે બારાતના તહેવારોના અનુસંધાને

# જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મિટિંગ યોજાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ ખાતે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત ની સુચના અને માર્ગદર્શન હેઠળ ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મિટિંગ બોલાવવામાં આવીઆજરોજતા/૧૧/૦૩/૨૦૨૫ ના રોજ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર ભાચક્ન સાહેબ તથા પીએસઆઈ પલાસ સાહેબ દ્વારા શાંતિ સમિતિની મિટિંગ બોલાવવામાં આવી સર્વે સમાજના લોકો સાથે આવનાર તહેવાર હોળી ધુળેટી સબે બારાતના તહેવારોના અનુસંધાને અને કાયદો વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ મિટિંગમાં જાફરાબાદ ના તમામ જ્ઞાતિ અને સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ટાઉન પોલીસ ના પીઆઈ ભાચક્ન સાહેબ દ્વારા કહેવામાં આવ્યું હતું કે શાંતિથી ભાઈચારા સાથે તહેવાર ઉજવાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ પણ વ્યક્તિ દ્વારા કોઈ પણ બાબતમાં કાયદો હાથમાં લેવાની અને શાંતિ ડહોળાય તેવું કૃત્ય કરનાર લોકો સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવશે અને કોઈ પણ ચમરબંધી ને છોડવામાં નહીં આવે અને તહેવાર શાંતિ થી ઉજવણી કરવામાં આવે અને જાહેરનામું જળવાઈ રહે તેવી વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### સમાન સિવિલ કોડ સમિતિના સભ્યશ્રી દક્ષેશ ઠાકર અને

# ગીતાબેન શ્રોફની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઇ

રાકેશ મહેતા. ધનસુરા



ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નિમાયેલી સમાન સિવિલ કોડ સમિતિના સભ્ય દક્ષેશ ઠાકર અને ગીતાબેન શ્રોફની અધ્યક્ષતામાં આજરોજ કલેકટર કચેરી અરવલ્લી ખાતે એક બેઠક યોજાઇ હતી. જેમાં પ્રશ્નોતરી ફોર્મ અને સંવાદ પ્રક્રિયા દ્વારા જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકોના મંતવ્યો અને અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. ઉપસ્થિત લોકોએ પોતાના મંતવ્યો અને અભિપ્રાય આપી સમાન સિવિલ કોડ લાગુ કરવાની સરકારની પહેલને આવકારી પોતાના સૂચનો રજૂ કર્યા હતા. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સૂચવશે.

બેઠકમાં સમિતિના સભ્યોએ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે નિમાયેલી સમિતિની રચના અને કાર્ય પદ્ધતિથી સૌને અવગત કર્યા હતા. તેમજ આ મહત્વપૂર્ણ વિષય પર અસર કરતા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત જિલ્લામાં સ્થિત સંસ્થાઓને તા.૨૪ માર્ચ ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં તેમના મંતવ્યો, સૂચનો અને રજૂઆતો મોકલી આપવા અપીલ કરી હતી.

# પુત્રવધુને સસરા દ્વારા હેરાનગતિ થતા મહિલાની મદદે પહોંચી 181 અભયમ નર્મદા

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના એક ગામમાંથી મહિલાનો કોલ આવેલ અને જણાવેલ કે, મને મારા સસરા દ્વારા હેરાનગતિ થાય છે, અલગ રહેતાં હોવા છતાં વ્યસન કરી મારા પતિની ગેરહાજરીમાં અપશબ્દ બોલે છે, તેથી મહિલા રોજના અપમાનથી કંટાળી આખરે સસરાને સમજાવવા માટે 181 નર્મદાની મદદ માંગેલ. ત્યારબાદ 181 ટીમ ઘટના સ્થળ પર પહોંચી બન્ને પક્ષનું કાઉન્સિલગ કરતાં જાણવા મળેલ કે, મદદ માંગનાર મહિલા સસરાના સગા બેનની દીકરી હોય તેથી સબંધમાં મામા - ભાનજી થાય પરંતુ સગા ભાઈ-બહેનના છોકરાઓ હોય બંને પ્રેમ સંબંધમાં હતાં, બંને દીકરા-દીકરીએ મરજીથી ભાગીને પ્રેમ લગ્ન કરેલ અને લગ્નજીવન દરમિયાન બે બાળકો છે. બે વર્ષ પહેલા બધા ભેગા રહેતા પરંતુ અંદર અંદર નાની મોટી વાત પર મામા સાથે ઝઘડા થતાં અલગ થઈ ગયેલ. બાજુ બાજુમાં ઘર હોય જેથી દરરોજ મહિલાના સસરા અપશબ્દ બોલે અને સંભળાવે તેથી મહિલા કંટાળી આખરે સસરાને સમજાવવા માટે 181 ની મદદ માંગેલ. 181 ટીમ નર્મદા દ્વારા બંને પક્ષનું અસરકારક કાઉન્સેલિંગ દ્વારા વિખેરાતા પરિવારને બચાવી બંને વચ્ચે સુમેળ સમાધાન કરવામાં આવેલ.

# દાહોદમાં ખાણી-પીણી, ફાસ્ટફુડ પકોડીની લારીઓમાં તપાસ હાથ ધરવામાં આવી

દિપક રાવલ | દાહોદ લીમખેડા




દાહોદ જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ખોરાક વિભાગ દ્વારા ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી વી.ડી રાણાની સુચના અનુસાર જિલ્લાના ફુડ સેફટી ઓફિસરો તેમજ નગરપાલીકાના ફુડ સેફટી ઓફિસર દ્વારા દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ભગીની સમાજની બાજુમાં તેમજ નેહરૂ બાગની આજુ બાજુ આવેલ ખાણી-પીણી, ફાસ્ટફુડ પકોડીની લારીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન લારીઓ FSSAIનું લાયસન્સ/ રજીસ્ટ્રેશન ધરાવે છે કે નહી તેની તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ લારીઓમાં સાફ સફાઇ, રો મટીરીયલની તપાસ કરેલ આવી કુલ ૧૪ લારીઓની તપાસ પણ કરવામાં આવી હતી. આ દરમ્યાન લગભગ ૧૪ જેટલી લારીઓમાંથી કુલ-૦૩ લારી પાસે FSSAIનું રજીસ્ટ્રેશન કરેલ ન જણાતા આ ત્રણેય લારીઓમાં સાફ સફાઈનો અભાવ જોવા મળ્યો હતો. ખોરકમાં વાપરવામાં આવતા શાકભાજીની ગુણવતા યોગ્ય જણાઈ આવેલ નહી તેમજ તૈયાર ખાધ-ચીજ અને રો-મટીરીયલ ને યોગ્ય રીતે ઢાંકવવામાં આવેલ ન હોવાથી તેમજ ખાધ-ચીજ કે અન્ય વેસ્ટને યોગ્ય રીતે ડસ્ટબીનમાં નિકાલ કરેલ નથી. રો-મટીરીયલ ની ખરીદી યોગ્ય ઉત્પાદક પેઢી/ડીસ્ટ્રીબ્યુટર પેઢી ની પાસેથી ખરીદ કરવામાં આવેલ નથી.

# દાહોદમાં ધો. 10ની પરીક્ષાના અંતિમ દિવસે એસ. સી. મોદી હાઇસ્કુલમાં વિદ્યાર્થીને એટેક આવતા હોસ્પિટલમાં દાખલ કરાયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા



આજરોજ ધોરણ ૧૦ ની પરીક્ષાના અંતિમ દિવસે એસ. સી. મોદી હાઈસ્કુલ કુવા યુનિટ ૧ માં એક વિદ્યાર્થીને ચાલુ પરીક્ષા દરમ્યાન છેલ્લી ૨૦ મિનીટ બાકી હતી તે દરમ્યાન જ હૃદય રોગનો હુમલો આવ્યો હતો. પરીક્ષા સમય પૂર્ણ થવામાં 20 મિનિટ બાકી હતી ત્યારે આ ઘટના બની જે ઘટના અંગે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી, એ સાથે ઝોનમાં પણ શ્રી ડાંગી સાહેબને જાણ કરવામાં આવી હતી.

આ સમાચાર મળતાની સાથે જ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી એસ.એલ. દામા તાત્કાલિક પણે દેવગઢ બારિયા સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. એમણે બાળકની ખબર અંતર પૂછી હતી તેમજ મદદની પણ ખાતરી આપી હતી. વિદ્યાર્થીએ કહ્યું હતું કે, આવા નિષ્ઠાવાન પરોપકારી અને સેવાભાવી જિલ્લા શિક્ષણ અધિકારી સાહેબ આપણને મળ્યા છે તે બદલ હું દાહોદ જિલ્લાને નસીબદાર માનું છું.

### દામનગર સામુહીક આરોગ્ય કેન્દ્ર

# મહીનામાં ચાર વખત ડોક્ટરની બદલી થતા ડોકટર વિહોણું આરોગ્ય કેન્દ્ર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દામનગર દવાખાના મા લોકો દ્વારા જાણવામાં આવ્યું છે મહીનામાં ચાર વખત ડોક્ટર બદલતા રહે છે તેન વારમ વાર દવા પણ બદલાઈ છે તેથી લોકોને દવા લાગુ પડી હોય તેમાં ફેરફાર થાઈ છે તેથી નાના વર્ગ ના લોકોને બહારની દવા લેવી ફરજ પડી જાય છે. હાલ જનતા ની એવી માગ છે કે સામુહીક કેન્દ્ર મા કાયમીક ડોક્ટર ની નિમણુક થાઇ દવાખાના મા સ્ટાફ ની કામગીરી સારી હોય પણ વારમ વાર ડોક્ટરની બદલી ન થાઈ એવી જનતા લોકો ની માગ કરાઈ રહી છે તો ધારાસભ્ય જનકભાઈ તળાવયા તેમજ લગતા વળગતા આરોગ્ય વિભાગ ધ્યાન આપી જનતાની માગ મુજબ ડોક્ટરની હંગામી ધોરણે તાત્કાલિક નિમણૂક કરવામાં આવે તેવી બગસરાની જનતા માંથી માંગ ઉઠી છે. આ બાબતે પદાધિકારીઓ ધ્યાન ઉપર લઇ ડો. વિહોણું હોસ્પિટલમાં ડો. મુકાવે અને દર્દી નારાયણને પડતી મુશ્કેલીનો અંત લાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

### પરિવાર માટે હોળીનો તહેવાર માતમમાં ફેરવાયો

# મહીસાગર જિલ્લામાં ડમ્પર ચાલકો બેફામ બનતા નિર્દોષે જીવ ગુમાવ્યો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ખાનપુરતાલુકાના પાંડરવાળા ગામ પાસે બેફામ બનેલા ડમ્પર ચાલે કે વાહન ચાલકને કચડી નાખતા ભારે અરેરાટી પ્રસરી જવા પામી હતી. અને ઘટના સ્થળે લોક ટોળા ઉમટી પડ્યા હતા. હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ગ્રામીણ વિસ્તારમાંથી જનતા ખરીદી કરવા માટે એકબીજા સ્થળે જતી આવતી હોય છે ત્યારે ઘણી વખત રોડ ઉપર બેફામ રીતે હંકાળવામાં આવી રહેલા વાહનોથી અકસ્માત પણ સર્જાવા પામી રહ્યો છે ત્યારે આવી જ એક ઘટના ખાનપુર તાલુકાના પાંડર વાળા ગામ પાસે બનવા પામી છે રોડ ઉપર બેફામ બનેલા ડમ્પર ચાલાકી એક વાહન ચાલકનો ભોગ લીધો છે બાબરીયા રાજસ્થાન હાઈવે ઉપર બાઈક ચાલકને ડમ્પર ચાલક ને ડમ્પર ચાલકે કચડી નાખતો બાઈક ચાલકનું મોત નીપજ્યું છે. ચાલકનું મોત થતા પરિવાર માટે હોળીનો તહેવાર માતમ માં ફેરવાઈ જવા પામ્યો છે. બાકોર પોલીસે સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી.

# લીમખેડા તાલુકાના લાયઝન અધિકારી ડૉ.ભાવના પલાસને BEST LECTURER તરીકે સન્માનિત કરાયા



દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકાના લાયઝન અધિકારી ડૉ. ભાવનાબેન પલાસ ને International women's Day Celebration-2025 નિમિત્તે BEST LECTURER તરીકે સન્માનિત કરવામાં આવ્યા. 8 મી માર્ચ ગરિમા ફાઉન્ડેશન વડોદરા દ્વારા આયોજિત વિશ્વ મહિલા દિન નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ ડાયટનાં વ્યાખ્યાતા ડૉ.ભાવનાબેન પલાસને International women's Day Celebration-2025 નિમિત્તે ' BEST LECTURER' તરીકે શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ દાહોદ જિલ્લામાંથી ટ્રોફી આપીને એવોર્ડથી સન્માનિત કરવામાં આવતાં સમગ્ર દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# રેલ્વે ભારત ગૌરવ એસી પ્રવાસી ટ્રેન દ્વારા "જૈન યાત્રા"નું સંચાલન કરશે

અમદાવાદ | તા.11

બહુપ્રતિક્ષિત ટ્રેન પ્રવાસ 'જૈન યાત્રા' સોમવાર 31મી માર્ચ 2025 ના રોજ બાંદ્રા ટર્મિનસ (મુંબઈ) રેલ્વે સ્ટેશનથી 08 રાત/09 દિવસની મુસાફરી માટે પ્રસ્થાન કરવા માટે તૈયાર છે.

ભારતીય રેલ્વે ભારત સરકારના દેખો અપના દેશ અને એક ભારત શ્રેષ્ઠ ભારતના વિઝનને પ્રોત્સાહન આપવા માટે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ચલાવવાની પહેલ કરી છે.

IRCTCની વિશેષ યાત્રા "જૈન યાત્રા" પાવાપુરી - કુંડલપુર - ગુનિયાજી - લાચુઆર - રાજગીર - પારસનાથ - રુજુવાલિકા - સંમેદ શિખરજીને આવરી લેશે.

## 3AC ક્લાસ AC પ્રવાસી ટ્રેનમાં કુલ 750 પ્રવાસીઓ મુસાફરી કરશે.

પ્રવાસીઓ બાંદ્રા ટર્મિનસ - બોરીવલી - વાપી - વલસાડ - ભેસ્તાન (સુરત) - ભુસાવલ-ઈટરાસી-જબલપુર-સતના રેલ્વે સ્ટેશન પર પણ આ પ્રવાસી ટ્રેનમાં બેસી/ડીબોર્ડ કરી શકે છે.

IRCTC ભારત સરકાર એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશની પહેલ મુજબ આ ખાસ પ્રવાસી દેશમાં સ્થાનિક પ્રવાસનને વેગ આપતું ટ્રેન પેકેજ શરૂ કરી રહ્યું છે.

ભારતીય રેલ્વે દ્વારા સંચાલિત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન પરનું જૈન યાત્રા પ્રવાસ પેકેજ અગ્રણી આધ્યાત્મિક પ્રવાસ પેકેજોમાંનું એક છે. જૈન યાત્રાની ધાર્મિક યાત્રા 08 રાત અને 09 દિવસની છે અને તે લગભગ 4500 કિમીની કુલ યાત્રાને આવરી લેશે. તે પ્રવાસીઓને જીવનના મહત્વપૂર્ણ સ્થળોને આવરી લેતા જૈન પ્રવાસ પર લઈ જશે. સમગ્ર યાત્રા દરમિયાન ભોજન અને અન્ય સુવિધાઓ જૈન પ્રણાલી મુજબ રહેશે.

IRCTC તેની વિશેષ અને સંપૂર્ણ 3AC એર કન્ડિશન્ડ ટૂરિસ્ટ ટ્રેનનો લાભ લેવા જૈન યાત્રાના ભક્તોનું સ્વાગત કરે છે. સુંદર LHB ટ્રેનમાં આધુનિક પેન્ટ્રી કાર જેવી ઘણી આકર્ષક સુવિધાઓ છે કોચમાં અદ્યતન સુરક્ષા સુવિધાઓ, સીસીટીવી કેમેરા, જાહેરાત સિસ્ટમ અને સુરક્ષા ગાર્ડ્સ હશે.

IRCTC એ વ્યક્તિ દીઠ આકર્ષક કિંમતે તમામ સમાવેશી પેકેજો લોન્ચ કર્યા છે. 24,930/- રાખવામાં આવેલ છે.

ટૂર પેકેજમાં 3 એસી ક્લાસમાં આરામદાયક ટ્રેનની મુસાફરી, ડબલ/ટ્રિપલ/ક્વોડ શેર પર ધર્મશાળા/બજેટ હોટેલ્સમાં 03 રાત્રિ રોકાણ, તમામ ભોજન (ઓનબોર્ડ અને ઑફબોર્ડ): સવારની ચા, નાસ્તો, લંચ, ચા/કોફી અને રાત્રિભોજનનો સમાવેશ થાય છે. ખોરાકનો સમાવેશ થાય છે. (ફક્ત જૈન ભોજનમાં) તમામ ટ્રાન્સફર અને સાઈટસીઈંગ, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ અને IRCTC ટુર મેનેજરની સેવાઓ વગેરે એસી વાહનોમાં ઉપલબ્ધ હશે.

### અમરેલી |વહીવટી તંત્ર અને બેટી બચાવો બેટી પઢાઓ

# સેલ દ્વારા 'મિશન ખાખી' અન્વયે માર્ગદર્શન સેમિનાર યોજાયો



કિશોર આર.સોલંકી | જાફરાબાદ

અમરેલી શહેર અને જિલ્લામાં પોલીસ ભરતીની તૈયારી કરતી વિદ્યાર્થિનિઓને માર્ગદર્શન મળે તેવા હેતુથી અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને બેટી બચાવો બેટી પઢાઓ અમરેલી સેલ દ્વારા 'મિશન ખાખી' માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા આયોજિત આ સેમિનારમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત અને એસ.સી.-એસ.ટી સેલના નાયબ પોલીસ અધિક્ષકશ્રી શ્રી નયના ગોરડીયા દ્વારા વિદ્યાર્થિનિઓને પોલીસ ભરતી અને તે માટે તૈયારી કરતી વખતે ધ્યાન રાખવાની બાબતો વિશે વિગતો જણાવી માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતે, તૈયારી પૂર્વે તૈયારીલક્ષી વાંચન માટે સમયપત્રક બનાવવું, પરીક્ષાના અભ્યાસક્રમ મુજબ જ વાંચન કરવા જણાવ્યું. શિસ્ત અને અનુશાસનથી સફળતા મળીને જ રહે છે તેમ તેમણે જણાવ્યુ હતુ.

### દાહોદ |સાલાપાડામાં SSE INDIA દ્વારા આયોજીત અને

# યુનિસેફના સહયોગથી એસ્પાયર પ્રોગ્રામ અંતર્ગત ટ્રેનીંગ યોજાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ તાલુકાના સાલાપાડા ગામમાં SSE INDIA દ્વારા આયોજીત અને યુનિસેફના સહયોગથી એસ્પાયર પ્રોગ્રામ અંતર્ગત ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરેશભાઈ, શાળાના આચાર્યશ્રી રણજિતભાઈ, શિક્ષક ગણ, ક્રિષ્નાબેન, ધવલભાઈ હાજર રહ્યા હતા. આ નિમિતે પરેશભાઈ દ્વારા કિશોરીઓને આરોગ્ય અંગેની વિસ્તાર પૂર્વક માહિતી આપવામાં આવી હતી. જેમાં, હેલ્થ & હાયજીન, માસિક સ્વચ્છતા, સેનેટરી પેડ, હિમોગ્લોબીન, આયર્ન, ફોલિક એસિડ દવા, જંક ફૂડ, લોહીની ઉણપ, લોહીની માત્રા, શારીરિક વિકાસ, માનસિક વિકાસ, ભાવનાત્મક વિચાર, કેરિયર રિલેટેડ ગેમ, પોષણ ગેમ, હોમ રેમીડી તેમજ એનિમિયા જેવા મહત્વના વિષયો પર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ક્રિષ્નાબેન દ્વારા વિવિધ યોજનાઓ અને એસાપાયર પ્રોગ્રામ બાલિકા પંચાયતની કામગીરીની ચર્ચા - વિચારના કરવામાં આવી હતી.

### બગસરા પંથકમાં ફરી વન્ય પ્રાણીનો આંતક

# હડાળા ગામે એક ગાયનું મારણ કરતા ખેડૂતોમાં ભયનો માહોલ

અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા તાલુકાના હડાળા ગામે રાત્રિના સમયે વન્ય પ્રાણીઓ અચાનક આવી પડીને એક ગાયનું મરણ કર્યુ હાલ ખેડૂતોને ઘઉં ચણા સહિત રવિ પાક લેવાનુ ચાલુ હોય તેવા સમય વન્યપ્રાણીએ ફરી દેખા દેતા લોકોને પાડી ખેતરે જવામાં પણ ભય ફેલાયો છે બગસરાના હડાળા ગામે માવજીજવા જવાના રોડ પર રહેતા ભરવાડ રમેશભાઈ સરવૈયાની ગાયનું મારણ કર્યુ વાડામાં અચાનક સિંહ ટાટકીયા અને એક ગાયનું મારણ કર્યુ ગાયના માલિકે વન વિભાગને જાણ કરતા વન વિભાગ અધિકારી ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે ત્યારે ગાયના માલિકે વન વિભાગ વળતર આપે તેવી માંગ કરાઈ છે.


# દાહોદમાં ધો. 10ની પરીક્ષાના અંતિમ દિવસે એસ. સી. મોદી હાઇસ્કુલમાં વિદ્યાર્થીને એટેક આવતા હોસ્પિટલમાં દાખલ કરાયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા



આજરોજ ધોરણ ૧૦ ની પરીક્ષાના અંતિમ દિવસે એસ. સી. મોદી હાઈસ્કુલ કુવા યુનિટ ૧ માં એક વિદ્યાર્થીને ચાલુ પરીક્ષા દરમ્યાન છેલ્લી ૨૦ મિનીટ બાકી હતી તે દરમ્યાન જ હૃદય રોગનો હુમલો આવ્યો હતો. પરીક્ષા સમય પૂર્ણ થવામાં 20 મિનિટ બાકી હતી ત્યારે આ ઘટના બની જે ઘટના અંગે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી, એ સાથે ઝોનમાં પણ શ્રી ડાંગી સાહેબને જાણ કરવામાં આવી હતી.

આ સમાચાર મળતાની સાથે જ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી એસ.એલ. દામા તાત્કાલિક પણે દેવગઢ બારિયા સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. એમણે બાળકની ખબર અંતર પૂછી હતી તેમજ મદદની પણ ખાતરી આપી હતી. વિદ્યાર્થીએ કહ્યું હતું કે, આવા નિષ્ઠાવાન પરોપકારી અને સેવાભાવી જિલ્લા શિક્ષણ અધિકારી સાહેબ આપણને મળ્યા છે તે બદલ હું દાહોદ જિલ્લાને નસીબદાર માનું છું.


### લુણાવાડાના પરીક્ષા કેન્દ્ર ઉપર ધોરણ 12 ના

# એક પરીક્ષાર્થી માટે 15 ના સ્ટાફની ફાળવણી કરવામાં આવી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લુણાવાડા ની આદર્શ વિદ્યાલયમાં માત્રને માત્ર એક જ વિદ્યાર્થી માટે 15 ના સ્ટાફની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાથી પરીક્ષા આપવા જ આવ્યો ન હતો જ્યારે બીજી બાજુ ફાળવેલ તમામ કર્મચારી સ્ટાફ પરીક્ષાર્થીની કાગડોળે રાહ જોઈને બેસી રહ્યા હતા. લુણાવાડા આદર્શ વિદ્યાલયમાં પરીક્ષા કેન્દ્ર વિજ્ઞાન પ્રવાહ ધોરણ 12 ની ઓપ્શનલ વિષય કોમ્પ્યુટર ના પેપરમાં સિર્ફ એક જ વિદ્યાર્થી પરીક્ષારથી તરીકે બેસવાનો હતો જેના લઈને પરીક્ષા કેન્દ્ર ઉપર પરીક્ષાર્થી માટે 15 નું સ્ટાફ ફાળવી દેવામાં આવ્યો હતો. બોર્ડ દ્વારા આ એક જ પરીક્ષાથી માટે તમામ તૈયારી કરી દીધી હતી.


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# 19 જિલ્લામાં હવામાન ખાતાની ગંભીર ચેતવણી

# 5 જિલ્લામાં વોર્મ નાઇટનું એલર્ટ...

ગુજરાત | આ વર્ષે ગુજરાતમાં માર્ચ મહિનાથી જ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગે આજે( 11 માર્ચ, 2025 ) સુરત, રાજકોટ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને પોરબંદર એમ 7 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બોટાદ અને ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ છે. જ્યારે 12 માર્ચે કચ્છ, બનાસકાંઠા, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ -સુરતમાં ઓરેન્જ એલર્ટ છે.


## કેમ સૂર્યના સીધા કિરણો દઝાડી રહ્યા છે?

આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર ગુજરાત પર હાલમાં ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે. આગામી 48 કલાક દરમિયાન રાજ્ય ઉપર કોઈપણ પ્રકારની સિસ્ટમની અસર વર્તાશે નહીં, તેથી સૂર્યના સીધા કિરણો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે તાપમાનનું પ્રમાણ વધ્યું છે.

48 કલાક બાદ વેસ્ટન ડિસ્ટર્બન્સની અસરને કારણે મહત્તમ અને લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવી શકે છે. જેથી ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. પરંતુ આગામી 48 કલાક દરમિયાન અનેક જિલ્લાઓનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચશે તથા હીટ વેવની અતિશય ગંભીર અસરો વર્તાશે.

હવામાન વિભાગના આંકડા મુજબ, ગત વર્ષે સૂકા પવનોની અસરથી 26 માર્ચે અમદાવાદમાં પ્રથમવાર ગરમીનો પારો 39.9 ડિગ્રીએ પહોંચ્યો હતો. પરંતુ, આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને એન્ટિ સાઈક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમને કારણે માર્ચના પ્રથમ અઠવાડિયાથી જ શહેરના મહત્તમ તાપમાન ઊંચકાયું છે. એન્ટિ સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી શહેરમાં હીટવેવ છે. સોમવારે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 6.2 ડિગ્રી વધી 40.4 નોંધાયું હતું.

શહેરમાં વહેલી સવારે પવનો ચાલુ રહેતાં સવારથી બપોરના 12.00 વાગ્યા સુધી લોકોએ ગરમીથી રાહત મેળવી હતી. પરંતુ, બપોર પછી પવનની ગતિ ઘટી ગઈ હતી. લોકોએ બપોરથી સાંજ સુધી કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો.




## મનપાનો હીટ એક્શન પ્લાન તૈયાર, 11થી સાંજે 5 સુધી ટ્રાફિક સિગ્નલ બંધ રહેશે

- બીઆરટીએસ, એએમટીએસમાં પાણી, ઓઆરએસ કરાશે, ડ્રાઈવર કંડક્ટર પાસે પણ ઓઆરએસ ઉપલબ્ધ હશે.
- મોટા ડેપો પર ગ્રીન નેટ, કુલર, પંખાની સુવિધા ઉપલબ્ધ હશે.
- શાળાઓમાં વિશેષ રીતે પાણી પીવા માટે દોઢ કલાકે બેલ વગાડાશે, રેડ એલર્ટ દરમ્યાન શાળાના સમય બદલાશે
- બગીચા સવારના 6થી રાત્રે 11 સુધી ખુલ્લા રહેશે
- ચારરસ્તા પર ગ્રીન નેટ બંધાશે
- AMC સંચાલિત જનરલ હોસ્પિટલ તેમજ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે ગરમીને લગતી બીમારી તેમજ હીટ સ્ટ્રોકના કેસોને પહોંચી વળવા અલાયદી વ્યવસ્થા
- ટ્રાફિક જંક્શન પર ગ્રીન નેટ બંધાશે, 11થી 5 દરમિયાન ટ્રાફિક સિગ્નલ બંધ રહેશે
- તમામ અર્બન હેલ્થ સેન્ટર તેમજ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે ઓ.આર.એસ. સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે. તેમજ આંગણવાડી સેન્ટર પર ઓ.આર.એસ. ઉપલબ્ધ
- જુદી જુદી સામાજિક સંસ્થાના સહયોગથી તમામ ઝોનમાં પાણીની પરબો શરૂ કરાશે.

## હવામાન નિષ્ણાતે કહ્યું હતું- 'આ વર્ષે ગરમી બધા રેકોર્ડ તોડશે'

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, 9 માર્ચ, 2025થી લઈને 13 માર્ચ, 2025 દરમિયાન રાજ્યની અંદર પવનની દિશા, ગતિ અને ઊંચા તાપમાનનો સામનો આપણે કરવો પડશે. છેલ્લા એક અઠવાડિયાથી પવનની જે સ્પીડ છે તે 9 કિ.મી. પ્રતિકલાકથી લઈને 13 કિ.મી. પ્રતિકલાક છે.

જોકે, 11 માર્ચ, 2025થી પવનની સ્પીડમાં સામાન્ય વધારો થઈ શકે છે. પવનની સ્પીડ 18 કિ.મી. પ્રતિકલાકથી લઈને 22 કિ.મી. પ્રતિકલાક સુધી પહોંચી શકે. ખાસ કરીને પવનો હવે ઉત્તર-પશ્ચિમ દિશામાં ફૂંકાશે.

# 6 મહિના યાતનાઓ વેઠી US પહોંચ્યો ને પકડાયો

## 35 લાખ લઈ સુરતના યુવકને ગેરકાયદે મોકલનારા બે એજન્ટ સામે FIR; બંદી બનાવી ખતરનાક જંગલો પાર કરાવ્યાં

સુરત | અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધા બાદ ગેરકાયદે રહેતા લોકોને દેશનિકાલ કરવાના આદેશ કર્યા હતા. જે અંતર્ગત અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને પણ બંદી બનાવી ડિપોર્ટ કર્યા હતા. આ ડિપોર્ટ કરાયેલા ભારતીયો પૈકી સુરતના ડિંડોલીમાં રહેતો યુવક ઠગબાજ એજન્ટોનો ભોગ બન્યો હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી છે.

બે એજન્ટે યુએસએ રહેવા, જમવા અને કામ અપાવવાના બહાને 35 લાખ પડાવી લીધા બાદ ગેરકાયદે રસ્તેથી અમેરિકા ઘૂસણખોરી કરાવી હતી. છ મહિના ગુયાના, બ્રાઝિલ, પેરુ, કોલંબિયા, પનામા, મેક્સિકોના ખતરનાક જંગલોવાળા રસ્તેથી યાતનાઓ આપી ટીકાતે બોર્ડરથી અમેરિકા પ્રવેશ કરાવ્યો હતો. છ મહિના યાતના વેઠ્યાં બાદ અમેરિકા પહોંચતા જ અમેરિકન પોલીસે યુવકને પકડી 14 દિવસ કબજામાં રાખ્યા બાદ ભારત ડિપોર્ટ કરી દીધો હતો. આ મામલે હરિયાણામાં ફરિયાદ નોંધાયા બાદ તેને સુરત ટ્રાન્સફર કરવામાં આવતા ક્રાઈમ બ્રાંચમાં એજન્ટો સામે ગુનો નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે, ડિંડોલીમાં રામીપાર્ક સોસાયટીમાં રહેતો 36 વર્ષીય પંકજ રાવત રામેશ્વરદાસ સચિનની કંપનીમાં નોકરી કરતો હતો. તે હાલ હરિયાણાના પાણીપતમાં રહે છે. પંકજને અમેરિકા જવાની ઈચ્છા હતી. જાન્યુઆરી 2024માં સચિન, હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, રોડ નં.17 ખાતે તેમની મુલાકાત સચિન વિસ્તારમાં રહેતા અબ્દુલ અને પ્રદીપ સાથે થઈ હતી. બંનેએ એજન્ટ તરીકે પોતાની ઓળખ આપી અનેક લોકોને યુએસએ મોકલ્યા હોવાની વાત કરી હતી. અમેરિકામાં રહેવા, જમવા અને કામ અપાવવાની પણ તેઓએ ખાતરી આપી હતી.

લાલચમાં આવી પંકજભાઈએ બંને એજન્ટ પર ભરોસો મૂક્યો હતો. USA રહેવા, જમવા અને કામ અપાવવા પેટે બંનેએ 35 લાખ માંગ્યા હતા. પંકજભાઈએ 20 લાખ અબ્દુલને સચિન ખાતે આપ્યા હતા.




### USAમાં પ્રવેશ કરતા જ પોલીસે પંકજને પકડી પાડ્યો

પનામા સિટીમાં ડોંકરે 10 દિવસ રાખી માર માર્યો હતો, ત્યારબાદ પંકજને કોસ્ટારિકા મોકલ્યો હતો. ત્યાંથી બસ દ્વારા હોંડરસ અને હોંડરસથી નિકારગુઆ થઈ ગ્વાટેમાલા મોકલ્યો હતો. ગ્વાટેમાલા 15 દિવસ રોકી રાખી ત્યાંથી મેક્સિકો સિટી મોકલ્યો હતો. જ્યાં એક હોટલમાં રાખી ટેક્સીમાં હેરમનસીલો મોકલ્યો હતો. જ્યાં અબ્દુલના ડોંકરે 15 દિવસ પોતાના ઘરે રાખી 1 ફેબ્રુઆરી 2025ના રોજ ટીકાતે બોર્ડરથી યુએસએમાં પ્રવેશ કરાવ્યો હતો. યુએસએ પહોંચતા જ અમેરિકાની પોલીસે તેને પકડી પાડ્યો હતો. ત્યારબાદ 14 દિવસ એરેસ્ટ કરી યુએસએથી મિલિટરીના જહાજમાં ભારત ડિપોર્ટ કર્યા હતા.

### પંકજને 25 દિવસ બંદી બનાવી એક મકાનમાં રાખ્યો

ગુયાનાથી ટેક્સીમાં ખતરનાક જંગલોના રસ્તે બ્રાઝિલ મોકલ્યા હતા. બ્રાઝિલમાં 10 દિવસ રહ્યા બાદ અબ્દુલના ડોંકરે પંકજને બ્રાઝિલથી બસ મારફતે પેરુ મોકલ્યો હતો. પેરુથી ટેક્સી દ્વારા ઈક્વાડોર મોકલ્યો હતો.

ઈક્વાડોરમાં અબ્દુલના ડોંકરે પંકજને પચ્ચીસેક દિવસ બંદી બનાવી રાખી કોલંબિયામાં મોન્ટેરિયાના એક મકાનમાં અબ્દુલ અને પ્રદીપના ડોંકરે પ્રકાશને ચારેક મહિના રાખ્યો હતો. શંકા જતા રૂપિયા પરત માંગતા તેઓએ રૂપિયા આપવાનો ઈન્કાર કરી વિદેશમાં મારી નાખવાની પણ ધમકી આપી હતી. ભારે આજીજી બાદ ડોંકર દ્વારા પ્રકાશને પનામાનાં જંગલોમાં મોકલી અપાયો હતો.

# પાલિકાની બેદરકારી:રાજેન્દ્ર પાર્કનું 2.28 કરોડના ખર્ચે નિર્માણકાર્ય ટલ્લે



ગાંધીધામ | સરકારની અમૃત યોજના હેઠળ 2.28 કરોડના ખર્ચે નાની જગ્યામાં જંગી ખર્ચ સાથેના આદિપુરના રાજેન્દ્ર પાર્ક બગીચો બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. કોન્ટ્રાક્ટર એજન્સી એ બગીચામાં ખોદકામ કર્યું છે, અને જુના સાધનો અલગ કર્યા છે. પેવર બ્લોક પણ બીછાવ્યા છે, ત્યાર પછી કોઈ કારણોસર કામ 6 મહિનાથી બંધ અવસ્થામાં છે. તત્કાલીન સમયના ચીફ ઓફિસર અને હાલના મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર બગીચાની મુલાકાત લઈ આવ્યા છે, ત્યાર પછી પણ કામ બંધ અવસ્થામાં જ છે. જેના પગલે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે એક તરફ નાની જગ્યામાં જંગી ખર્ચ તો બીજી તરફ સરદાર વલ્લભભાઈ પટેલ વિશાળ બગીચો છે, તે ખાસું એવું ડેવલપમેન્ટ માંગે છે. પણ તેમાં 50 લાખ રૂપિયા ના ખર્ચે એક ભાગમાં જ ડેવલોપમેન્ટ કરવાનું છે અને તેની કામગીરી પણ ચાલુ છે.

# હોળી-ધુળેટી પહેલાં વાંકાનેરમાં દારૂની રેડ

## વીડી જાંબુડીયા પાસેથી એક લાખનો દારૂ અને 3 લાખની કાર સાથે એક શખ્સ ઝડપાયો...



મોરબી | વાંકાનેર તાલુકા પોલીસે હોળી-ધુળેટીના તહેવાર પહેલાં મોટી કામગીરી કરી છે. વીડી જાંબુડીયા ગામના બોર્ડ નજીક પોલીસે દારૂની રેડ દરમિયાન વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર પકડી પાડી છે.

પોલીસે કારમાંથી 168 બોટલ દારૂ જપ્ત કર્યો છે. આ દારૂની કિંમત 1,01,556 રૂપિયા છે. કાર નંબર GJ-1-KU-9080ની કિંમત 3 લાખ રૂપિયા છે. કુલ 4,01,556 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

નાયબ પોલીસ અધિક્ષક એસ. એચ.સારડાની સૂચના મુજબ પોલીસ દારૂની બદીને ડામવા કામગીરી કરી રહી છે. તાલુકા પોલીસ સ્ટેશનના કિર્તિસિંહ જાડેજા અને અજયસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે આ કામગીરી કરવામાં આવી હતી.

પોલીસે સમદેવસિંહ ગજુભા ઝાલા (36, રહે. રાયસંગપર, મુળી, સુરેન્દ્રનગર)ની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો મંગાવનાર વિશાલ ગોરધનભાઈ કોળી (રહે. વરડુસર, વાંકાનેર) હાજર મળ્યો ન હતો. બંને આરોપીઓ સામે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી તાલુકા PI ડી.વી.ખરાડીની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

## ભૂવાનું અર્ધ મુંડન કરી મોઢામાં ચંપલ મુકાવી માફી મંગાવી...

# સુરતમાં વિધિના બહાને પિતરાઈ ભાઈની પત્ની પર તેના જ ઘરમાં દુષ્કર્મ આચર્યું; ધારીના ભૂવાની ધરપકડ

સુરત | સુરતના કાપોદ્રામાં પિતરાઈ ભાઈના ઘરે મહેમાન બનીને આવેલા અમરેલીના ધારીના ભૂવા ભરત કુંજડિયાએ વિધિના બહાને પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યાની ઘટનાથી રોષ ફાટી નીકળ્યો હતો. સુરત અને ધારીમાં આ ભૂવા માટે જનાક્રોશ જોવા મળી રહ્યો છે, જેના પગલે ફરાર થઈ ગયેલો ભૂવો વતન જતા લોકોએ તેને પકડીને અર્ધ મુંડન કરી મોઢામાં ચંપલ મુકાવી માફી મંગાવી હતી. જાન્યુઆરીમાં બનેલી હિચકારી ઘટના અંગે કાપોદ્રા પોલીસે ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ અમરેલી પોલીસની એક ટીમને રવાના કરી આ ભૂવાને પકડી પાડવામાં આવ્યો છે.

કાપોદ્રા વિસ્તારમાં રહેતી 42 વર્ષીય પરિણીતાને ત્યાં અવારનવાર અમરેલીના ધારીના નવા ચરખા ગામે રહેતો ફઈજીનો દીકરો એવો ભૂવો ભરત કડવા કુંજડિયા આવતો જતો હતો. આ ભૂવો આ પરિવારનો સંબંધી જ થતો હોવાથી સુરતમાં કોઈ વ્યક્તિને ત્યાં વિધિ કરવા આવવાનું થાય ત્યારે અહીં પણ આવતો અને રોકાતો હતો. ગત 19મી જાન્યુઆરીએ આ ભૂવો વિધિ માટે આવ્યો હતો. તેની સાથે તેમના સેવક તરીકે તેમનો પુત્ર ધ્રૂવ અને સંબંધી અતુલ પણ આવ્યા હતા. થોડાક સમય રોકાયા બાદ યજમાનને ત્યાં વિધિમાં ગયા બાદ 21મીએ પરિણીતાના પતિને બોલાવી એક સંબંધીને ત્યાં લઈ ગયો હતો.

રાત્રે આ પરિણીતાના ઘરે જ ભૂવો રોકાઈ ગયો હતો. તે વખતે તમારું ભાગ્ય જાગી ગયું છે, કહી વિધિના બહાને આ દંપતીને એક રૂમમાં લઈ ગયો હતો. અહીં બંનેને નગ્ન કરી વિધિનું નાટક કરી પતિને રૂમની બહાર મોકલી દીધો હતો. પરિણીતા એકલી રહી ત્યારે ભૂવાએ પોતાનો અસલી ચહેરો બતાવ્યો હતો. 'પોતાને જાગૃત કરી અંદર પ્રવેશ કરાવ, હું તને કશું થવા નહિ દઉં' તેમ કહી દુષ્કર્મ આચર્યું હતું. પરિણીતાએ પોતાની સાથે થયેલા બળાત્કારને લઈ સોમવારે(10 માર્ચ) રાત્રે કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં જ ભૂવો ફરાર થઈ ગયો હતો.



### મિટિંગમાં બળાત્કાર કર્યાનું સ્વીકાર્યું

ભૂવાએ જે રીતે વિધિના બહાને દુષ્કર્મ આચર્યું હતું, તેનાથી ધારી અને સુરતના સમાજમાં રોષ ફાટી નીકળ્યો હતો. વિધિના બહાને પરિણીતાને પીંખી નાખ્યા બાદ સુરતથી ભાગી છૂટેલા ભૂવાએ 7મી માર્ચે સીમાડા ગામે મદદ ફાઉન્ડેશનમાં મળેલી સમાજની મિટિંગમાં પોતે બળાત્કાર કર્યાનું સ્વીકાર્યું હતું. ભૂવો વતન અમરેલીના ગામ પહોંચતાં લોકો એટલી હદે રોષે ભરાયા હતા કે, તેને માતાજીના મઢમાં લઈ જઈ અડધો ટકો કરી મોઢામાં ચંપલ મુકાવી માફી પણ મંગાવી હતી. ભૂવાને પકડી સખત સજાની માંગણી કરાઈ રહી છે.

# મોક્સી ડ્રગ્સ કાંડના મુખ્ય આરોપી ચિરાગ પટેલની આખરે ધરપકડ

## ગામની સીમમાંથી 3.40 કરોડનું સિન્થેટિક ડ્રગ MD પકડાયું હતું...

(એજન્સી) વડોદરા | તા. 11



સાવલી તાલુકાના મોકસી ગામની સીમમાં આવેલા એક શેડમાંથી ઝડપાયેલું 3.40 કરોડનું સિન્થેટીક ડ્રગ એમડીના કેસમાં મુખ્ય આરોપી ચિરાગ ગિરીશભાઈ પટેલની મંજુસર પોલીસે ધરપકડ કરી છે. જ્યારે આરોપીના 12 માર્ચ સુધીના રિમાન્ડ પોલીસે મેળવ્યાં છે.

ઉલ્લેખનિય છે કે,આરોપીઓ ચિરાગ પટેલ,બિહારનો વિપુલસિંગ અને અજાણ્યો ઈસમ રોમાટિરિયલ લાવી ડ્રગ તૈયાર કર્યા બાદ લઈ જતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ઉપરાંત અગાઉ ઝડપાયેલો આરોપી જગદીશ જીતસિંગ મહીડા 10 વર્ષ અગાઉ પણ ગાંધીનગર ખાતે ડ્રગ બનાવતા ઝડપાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એસઓજીના પીઆઈ જે.એમ. ચાવડા તેમજ સ્ટાફના માણસોએ બાતમી આધારે દરોડો પાડયો હતો. પોલીસે દરોડામાં ડ્રગ બનાવતા બે ઈસમો ઝડપી પાડ્યા હતા.જેમાં જગદીશભાઈ જીતસિંહ મહીડા (રહે- મોકસી) અને પ્રેમચંદકુમાર હરિનારાયણ મહતો (રહે- ગોરવા) નો સમાવેશ થાય છે. ખેતરમાં બનાવેલા આ શેડમાં સિન્થેટિક ડ્રગ્સ બનાવાતું હતું. પોલીસે તૈયાર થયેલું ડ્રગ્સ મેફેડ્રોનનો 3.3 કિલો જથ્થો કિંમત 3.79 કરોડ ને ઝડપી પાડ્યું હતું.જ્યારે ડ્રગ બનાવવા માટે વપરાતું રો કિંમત 1.73 કરોડનું મટિરિયલ કબજે કર્યું હતું.મોક્સી ગામે ડ્રગ્સની ફેક્ટરી ઝડપાયા બાદ સમગ્ર વિસ્તાર પોલીસે કોર્ડન કરીને તપાસ હાથ ધરી હતી.

# સુરતમાં જુગારીઓ પોલીસથી બચવા નદીમાં કુદ્યા ને મોત મળ્યું

(એજન્સી) સુરત | તા. 11

સુરતમાં કોઝવે નજીક તાપી નદીના કાંઠે ઝાડી ઝાંખરામાં જુગાર રમવા બેઠેલા બે જેટલા ઈસમો પોલીસથી બચવા ભાગીને તાપી નદીમાં કૂદી ગયા હતા અને બંને ઈસમોનું તાપી નદીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી બંને યુવકોના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢી નવી સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. મોત મામલે પરિવાર દ્વારા પોલીસની બેદરકારીથી બંને ઈસમોના મોત થયું હોવાના આક્ષેપો કરાયા હતા.

મળતી માહિતી મુજબ રાંદેર ખાતે આવેલા કોઝવેમાંથી આજે સવારે 54 વર્ષીય ગુલામ નબી ગુલામ મહંમદ સફેદા (રહે માલમવાડ સ્ટ્રીટ રાંદેર) અને 45 વર્ષીય આમીનના મૃતદેહ મળી આવ્યા હતા. ત્યાર બાદ બંનેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, આ સમગ્ર ઘટનામાં ચોકાવનારી વિગતો સામે આવી હતી, આ ઘટના અંગે એવું જાણવા મળ્યું હતું કે, આ બંને મૃતકો તેમજ અન્ય 8થી 10 જણા કોઝવે નજીક આવેલા અવવારું જગ્યામાં જુગાર રમી રહ્યા હતા. જ્યારે બીજી બાજુ પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી.

પોલીસને જોઈને જુગારીઓ જુગારધામ છોડીને આમતેમ ભાગવા લાગ્યા હતા. ભાગદોડ દરમિયાન બે યુવકો પાળી પરથી તાપી નદીમાં કૂદી ગયા હતા અને પાણીની ભરતી આવી જતા બંને યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી બંનેના મૃતદેહને બહાર કાઢી લીધા હતા.

મરણજનાર ગુલામ નબી સફેદાના સ્વજનોએ જણાવ્યું હતું કે, કોઝવે નજીક જુગાર રમાઈ રહ્યું હતું ત્યારે રાંદેર ડી સ્ટાફ પોલીસ આવી જતા અમારા સ્વજન ગુલામ નબી સફેદા અને અન્ય કેટલાક વ્યક્તિઓ પોલીસને જોઈને ડરને માર્યા આમતેમ ભાગ્વા લાગ્યા હતા. ત્યારે તેઓ નદીમાં કૂદી ગયા હતા અને પાણીમાં ડૂબી જતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે આ બંને ડૂબી રહ્યા હતા ત્યારે પોલીસ ત્યાં હાજર જ હતી. જે બચાવવા જવા ઈચ્છતા હતા.

# વાપીમાં ભીખ મંગાવવા માટે હત્યા કરવામાં આવી

## અપંગ બનાવવાના ઈરાદે વ્યક્તિને માર માર્યો, વિરોધ કરતા મોત નિપજ્યું; 19 વર્ષનો મુખ્ય આરોપી ઝડપાયો...

વલસાડ | વાપી ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. સહારા માર્કેટ સામે રિલાયન્સ કંપનીની ખુલ્લી જગ્યામાં એક 40-45 વર્ષના અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. સુરક્ષાગાર્ડ જીવાલાભાઈ કુરકુટિયાની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

વલસાડ SP ડો. કરનરાજ વાઘેલા અને સુરત IGP પ્રેમ વીર સિંહના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવવામાં આવી હતી. CCTV ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ વ્યક્તિઓ ભીખારી જેવા લાગતા હોવાથી રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને ફૂટપાથ પર તપાસ કરવામાં આવી હતી.

વાપી રેલવે સ્ટેશન બહારથી ત્રણ શખ્સોને પકડવામાં આવ્યા હતા. મુખ્ય આરોપી આદેશ ઉર્ફે આદુ રામશેઠ અમરીયા ભોસલે (19 વર્ષ, મહારાષ્ટ્ર) અને બે સગીર આરોપીઓએ કબૂલાત કરી કે તેઓ મૃતકને અપંગ બનાવી બળજબરીથી ભીખ મંગાવવા માંગતા હતા. મૃતકે વિરોધ કરતા આરોપીઓએ લાકડાના ફટકા માર્યા હતા જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે મુખ્ય આરોપી અને બે સગીર આરોપીઓને વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. આ ગુનામાં વધુ તપાસ ચાલુ છે.

# સરદાર બ્રિજ નીચે કચરાના ઢગલામાંથી ધુમાડો નીકળતા વાહનો થંભી ગયાં...

(એજન્સી) સુરત | તા. 11

સુરતમાં અતિ વ્યસ્ત રહેતા સરદાર બ્રિજની નીચે કચરાના ઢગલામાં ભીષણ આગ લાગી જવા પામી હતી. આગના પગલે અફરાતફરીનો માહોલ થઈ ગયો હતો. ધુમાડાના ગોટેગોટા બ્રિજ પર ફરી વળવાના કારણે બ્રિજ પર વાહનો થંભી ગયાં હતાં. આ સાથે જ પસાર થતાં કેટલાક વાહનચાલકોને તકલીફનો સામનો કરવો પડ્યો હતો. ઘટના અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.

મળતી માહિતી પ્રમાણે, આજે (11 માર્ચ) બપોરના સમયે સુરતના અતિ વ્યસ્ત ગણાતા સરદાર બ્રિજની નીચે આવેલા સ્વામિનારાયણ મંદિર પાસે તાપી નદીના કિનારે કચરાના ઢગલામાં આગ લાગી જવા પામી હતી. કચરાના ઢગલામાં લાગેલી આગના પગલે ધુમાડાના ગોટેગોટા બ્રિજ પર આવી ગયા હતા. એક કિલોમીટર દૂરથી દેખાતા ધુમાડાના ગોટેગોટાના પગલે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. ધુમાડાના કારણે બ્રિજ પર વાહન ચાલકોને તકલીફનો સામનો કરવો પડ્યો હતો.



આ અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા અડાજણ ફાયર સ્ટેશનથી એક પાણીનું બ્રાઉઝર મોકલવામાં આવ્યું હતું. પોણા કલાકની જહેમત બાદ કચરાના ઢગલામાં લાગેલી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગ પર કાબૂ મેળવવાના કારણે બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. જોકે, ધુમાડાના પગલે બ્રિજ પરથી પસાર થયેલા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# ગ્રામ્ય પંથકમાં 78.6 % પુરૂષો, 21.4 % સ્ત્રીઓ ડિજિટલ બેંકિંગનો ઉપયોગ કરે છે




(એજન્સી) ભાવનગર | તા. 11

હાલનો જમાનો ડિજિટલ બન્યો છે. શહેરી વિસ્તારમાં નાણાંકીય વ્યવહાર મોટો વર્ગ ઓનલાઇનના માધ્યમથી કરી રહ્યો છે. જ્યારે ગ્રામ્ય પંથકમાં તેનું પરિવર્તન કેટલું થયું છે જે અંગે મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીના કોમર્સ વિભાગના એક વિદ્યાર્થીએ વિશ્લેષણાત્મક સંશોધન રજૂ કર્યું છે જેમાં ૭૮.૬ ટકા પુરૂષો અને ૨૧.૪ ટકા સ્ત્રીઓ ડિજિટલ બેંકિંગ સેવાનો ઉપયોગ કરતા હોવાનું જણાયું છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવસટી, કોમર્સ વિભાગના એમ.કોમના વિદ્યાર્થી અરવિંદ વાઘમશીએ ડિઝીટલ બેંકિંગ અને નાણાકીય સાક્ષરતા થકી વર્ષ-૨૦૪૭માં ગ્રામિણ ભારતના પરિવર્તન વિષય પર એક વિશ્લેષણાત્મક સંશોધન રજૂ કર્યું હતું. આ સંશોધનનો મુખ્ય હેતુ ગ્રામિણ વિસ્તારોમાં ડિજિટલ બેંકિંગની સ્વીકાર્યતા, નાણાકીય જાગૃતિ અને પડકારોની સમજૂતી મેળવવાનો હતો.સંશોધન મુજબ ૩૧-૪૦ વર્ષના ઉતરદાતઓ (૪૬.૪%)એ સૌથી વધુ જયારે, ૨૧-૩૦ વર્ષના (૩૨.૧%) યુવા વર્ગ ડિજિટલ બેંકિંગનો ઉપયોગ કરવામા દ્વિતિય રહ્યા હોવાનું નોંધ્યું હતું. જયારે ગ્રામ્ય વિસ્તારમાં રહેવા છતાં અહીના સ્થાનિકો પૈકી ૭૮.૬% પુરૂષો અને ૨૧.૪%ીઓ ડિજિટલ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરતા હોવાનું પણ તેમણે સંશોધન અંતર્ગત નોંધ્યું હતું. ઉપરાંત, ૮૯.૩% ગ્રામ્ય લોકો પાસે બચત ખાતું હોવાનું અને રૂઆષ્ટ્રીયકૃત બેંક તેમની પહેલી પસંદ હોવાનું પણ સંશોધનના તારણો રજૂ કરતાં સંશોધનકર્ચાએ નોંધ્યું હતું. આ સાથે ડિજિટલ પેમેન્ટ માટે ગુગલ પે (૪૮.૨%) અને ફોન પે (૧૯.૬%) સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ડિજિટલ પ્લેટફોર્મ હોવા સાથે ૫૫.૪% લોકોએ નેટવર્ક અને ઇન્ટરનેટ સ્પીડને મોટો પડકાર ગણાવ્યો હતો. જયારે, નાણાકીય રોકાણના ક્ષેત્રે ૭૩.૨% લોકોએ હજુ પણ બેંકના માધ્યમથી કોઈપણ રોકાણ કર્યુ ન હોવાનું પણ સંશોધનમાં જણાઈ આવ્યું હતું. તો સામાપક્ષે ૧૬.૧% લોકોએ ફિક્સ ડિપોઝિટ અને ૭.૧% લોકોએ મ્યુચ્યુઅલ ફંડ માં રોકાણ કર્યું હોવાનું પણ નોંધાયું હતું. સંશોધન દર્શાવે છે કે ગ્રામિણ વિસ્તારોમાં ડિજિટલ બેંકિંગ પ્રત્યે જાગૃતિ વધી છે સંશોધનના સફળ પ્રસ્તુતિ માટે વિભાગ અધ્યક્ષ તથા સાથી અધ્યાપકો મદદરૂપ થયા હતા.

# ડાકોરમાં ઠાકોરજી ગજરાજ ઉપર બિરાજી શાહી સવારીએ નીકળ્યા

## સોનાની પિચકારીથી કેસૂડાંના જળ અને નવરંગોની છોળો વચ્ચે ભક્તો સાથે ભગવાન રંગે રમ્યાં

(એજન્સી) આણંદ તા. 11

ડાકોર રણછોડરાયજીના મંદિરે સોમવારે કુંજ એકાદશીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. મંગળા આરતી બાદ ઠાકોરજીને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવામાં આવ્યા હતા. શૃંગાર ભોગથી શયન ભોગ સુધી ઠાકોરજીને હોળીનો ખેલ ખેલવામાં આવ્યો હતો. પરંપરા મુજબ ફૂલદોડ સુધી ખેલ ઉજવવામાં આવશે. ઠાકોરજીને સોનાની પિચકારીઓથી કેસુડાના જળ અને નવરંગોનો છડો ઉછાળીને ભક્તોને હોળી ઉત્સવનો લાભ અપાયો હતો. ઉત્થાપન આરતી પછી ગજરાજની શાહી સવારી ઉપર ચાંદીની અંબાડી બાંધીને અબીલ ગુલાલના થેલા ભરાવી, મંદિરના મુખ્યગેટ પાસેથી ગૌશાળામાં ભજન મંડળીઓ ડંકા નિશાન સાથે શાહી સવારી પર લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ઠાકોરજીને હોળી ઉત્સવ ભક્તો સાથે ઉજવવામાં આવ્યો હતો અને પછી સવારી પાછી મંદિરે પરત લાવી લક્ષ્મીજી મંદિરે લઈ જવામાં આવી હતી. રાત્રિના ૯ વાગ્યાના અરસામાં ઠાકોરજીને નિજમંદિર પરત લાવ્યા હતા. ત્યાં તેમની ઈન્ડિપિંડીથી નજર ઉતારવામાં આવી હતી.



### ડાકોર મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો

ફાગણી પૂનમના મેળામાં ૧૦ લાખથી વધુ ભક્તો ઠાકોરજીના દર્શને આવવાની શક્યતા છે. અમદાવાદ, સુરત, બરોડા, નડિયાદ, આણંદ, મુંબઈ સહિતના શહેરોમાંથી પગપાળા સંઘો ડાકોર આવશે. ત્યારે દર્શનાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખી ડાકોર મંદિર દ્વારા તા.૧૧થી ૧૫ સુધી દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

## કઠલાલના ખલાલથી અપહરણ કરાયેલા કોન્ટ્રાક્ટરને મધ્યપ્રદેશથી છોડાવાયો

કઠલાલ, કપડવંજ : કઠલાલના ખલાલ ગામે બની રહેલા કમાન્ડો ટ્રેનિંગ સેન્ટરમાં કોન્ટ્રાક્ટ રાખનારા દસક્રોઈના કણભા ગામના સિવિલ એન્જિનિયરનું શનિવારે અજાણ્યા શખ્સોએ અપહરણ કર્યું હતું. અપહરણકર્તાઓએ કોન્ટ્રાક્ટર પાસેથી લેવાના નીકળતા રૂ.૮ લાખની માંગ કરી હતી. કઠલાલ પોલીસે ગુનો નોંધી કોન્ટ્રાક્ટરના મોબાઈલના લોકેશનના આધારે મધ્યપ્રદેશના અલીરાજપુરના ડુંગરાળ વિસ્તારમાંથી કોન્ટ્રાક્ટરને શોધી કાઢ્યો હતો. તેમજ ૬ શખ્સોને વોન્ટેડ જાહેર કરીને વધુ તપાસ હાથ ધરી છે. દસક્રોઈના કણભા ગામમાં રહેતા સિવિલ એન્જિનિયર પાર્થ સંદીપભાઈ પટેલ (ઉં.વ.૩૨) લેબર કોન્ટ્રાક્ટનું કામ રાખે છે. અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવેલા કઠલાલના ખલાલ ગામે બની રહેલા કમાન્ડો ટ્રેનિંગ સેન્ટર પર તેનું કામ ચાલે છે.

### પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધાયો

# પાલિતાણા પંથકની સગીરા સાથે પ્રેમીએ દુષ્કર્મ આચર્યું

(એજન્સી) ભાવનગર તા. 11

પાલિતાણા પંથકની ૧૫ વર્ષિય સગીરાના પ્રેમીએ તેમનો પ્રેમસંબંધ જાહેર કરી દેવાની ધમકી આપી સગીરા સાથે આજથી ચાર માસ પૂર્વે દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ સગીરાની માતાએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.પાલિતાણા પંથકની એક ૧૫ વર્ષિય સગીરા નિકુંજ મંગાભાઈ વાળા (રહે.ગાધકડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી) નામના શખ્સ સાથે પ્રેમમાં હતી. આ શખ્સે બન્નેનો પ્રેમ સંબંધ જાહેર કરી દેવાની ધમકી આપી આજથી ચાર માસ પૂર્વે સગીરા સાથે મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું



હતું. બનાવ અંગે સગીરાની માતાએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં નિકુંજ મંગાભાઈ વાળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ફાગણમાં ચૈત્રની ગરમી!, બપોરે આકાશમાંથી અંગ દઝાડતો તાપ વરસ્યો

# ભાવનગરમાં સૂર્યનારાયણ આરંભે જ આકરા, ગરમીનો પારો 39.2 ડિગ્રી

(એજન્સી) ભાવનગર તા. 11

ભાવનગરમાં હોળી-ધૂળેટી પહેલા જ ઉનાળાની આકરી ગરમીનો પ્રારંભ થઈ ચુક્યો હોય તેવું લાગી રહ્યું છે. સૂર્યનારાયણ આરંભ જ આકરો તાપ વરસાવી રહ્યા હોય, સપ્તાહના આરંભે ગરમીનો પારો સડસડાટ અઢી ડિગ્રી ઉંચકાઈને ૩૯.૨ ડિગ્રીએ પહોંચી ગયો હતો. રાજ્યના હવામાન વિભાગે હીટવેવની આપેલી ચેતવણી ભાવનગર માટે સાચી ઠરી છે. સોમવારે સવારથી જ સૂર્યનારાયણનું આકરું સ્વરૂપ જોવા મળ્યું હતું. બપોર પડતા તો આકાશમાંથી રીતસરનો અંગ દઝાડતો તાપ વરસતો હોય તેવી ગરમીનો અનુભવ થયો હતો. ગઈકાલની તુલનામાં શહેરનું મહત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી ઉંચકાઈને ૩૯.૨ ડિગ્રી પહોંચી



ગયું હતું. જેના કારણે શહેરીજનોએ ઉનાળાના આરંભથી જ આકરી ગરમીનો સામનો કરવાની નોબત આવી હતી.

ગરમીમાં રાહત મેળવવા શેરડીના રસ, આઈસક્રીમ, સાકરટેટી, તડબૂચ સહિતના ફ્રૂટનું સેવન કરતા લોકો નજરે ચડયા હતા. ઓણ સાલ ઉનાળાની ઋતુ કાળઝાળ બનવાના એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યા છે. ફાગણમાં ચૈત્ર માસ જેવા તાપના કારણે આજે સોમવારે શહેરનું તાપમાન સામાન્યથી સરેરાશ ૫.૭ ડિગ્રી વધુ નોંધાયું હતું. તો વળી, રાતના તાપમાનમાં પણ ૦.૮ ડિગ્રીનો વધારો નોંધાતા લઘુતમ તાપમાનનો પારો ૨૧ ડિગ્રીને આંબી ગયો હતો. દિવસ દરમિયાન પવનની ઝડપ ૧૪ કિ. મી. પ્રતિકલાકની રહી હતી. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૪ ટકા નોંધાયું હતું.

### ભારતનો ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજય થતાં

# આણંદના શખ્સે દેશી પિસ્ટલથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યા

(એજન્સી) આણંદ | તા. 11

દુબઈમાં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને હરાવી ચેમ્પિયન બનતા આણંદની બિસ્મિલ્લા સોસાયટીમાં શખ્સે ઉત્સવ મનાવવા દેશી પિસ્ટલથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. બનાવની જાણ થતાં એલસીબીએ દરોડો કરી શખ્સને બે પિસ્ટલ, ચાર જીવતા કારતુસ અને બે ફૂટેલા કારતુસ સાથે ઝડપી પાડયો હતો. એલસીબીની ફરિયાદના આધારે શહેર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભારતનો ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજય થતાં આણંદ જિલ્લામાં ઠેર ઠેર ક્રિકેટ રસિયાઓ જાહેર માર્ગો પર ઉત્સવ મનાવી રહ્યા હતા. તેવામાં



આણંદના ઈસ્માઈલનગરની બિસ્મિલ્લા સોસાયટી નજીક કેટલાક યુવકોએ ફટાકડા ફોડયા હતા. જોકે, મોહમ્મદ યાસીન ઉર્ફે રાજુ મચ્છી અબ્દુલ કાદર શેખે વિજયના ઉન્માદમાં બાંકડા પર બેસી હાથ બનાવટની પિસ્ટલથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. આ અંગે આણંદ એલસીબીને જાણ થતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. એલસીબીએ મોહમ્મદ યાસીનને ઝડપી તેના ઘરની તલાશી લેતા તિજોરીમાંથી બે દેશી બનાવટની પિસ્ટલ અને ચાર જીવતા કારતુસ મળી આવ્યા હતા. તેમજ એફએસએલની મદદથી એલસીબીએ બે ફૂટેલા કારતુસ પણ શોધી કાઢ્યા હતા. એલસીબીએ તમામ મુદ્દામાલ જપ્ત કરી શખ્સની પૂછપરછ કરતા દેશી બનાવટની પિસ્ટલ અને ૬ જીવતા કારતુસ મધ્યપ્રદેશથી કોઈ અજાણ્યા શખ્સ પાસેથી રૂ. ૪૫ હજારમાં લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. તેમજ એક પિસ્ટલ તેના પિતા લાવ્યા હોવાનું અને પિતાનું અઢી વર્ષ પહેલા અવસાન થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. ગુનો નોંધી વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

## તારાપુર તા.પંચાયતનું 4.92 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર

તારાપુર : તારાપુર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું સુધારેલું અને વર્ષ ૨૦૨૫-૨૬નું અસલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. સામાન્ય સભામાં રૂ. ૪.૯૨ કરોડની પુરાંતવાળા બજેટને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. તારાપુર તાલુકા પંચાયતમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ઉઘડતી સિલક રૂ. ૪,૩૦,૭૦,૪૯૮ છે. વર્ષ દરમિયાન જમીન મહેસુલ, ઈરીગેશન, શેષ, સ્ટેમ્પ ડયુટી સહિત રૂ. ૪૩,૫૭,૭૨,૫૦૦ આવક થવાનો અંદાજછે. જેથી રૂ. ૪૭,૮૮,૪૨,૯૯૮ની અંદાજીત સિલકમાંથી માળખાકીય સુવિધાઓ જેવી કે, પાણી, આરોગ્ય, શિક્ષણ, ખેતીવાડી, સમાજ કલ્યાણ, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, પશુપાલન, નાની સિંચાઈ સહિતના પાછળ વર્ષ દરમિયાન અંદાજે રૂ. ૪૨,૯૬,૩૦,૦૦૦ ખર્ચ થવાનો અંદાજ છે.

### સ્થાનિકોનું નાયબ ડેપ્યૂટી કમિશનરને આવેદનપત્ર

# આણંદ મનપાની રોડ પહોળો કરવાની કામગીરીથી 40 મકાન કપાતમાં જવાનો ભય

(એજન્સી) આણંદ | તા. 11

આણંદ મહાનગરપાલિકા જૂના રસ્તાઓ પહોળા કરવાની હાલ કામગીરી કરી રહ્યું છે. લોટેશ્વર ભાગોળથી મહારાણા પ્રતાપ સર્કલ સુધીનો રોડ પહોળો કરવામાં ૪૦થી વધુ મકાનો દૂર કરાય તેવો ભય છે. ત્યારે આજે સ્થાનિક રહીશોએ નાયબ ડેપ્યૂટી કમિશનરને જૂના નકશા પ્રમાણે સરખા હિસ્સામાં રોડ પહોળો કરાય તેવી માંગણી સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. આણંદમાં ટીપી સ્કીમ નં.-૨ અને લોટેશ્વર ગામતળમાં આવતા રોડ પહોળા કરવા મનપાએ રસ્તાનું મુલ્યાંકન કર્યું છે. ટુંક સમયમાં દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરાશે. ત્યારે સ્થાનિકોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, આણંદમાં



ગામડી વડથી જય અંબે હિન્દુ હોટલ સુધીનો રોડ ૧૨ મીટર પહોળો કરવામાં આવશે. તેની સામે જય અંબે હિન્દુ હોટલથી મહારાણા પ્રતાપ સર્કલ સુધીનો રોડ ૧૮.૨૫ મીટર પહોળો કરવાની વાત આણંદ મહાનગરપાલિકા કરી રહ્યું છે. જેનાથી રોડને અડીને ૬૦ વર્ષથી રહેતા લગભગ ૪૦ જેટલા પાકાં મકાનો દબાણમાં જતા સ્થાનિકો બેઘર થઈ જશે. જ્યાં ૧૮.૨૫ મીટર રોડ પહોળો કરવાનો છે ત્યાં ગરીબ અને શ્રમિકો વસવાટ કરે છે. રોડ પહોળો કરવાથી તેમના ઘરો કપાતમાં આવી જાય છે. જેથી તેઓ નિરાધાર બને તેવી સ્થિતિનું નિર્માણ થશે. મહાનગરપાલિકા ધ્વારા રોડ પહોળો કરવામાં અને દબાણો દૂર કરવામાં વહાલા દવલાની નીતિ રખાઈ રહી હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો છે. ત્યારે અમારી માંગણી છે કે, ગામડી વડથી મહારાણા પ્રતાપ સર્કલ સુધી એક સરખો અને જૂના નકશા પ્રમાણે પહોળો કરાય, સ્થાનિકોને વિશ્વાસમાં લઈ ફરી માપણી કરી સંપૂર્ણ માહિતી આપી કાર્યવાહી કરાય, રહેણાંક કે મકાન દૂર કરતા પહેલા વૈકલ્પિક પ્લોટ કે રહેવાની કાયમી સગવડ કરી આપી વળતર ચૂકવી મિલકતોનું ઓછું નુકસાન થાય તે રીતે કામગીરી કરાય તેવી માંગણી છે.

## 13 મીએ ભાવનગરથી બાંદ્રા વચ્ચે હોળી વિશેષ ટ્રેન દોડશે

ભાવનગર : રંગપર્વ હોળીના તહેવાર દરમિયાન યાત્રિકોની સુવિધાને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ ભાવનગરથી બાંદ્રા વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ૧૩મીએ ઉપડનારી હોળી વિશેષ ટ્રેનની ટિકિટનું બુકિંગ ૧૨મીથી શરૂ થશે.યાત્રિકોના વધારાના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા હોળી સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આવતીકાલ તા.૧૧-૩ને મંગળવારે સાંજે ૭-૨૫ કલાકે બાંદ્રા ટર્મિનસથી ભાવનગર ટર્મિનસ સુધીની સુપરફાસ્ટ હોળી વિશેષ ટ્રેન ચલાવવામાં આવશે. જે બુધવારે સવારે ૯ કલાકે ભાવનગર પહોંચશે. જ્યારે ભાવનગર ટર્મિનસથી તા.૧૩-૩ને ગુરૂવારે બાંદ્રાની હોળી સ્પેશિયલ ટ્રેન રવાના થઈ તે જ દિવસે સાંજે પાંચ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

# વિરપુરના ગામડાંમાં હોલિકા દહનમાં હોડઈયાની પરંપરા અકબંધ

(એજન્સી) વિરપુર તા. 11

હોળી- ધૂળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરોમાં પ્રદૂષણ ન થાય તે માટે ગોરબ સ્ટીકથી વૈદિક હોળી પ્રજ્વલિત કરવાનો કન્સેપ્ટ શરૂ થયો છે. પરંતુ, ગ્રામ્ય વિસ્તારોમાં હોલિકાદહનમાં હોડઈયાની પરંપરા હજૂ પણ બાળાઓએ અકબંધ રાખી છે.હોળી પ્રસંગે હોલિકાદહનમાં આજે પણ ગ્રામ્ય કક્ષાએ હોડઈયાયાથી સજાવવાની પરંપરા અકબંધ છે. ઠેર ઠેર લાકડા- કાષ્ઠ વડે હોલિકાદહન કરાય છે. જેમાં હજારો કિલો



લાકડાનો વ્યય થતો હોય છે. ત્યારે હવે ગોબર સ્ટીક વડે વૈદિક હોળી પ્રગટાવવાનું ચલણ પણ વધી રહ્યું છે. પરંતુ ગ્રામ્ય કક્ષાએ તો પહેલેથી જ ઈકોફ્રેન્ડલી હોળી પ્રગટે તે અંગે વિચારીને હોડઈયા નવાવવાની કળા બાળકોને શિખવવામાં આવતી હતી. ગામડાંઓમાં તો પૂર્વેથી જ ઈકોફ્રેન્ડલી હોળી દહનની પ્રથા શરૂ કરી દેવાઈ હતી.

ગ્રામ્ય વિસ્તારોમાં વડિલોપાર્જિત ગાયના છાણમાંથી બનાવેલા હોડઈયા વડે પર્યાવરણના જતનની પરંપરા આજના આધુનિક યુગમાં પણ જીવંત જોવા મળી રહી છે. વિરપુર તાલુકાના વિવિધ ગામોમાં આજે પણ હોળીના ૨૦ દિવસ પૂર્વેથી જ ગામની કુંવારિકાઓ ગાયનું છાણ એકત્ર કરી વિવિધ આકારોના હોડઈયા બનાવી તેનો હાર બનાવી કળાને જીવંત રાખી રહી છે.

## હોડઈયા એટલે શું?

ગામની બાલિકાઓ ગાયના છાણાને એકઠા કરી તેનું હળવું- નરમ મિશ્રણ તૈયાર કરે છે. મિશ્રણને ગોળ, ચોરસ- લંબચોરસ સહિતના આવડે એવા આકાર આપી તેમાં વચ્ચે કાણું પાડી દેવાય છે. બાદમાં તેને સુકવી દેવાય છે. સુકાઈ ગયા બાદ તમામને દોરા કે કાંઠીમાં પરોવી તેનો હાર તૈયાર કરાય છે. હોળી પ્રગટાવવાની હોય તે પૂર્વે હોડઈયાના હાર વડે તેની સજાવટ કરી હોલિકાનું સ્વરૂપ અપાય છે.

# ભાવનગર એસ.ટી.માં 2.47 લાખથી વધુ લોકોની ઓનલાઈન રિઝર્વેશનથી મુસાફરી

(એજન્સી) ભાવનગર તા. 11

ભાવનગર એસ.ટી. વિભાગમાં ઓનલાઈન રિઝર્વેશનનું ચલણ વધ્યું છે. પાછલા ફેબુરઆરીના એક જ માસમાં આશરે અઢી લાખ જેટલા મુસાફરોએ ઓનલાઈન રિઝર્વેશનથી મુસાફરી કરી હતી. જેના કારણે મુસાફરોને સીટ મળવાની ઝંઝટમાંથી મુક્તિ મળી હતી. તો એસ.ટી.ને પણ આર્થિક ફાયદો થયો છે. માત્ર ઓનલાઈન રિઝર્વેશનવાળી ટિકિટથી ભાવનગર એસ.ટી.ને સાડા ચાર કરોડની આવક થવા પામી છે. જે ગત ફેબુરઆરી-૨૦૨૪ની સરખામણીએ ૬૫.૨૪ લાખ વધુ છે.ભાવનગર અને બોટાદ જિલ્લાના મુસાફરો હવે ટેકનોક્રેટ બન્યા હોય, એસ.ટી. ડેપો-બસ સ્ટેન્ડે ધક્કા ખાઈ ઘરે બેઠા આંગળીના ટેરવેથી જ પોતાના ગંતવ્ય સ્થાનો માટેની એસ.ટી.ની ટિકિટ ઓનલાઈન બુક કરાવી રહ્યા છે. પાછલા કેટલાક સમયથી એસ.ટી.માં ઓનલાઈન રિઝર્વેશનનું ચલણ વધ્યું છે. આ કારણે ફેબુરઆરી-૨૦૨૪ની તુલનામાં ફેબુરઆરી-૨૦૨૫માં મુસાફરો અને એસ.ટી.ની આવકમાં વધારો થયો છે. આ અંગે ભાવનગર વિભાગીય નિયામક આર.ડી. પીલવાઈકરે જણાવ્યું હતું કે, ભાવનગર વિભાગમાં ફેબુરઆરી-૨૦૨૪માં ૨,૧૦,૭૯૬ મુસાફરે ઓનલાઈન રિઝર્વેશન કરાવ્યું હતું. તેની સરખામણીએ ૩૭,૦૯૦ સીટના વધારા સાથે ફેબુરઆરી-૨૦૨૫માં ૨,૪૭,૮૮૬ મુસાફરોએ ઓનલાઈન ટિકિટ બુકિંગની સેવાનો લાભ લીધો હતો. ફેબુરઆરીમાં ઓનલાઈન રિઝર્વેશનથી ભાવનગર એસ.ટી.ને રૂા.૪.૫૨ કરોડની આવક થઈ હતી. જેમાં ૬૪,૨૪,૪૭૬ રૂપિયાનો વધારો થયાનું ઉમેર્યું હતું.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ)**
તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**મિથુન (ક,છ,ઘ)**
તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**કર્ક (ડ,હ)**
લાગણીની દ્દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં.

**સિંહ (મ,ટ)**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**તુલા (ર,ત)**
ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**ધન (ભ,ધ,ફ)**
માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**મકર (ખ,જ)**
ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ)**
તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ)**
ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

# અમેરિકાના શેર માર્કેટમાં હાહાકાર: બે વર્ષનો સૌથી મોટો કડાકો

(એજન્સી) મુંબઇ | તા 11

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીએ રોકાણકારોની ચિંતા વધારી દીધી છે. જેના કારણે આર્થિક મંદીના અણસાર છે. છેલ્લા ટ્રેડિંગ દિવસે યુએસ શેરબજારમાં ગભરાટનો માહોલ હતો અને ડાઉ જોન્સથી લઈને એસએન્ડપી ઈન્ડેક્સ ખરાબ રીતે તૂટ્યા હતા. નેસડેક 4% ઘટ્યો હતો. અમેરિકી બજારમાં કડાકાની અસર મંગળવારે ખુલતાની સાથે જ એશિયન બજારોમાં જોવા મળી હતી. ખાસ વાત એ છે કે અમેરિકન શેરબજારોમાં 2 વર્ષમાં આ સૌથી મોટો ઘટાડો છે. અમેરિકાના શેરબજારોમાં છેલ્લા ટ્રેડિંગ દિવસે, ટેસ્લા શેર્સ (ટેસ્લા શેર 15% ડાઉન) સહિત ઘણી મોટી વૈશ્વિક કંપનીઓના શેર્સ તૂટ્યા હતા. જ્યારે ડાઉ જોન્સની સ્થિતિ ખરાબ હતી, ટ્રેડિંગ દરમિયાન તેમાં 1100 પોઈન્ટ્સનો ઘટાડો થયો હતો, અને 2.08%ના ઘટાડા સાથે 41,911.71 પર બંધ થયો હતો. S&P-500 માં પણ ડાઉ જોન્સ જેવી જ સ્થિતિ જોવા મળી હતી અને તે 155.64 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો. જ્યારે નેસડેક 4% ઘટીને 17,468.32 પર બંધ થયો, સપ્ટેમ્બર 2022 પછી આ ઈન્ડેક્સમાં આ સૌથી મોટો ઘટાડો છે. અમેરિકન બજારોમાં આવેલી મંદીની અસર મંગળવારે એશિયન બજારો પર પણ જોવા મળી રહી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોરની અસર માર્કેટ પર દેખાઈ રહી છે

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોરે દુનિયામાં હલચલ મચાવી દીધી છે અને દુનિયામાં ટ્રેડ વોર શરૂ કરી દીધી છે. એક તરફ અમેરિકા ઘણા દેશો પર ટેરિફ લાદી રહ્યું છે તો બીજી તરફ અન્ય દેશો પણ અમેરિકા સામે વળતો પ્રહાર કરી રહ્યા છે. આવી સ્થિતિમાં દેશમાં મોંઘવારીનો ખતરો દેખાઈ રહ્યો છે. આ સિવાય યુએસ ફુગાવાનો ડેટા 12 માર્ચે રિલીઝ થવા જઈ રહ્યો છે અને બીજા દિવસે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (PPI) જાહેર કરવામાં આવશે. એકંદરે, ટેરિફ, ફુગાવો અને વૈશ્વિક મંદીનો ભય બજાર પર વર્ચસ્વ ધરાવતો જણાય છે.

### ભારતીય બજાર પર પણ અસર જોવા મળશે

અમેરિકનથી એશિયાઈ બજારોમાં આ હલચલની અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી શકે છે. સોમવારે છેલ્લા ટ્રેડિંગ દિવસે પણ સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા હતા. BSE સેન્સેક્સ તેના અગાઉના બંધ 22,552ની સરખામણીએ 22,521 પર ટ્રેડિંગ શરૂ કર્યું અને 217 પોઈન્ટના ઘટાડા સાથે 74,115.17 પર બંધ થયું. આ સિવાય NSE નિફ્ટી પણ 92.20 પોઈન્ટ ઘટીને 22,460 પર બંધ થયો હતો.



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની 15મી અખિલ ભારતીય અધિકૃત ભાષા પરિષદ કેરળની રાજધાની ત્રિવેન્દ્રમમાં યોજાઈ હતી. કોન્ફરન્સની અધ્યક્ષતા ચેન્નાઈ ઝોનના વડા શ્રી કે. શશીધર દ્વારા કરવામાં આવી હતી. તેમજ અમદાવાદ ઝોનના વરિષ્ઠ પ્રબંધક રાજભાષા શ્રી અર્પણ વાજપેયીને અખિલ ભારતીય રાજભાષા પરિષદમાં તમામ ઝોન દ્વારા શ્રેષ્ઠ રાજભાષા અધિકારીનો એવોર્ડ મળ્યો હતો. અમદાવાદ ઝોન દ્વારા પ્રકાશિત પુસ્તક ફાયનાન્સિયલ ઈન્ક્લુઝન એન્ડ ડીજીટલ બેંકીંગ માટે પણ અમદાવાદ ઝોનનું શ્રેષ્ઠ પ્રદર્શન તરીકે સન્માન કરાયું હતું.

# શેરબજાર લાલ નિશાનમાં બંધ, સેન્સેક્સ 74,169 અંકે બંધ

(એજન્સી) મુંબઇ | તા 11

શેરબજાર આજે ફ્લેટ બંધ રહ્યું સેન્સેક્સ લાલ તો નિફ્ટી લીલા નિશાનમાં જ બંધ થયું. સવારે લાલ નિશાનમાં ખૂલ્યા બાદ સેન્સેક્સ 12.85 પોઈન્ટના ઘટાડા સાથે 74,102.32 અંક બંધ થયો. જ્યારે નિફ્ટી 37.60 પોઈન્ટના વધારા સાથે 22,497.90 અંકે બંધ થયો.

### યુએસ શેરબજારમાં મોટો ઘટાડો

ગઈકાલે રાત્રે યુએસ શેરબજારમાં ભારે ઘટાડો થયો. વોલ સ્ટ્રીટ પર, ડાઉ જોન્સ 900 પોઈન્ટ, S&P 500 3% અને Nasdaq 4% ઘટ્યો. સોમવારના રોજ, ટેક શેર પર આધારિત નાસ્ડેકમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો. તે 4% ઘટીને લગભગ છ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો. આ ઘટાડાનું કારણ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓને કારણે મંદીની આશંકા હોવાનું કહેવાય છે. ફેબ્રુઆરીના ઉચ્ચતમ સ્તરથી બેન્ચમાર્ક S&P 500 8% થી વધુ ઘટ્યો છે. જ્યારે નાસ્ડેક ગયા અઠવાડિયે કરેક્શન ઝોનમાં પહોંચી ગયો હતો કારણ કે તે ડિસેમ્બરમાં બનાવેલા તેના સર્વકાલીન ઉચ્ચ સ્તરથી 10% થી વધુ નીચે આવી ગયો છે.

### એશિયન બજારો પણ લાલ નિશાનમાં

મંગળવારે (11 માર્ચ) એશિયન શેરબજારો સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે ખુલ્યા. કારણ કે અમેરિકન બજારોમાં ઘટાડાની અસર અહીં પણ જોવા મળી હતી. આજે શરૂઆતના કારોબારમાં મોટાભાગના સૂચકાંકો લાલ રંગમાં હતા. ઓસ્ટ્રેલિયા, જાપાન અને દક્ષિણ કોરિયાના શેરબજારોમાં ઘટાડો જોવા મળ્યો. જાપાનનો ટોપિક્સ ઈન્ડેક્સ ૧.૯% ઘટ્યો અને ઓસ્ટ્રેલિયાનો S&P/ASX 200 ઈન્ડેક્સ 1.3 % ઘટ્યો.

# ડાઉ જોન્સની તુલનાએ સેન્સેક્સનું પ્રીમિયમ ઘટયું

(એજન્સી) મુંબઇ | તા 11

દલાલ સ્ટ્રીટ પર છેલ્લા પાંચ મહિનાથી ચાલી રહેલા સતત વેચવાલીના કારણે લાંબા ગાળા પછી ભારતીય ઈક્વિટી બજાર અને યુએસ ઈક્વિટી બજારનું મૂલ્યાંકન પ્રીમિયમ ઘટયું છે. ૨૦૦૯ પછી પહેલી વાર બેન્ચમાર્ક સેન્સેક્સનો પ્રાઇસ ટુ અર્નિંગ (પીઈ) ગુણાંક ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજના અર્નિંગ ગુણાંકથી નીચે આવી ગયો છે. ન્યૂઝ એજન્સીના ડેટા મુજબ, સેન્સેક્સ હાલમાં તેના છેલ્લા ૧૨ મહિનાના પ્રતિ શેર કમાણીના ૨૧.૮ ગણા પર ટ્રેડ કરી રહ્યો છે, જ્યારે ગયા વર્ષે માર્ચના અંતમાં તેનો પીઈ મલ્ટિપલ ૨૩.૮ ગણો હતો. તેની સરખામણીમાં, ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૨૨.૪ ગણા પીઈ પર ટ્રેડ થઈ રહ્યો છે, જે ગયા વર્ષના માર્ચમાં ૨૨.૮ ગણા કરતા થોડો ઓછો છે. છેલ્લા ૨૦ વર્ષથી, સેન્સેક્સ ડાઉ જોન્સના સરેરાશ મૂલ્યાંકન કરતાં લગભગ ૨૫ ટકાના પ્રીમિયમ પર ટ્રેડ થઈ રહ્યો છે. માર્ચ ૨૦૦૫થી, સેન્સેક્સનો પીઈ ૨૧ ગણો હતો જ્યારે ડાઉ જોન્સનો સરેરાશ પીઈ ગુણાંક ૧૯ ગણો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં આ બેન્ચમાર્ક સૂચકાંકોના મૂલ્યાંકનમાં વિપરીત ગતિવિધિ જોવા મળી છે. કોવિડ મહામારી પછી, માર્ચ ૨૦૨૨માં સેન્સેક્સનો પીઈ ૨૬ ગણો ઊંચો હતો, જે ધીમે ધીમે ઘટતો ગયો અને ડાઉ જોન્સ સપ્ટેમ્બર ૨૦૨૨માં ૧૫.૬ ગણો નીચો થઈ ગયો. આ કારણે, ડાઉ જોન્સ હાલમાં છેલ્લા ૨૦ વર્ષની સરેરાશ કરતાં લગભગ ૪૦ ટકાના પ્રીમિયમ પર ટ્રેડ કરી રહ્યો છે જ્યારે સેન્સેક્સ તેની ઐતિહાસિક સરેરાશ કરતાં માત્ર ૪ ટકાના પ્રીમિયમ પર ટ્રેડ કરી રહ્યો છે. વિશ્લેષકો માને છે કે તાજેતરના ક્વાર્ટરમાં ભારતની તુલનામાં યુએસ કંપનીઓની કમાણીમાં ઝડપી વૃદ્ધિને કારણે આ શક્ય બન્યું છે અને રોકાણકારો નજીકના ભવિષ્યમાં પણ કમાણીમાં વૃદ્ધિ ચાલુ રહેવાની અપેક્ષા રાખે છે. જાણકારોએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૪માં, યુએસ કોર્પોરેટ કમાણી વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધી હતી, જ્યારે ભારતમાં તે માત્ર ૬ ટકા વધી હતી. અમેરિકામાં ૨૦૨૫માં પણ વૃદ્ધિની આ ગતિ જળવાઈ રહેવાની ધારણા છે, જ્યારે ભારતમાં મહત્તમ વૃદ્ધિ ૧૧ ટકા રહેવાની ધારણા છે. જાણકારોના મતે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ આવકમાં ઘટાડાને કારણે ભારતીય બજારમાં તેમની મૂડી ફાળવણી ઘટાડી દીધી અને અમેરિકા, ચીન અને પશ્ચિમ યુરોપ જેવા આકર્ષક બજારો તરફ વળ્યા હતાં. ભારતમાં નબળા કમાણી વૃદ્ધિને કારણે, ભારતીય બજાર માટે ભાવથી કમાણી વૃદ્ધિ (ઈયુ) ગુણોત્તર યુએસ બજાર કરતા વધારે થઈ ગયો છે, જેના કારણે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા વેચાણ હાથ ધરાયું હતું. ગયા વર્ષે સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય શેરબજારોમાંથી લગભગ ૨.૫ લાખ કરોડ રૂપિયાનું વેચાણ કર્યું છે. આ સમયગાળા દરમિયાન, સેન્સેક્સમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો જ્યારે ડાઉ જોન્સ લગભગ સ્થિર રહ્યો હતો. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ પર લિસ્ટેડ ટોચની ૩૦ યુએસ કંપનીઓની એકીકૃત કમાણી છેલ્લા ૧૨ મહિનામાં ૮.૯ ટકા વધી છે, જ્યારે સેન્સેક્સ કંપનીઓની એકીકૃત કમાણી ૧૦ ટકા વધી છે. પરંતુ રૂપિયાના અવમૂલ્યનને સમાયોજિત કર્યા પછી, ડોલરના સંદર્ભમાં સેન્સેક્સ કંપનીઓની કમાણી વૃદ્ધિ માત્ર ૫.૬ ટકા હતી.

# એમેઝોન ઈન્ડિયાએ દિવ્યાંગ મહિલાઓને ઇ-કોમર્સ માર્કેટ એક્સેસ પૂરી પાડવા માટે Youth4Jobs સાથે ભાગીદારી કરી

(એજન્સી) મુંબઇ | તા 11

ભારત - એમેઝોન ઈન્ડિયા ભારતમાં ગરીબીમુક્ત જીવન માટે કામ કરવા માટે દિવ્યાંગ યુવાનોને મદદ કરવા પર કેન્દ્રિત સંસ્થા Youth4Jobs Foundation સાથે સહયોગ કરી રહી છે. તેનો ઉદ્દેશ દિવ્યાંગ મહિલા વિક્રેતાઓને પોતાનો બિઝનેસ ઓનલાઈન વધારવા માટે Amazon.in નો લાભ લેવા માટે ટેકો આપવાનો છે. એમેઝોન સહેલી પ્રોગ્રામ થકી તે પ્રતિભાશાળી દિવ્યાંગ મહિલાઓ અને બજારની વિશાળ તકો વચ્ચેનું અંતર ઘટાડશે જેથી તેઓ ડિજિટલ ઈકોનોમીમાં પોતાનો વ્યવસાય વધારી શકે.

એમેઝોન સહેલી પ્રોગ્રામ 2017માં લોન્ચ થયો હતો અને તેનો હેતુ ભારતમાં સ્થાનિક સ્તરે મહિલાઓની માલિકીના વ્યવસાયો તથા મહિલા ઉદ્યોગસાહસિકોની સ્થાનિક સ્તરે બનાવેલી પ્રોડક્ટ્સની જાગૃતતા અને ઉપલબ્ધતા વધારવાનો છે. આ ભાગીદારી સાથે એમેઝોન આ મહિલા વિક્રેતાઓ માટે વર્કશોપ યોજશે તથા ઓનબોર્ડિંગ અને એકાઉન્ટ મેનેજમેન્ટ સપોર્ટ પૂરો પાડશે. તેમને ડિજિટલ માર્કેટિંગ, પર્ફોર્મન્સ માર્કેટિંગ, પ્રોડક્ટ લિસ્ટિંગ ઓપ્ટિમાઈઝેશન અને એડવર્ટાઈઝિંગ સોલ્યુશન્સ પર પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવશે જેથી તેઓ એક મજબૂત ઓનલાઈન વ્યવસાય બનાવવામાં મદદ કરી શકે. તેઓ મૂલ્યવાન ડેટા-આધારિત ઈનસાઇટ્સ અને મેટ્રિક્સની પણ પહોંચ મેળવશે જે તેમને ગ્રાહક વર્તણૂંક અને અપેક્ષાઓ તેમજ મુખ્ય બજાર વલણોને સમજવામાં મદદ કરશે.

આ ભાગીદારી અંગે એમેઝોન ઈન્ડિયાના સેલ્સ ડિરેક્ટર શ્રી ગૌરવ ભટનાગરે જણાવ્યું હતું કે "અમે ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં મહિલા ઉદ્યોગસાહસિકોની ક્ષમતાને ઓળખીએ છીએ.

## RIITનું રૂ. 8,592 કરોડના એન્ટરપ્રાઇઝ વેલ્યુએશન પર લિસ્ટિંગ થયું હતું

# આઈએલએન્ડએફએસના InvIT રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનું એનએસઇ પર લિસ્ટિંગ થયું

(એજન્સી) મુંબઇ | તા 11

ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઇનાન્શિયલ સર્વિસીઝે (આઈએલએન્ડએફએસ) એક લિસ્ટિંગ સમારંભમાં એનએસઇ પર રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ InvIT (આરઆઇઆઇટી)નું લિસ્ટિંગ કર્યું હતું. આ પ્રસંગે આઈએલએન્ડએફએસ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નંદ કિશોર, રોડસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ લિમિટેડ (આરઆઈએમએલ)ના ચેરમેન ડો. જે એન સિંહ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ડેની સેમ્યુઅલ તથા નવા બોર્ડના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

છ મુખ્ય રોડ એસેટ્સ ધરાવતા InvITના ડિસ્ટ્રીબ્યુશનના પગલે આરઆઇઆઇટીનું રૂ. 8,592 કરોડના એન્ટરપ્રાઇઝ વેલ્યુએશન પર લિસ્ટિંગ થયું હતું જે ડેટ રિસોલ્યુશનના વૈવિધ્યપૂર્ણ ફાઇનાન્શિયલ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો અસરકારક રીતે ઉપયોગ કરવાની આઈએલએન્ડએફએસ ગ્રુપની ક્ષમતાને દર્શાવે છે.

રોડસ્ટાર ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સ્પોન્સર્ડ રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની સ્થાપના પ્રત્યક્ષ કે પરોક્ષપણે ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં માલિકી, સંચાલન અને રોકાણના ઉદ્દેશથી કરવામાં આવી હતી અને તે InvIT નિયમનો હેઠળ




રજિસ્ટર્ડ છે.

તેના પ્રોજેક્ટ એસપીવી દ્વારા રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તેના પોર્ટફોલિયો હેઠળ 6 રોડ એસેટ્સ ધરાવે છે જે 685.16 કિમી જેટલી છે અને ભારતના છ રાજ્યોમાં આવેલી છે. આ એસેટ્સમાં મોરાદાબાદ બરૈલી એક્સપ્રેસવે લિમિટેડ (એમબીઈએલ), સિકર બિકાનેર હાઈવે લિમિટેડ (એસબીએચએલ), પૂણે શોલાપુર રોડ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (પીએસઆરડીસીએલ), બારવા અડ્ડા એક્સપ્રેસવે લિમિટેડ (બીએઈએલ), થિરુવનંતપુરમ રોડ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (ટીઆરડીસીએલ) અને હઝારીબાગ રાંચી એક્સપ્રેસવે લિમિટેડ (એચઆરઈએલ)નો સમાવેશ થાય છે.

આ મહત્વપૂર્ણ InvIT લિસ્ટિંગ સાથે આઈએલએન્ડએફએસે તેના ડેટ રિસોલ્યુશનની યાત્રામાં એક મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે, જેમાં તાજેતરમાં તેના લેણદારોને રૂ. 5,000 કરોડનું વચગાળાનું ડિસ્ટ્રીબ્યુશન પૂર્ણ થયું છે. રૂ. 3,500 કરોડના InvIT યુનિટ્સ અને રૂ. 1,500 કરોડ રોકડ સહિતનું આ ડિસ્ટ્રીબ્યુશન ગ્રુપના તેના રિસોલ્યુશન પ્રયાસોમાં સતત પ્રગતિને દર્શાવે છે.આઈએલએન્ડએફએસના InvIT રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનું એનએસઈ પર લિસ્ટિંગ થયું, મૂલ્ય અને વિકાસની સંભાવનાઓ અનલોક કરે છે

InvIT ના સફળ લિસ્ટિંગ સાથે આઈએલએન્ડએફએસે તેના ડેટ રિસોલ્યુશન ટાર્ગેટને હાંસલ કરવામાં વધુ એક સીમાચિહ્ન પૂર્ણ કરે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઈનાન્શિયલ સર્વિસીઝે (આઈએલએન્ડએફએસ) એક લિસ્ટિંગ સમારંભમાં એનએસઈ પર રોડસ્ટાર ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ InvIT (આરઆઈઆઈટી)નું લિસ્ટિંગ કર્યું હતું. આ પ્રસંગે આઈએલએન્ડએફએસ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નંદ કિશોર, રોડસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ લિમિટેડ (આરઆઈએમએલ)ના ચેરમેન ડો. જે એન સિંહ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ડેની સેમ્યુઅલ તથા નવા બોર્ડના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જ્યુનિપર ગ્રીન એનર્જી કમિશન ૧૦૦ મેગાવોટ સૌર ઉર્જા પ્રોજેક્ટ દ્વારા ભૂટાનને સરહદ પાર વીજળી પૂરી પાડશે

### ભારતના રાજસ્થાનમાં જ્યુનિપર ગ્રીન એનર્જીના પ્રથમ વેપારી પ્લાન્ટમાંથી વીજળી મેળવવામાં આવશે

અમદાવાદ | તા 11

જ્યુનિપર ગ્રીન એનર્જીએ તેના ૧૦૦ મેગાવોટના સૌર પ્રોજેક્ટને સફળ રીતે શરૂ કરવાની જાહેરાત કરી, જે ભૂટાનને સરહદ પાર વીજળી પૂરી પાડશે. આ સિદ્ધિ કંપનીના પ્રથમ વેપારી પ્લાન્ટ અને ટકાઉ ઊર્જામાં એક મહત્વપૂર્ણ વિકાસને ચિહ્નિત કરે છે. આ પ્રોજેક્ટ એક મહત્વપૂર્ણ સરહદ પાર વીજળી કરારને સરળ બનાવે છે, જેનો ઉદ્દેશ શિયાળાના મહિનાઓ દરમિયાન ભૂટાનને ઉત્પન્ન થતી વીજળીમાથી ૫૦% વીજળી પૂરી પાડવાનો છે. આ કરાર ભૂટાનને દ્વિપક્ષીય વેપાર માળખા હેઠળ ભારતીય જનરેટર પાસેથી સીધી વીજળી આયાત કરવાની મંજૂરી આપે છે. દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રોની વધતી જતી ઊર્જા માંગને પહોંચી વળવા માટે આવા સરહદ પારના વીજળી વ્યવહારો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પ્રદેશની ભૌગોલિક વિવિધતા ઊર્જા સ્ત્રોતોને એકીકૃત કરવાની, સરહદોની પેલે પાર ટકાઉપણું અને ઊર્જા સુરક્ષાને પ્રોત્સાહન આપવાની એક અનોખી તક પૂરી પાડે છે. આ સિદ્ધિ પર ટિપ્પણી કરતા જ્યુનિપર ગ્રીન એનર્જીના સીઈઓ શ્રી નરેશ મનસુખાનીએ જણાવ્યું હતું કે, "અમે ભૂટાનને અમારી પહેલી ક્રોસ બોર્ડર વીજળી સપ્લાયની જાહેરાત કરતા આનંદ થાય છે. જ્યુનિપર ગ્રીન એનર્જી માટેનું આ પગલું પ્રાદેશિક ઉર્જા સહયોગ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમારી પ્રથમ ક્રોસ-બોર્ડર ઊર્જા વેપાર ઊર્જા એકીકરણમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિને ચિહ્નિત કરે છે. આ પહેલ ચાવીરૂપ લોકોને શક્તિ આપીને પ્રાદેશિક ઉર્જા સુરક્ષાને સરળ બનાવે છે.રાજસ્થાનમાં સ્થિત આ સૌર પ્રોજેક્ટ કુલ ૧૦૦ મેગાવોટની ઉત્પાદન ક્ષમતામાં ફાળો આપે છે. જ્યુનિપર ગ્રીન એનર્જીના સીઓઓ શ્રી અંકુશ મલિકે ઉમેર્યું હતું કે, 'આ સૌર ઉર્જા પ્રોજેક્ટનું કમિશનિંગ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. સરહદ પારના વ્યવહાર દ્વારા વીજળી પૂરી પાડીને, અમે પ્રાદેશિક ઉર્જા સહયોગમાં યોગદાન આપી રહ્યા છીએ. આ પ્રોજેક્ટ દર્શાવે છે કે ઊર્જા કેવી રીતે ટકાઉ વિકાસ લક્ષ્યોને ટેકો આપતી વખતે રાષ્ટ્રો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપી શકે છે.'

# આ હોળીને કેલિફોર્નીયા બદામ સાથે સ્વસ્થ અને ખાસ બનાવો

(એજન્સી) મુંબઇ | તા 11

રંગોનો તહેવાર એટલે હોળી, ખુશાલી, એકઠા થવાનો અને સાંસ્કૃતિક ગતિશીલતાનો સમય. વસંત ઋતુના આગમન અને કરાબ પર સારાના વિજયને ઉજવણી કરવાનો પણ સમય છે, તે લોકોને સંગીત, હાસ્ય અને મનગમતા નાસ્તામાં રચ્યાપચ્યા રહેવાની સાથે એક સાથે લાવે છે. ગળી ચીજો જેમ કે ગુજીયા અને માલપુઆથી લઈને સ્વાદિષ્ઠ ઠંડાઈ અને સ્વાદિષ્ટ નાસ્તાઓ, વિવિધ ખોરાક આ ઉજવણીઓમાં કેન્દ્ર સ્થાને હોય છે. આમ છતાં આ તમામ ઉત્સાહની વચ્ચે, આપણે શું ખાઈએ છીએ તે બાબતે સતર્ક રહેવાનું અગત્યનું છે, તળેલા અને ખાંડવાળા પદાર્થોનું વધુ પડતુ સેવન કરવાથી આપણા સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડી શકે છે. આ પ્રકારનું ખાવાની વચ્ચે સંતુલન રાખવાનો સરળ માર્ગ છે પોષણ, જે સૂકામેવામાં રાજા એવા કેલિફોર્નીયા બદામને હોળીના નાસ્તાઓમાં સમાવેશ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે. ભારતની અત્યત લોકપ્રિય કેલફોર્નીયા બદામ કુદરતી રીતે જ 15 આવશ્યક પોષણો જેમ કે પ્રોટીન, સ્વસ્થ ફેટ્સ અને




વજન સંચાલનમાં ટેકો આપે છે, બ્લડ સુગર સ્તરને રેગ્યુલેટ કરવામાં મદદ કરે છે અને બેડ કોલેસ્ટરલ સ્તરોમાં ઘટાડો કરે છે, જે તેને દરેક માટે સુંદર પસંદગી બનાવે છે. બદામ તૃપ્તીના ગુણધર્મો પ્રદાન કરે છે, જે તમને લાંબા ગાળા સુધી તૃપ્ત હોવાની અનુભૂતિ કરાવે છે, અને બિનસ્વસ્થ નાસ્તા ખાવાની તૃષામાં ઘટાડો કરે છે. તેમની કુદરતી ઉર્જા વધારતા ગુણધર્મો તમને સક્રિય રહેવામાં અને ઉર્જાયુક્ત રહેવામા મદદ કરે છે - જે તહેવારના ઉત્સાહમાં સ્વસ્થ રહેવા માટે જરૂરી છે. તેનો સૌથી શ્રેષ્ઠ ભાગ ક્યો છે? કેલિફોર્નીયા બદામ અત્યંત ઉત્તમ છે અને સુગમ છે. ચાહે હોળીની સ્વાદિષ્ટ વાનગીઓમાં વધુ ક્રંચ માટે ઉપયોગમાં લેવાતા હોય કે પછી પોતાની રીતે માણવા માટે, તે ઉત્સવના આનંદને સ્વાદિષ્ટ અને સ્વસ્થ બનાવે છે. આ હોળી, રંગો, આનંદ અને બદામની સ્વાદિષ્ટતા સાથે ઉજવો - એક એવો તહેવાર સુનિશ્ચિત કરો જે જેટલો પૌષ્ટિક હોય તેટલો જ આનંદદાયક પણ છે. બોલિવુડ અભિનેત્રી સોહા અલી ખાનએ જણાવ્યું હતુ કે, 'હોળી મારા સૌથી પ્રિય તહેવારોમાંનો એક છે, આનંદ, એકતા અને સ્વાદિષ્ટ વાનગીઓનો પણ સમય છે! મને મારા પરિવાર અને મિત્રો સાથે ઉજવણી કરવાનું ખૂબ ગમે છે. પરંપરાના ભાગ રૂપે, હું હંમેશા ખાસ ઉત્સવની મીઠાઈઓ એક સ્વસ્થ વિચાર સાથે તૈયાર કરું છું. મારી પ્રિય વાનગીઓમાંની એક ગ્રીલ્ડ બદામ બરફી છે, જેમાં બદામની મીઠાશ, કુદરતી મીઠાશનો સ્પર્શ અને ગ્રીલિંગ પ્રક્રિયા તેને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક બનાવે છે. બદામ મારા માટે રોજિંદા જીવનમાં - ફક્ત તેમની વૈવિધ્યતા માટે જ નહીં પરંતુ તેમના અદ્ભુત સ્વાસ્થ્ય લાભો માટે પણ જરૂરી છે. તેઓ મને લાંબા સમય સુધી ઉર્જાવાન અને ભરપૂર રાખે છે, જેનાથી તહેવારોનો આનંદ માણતી વખતે બિનઆરોગ્યપ્રદ ભોગવિલાસ ટાળવાનું સરળ બને છે.'

# ઝાયડસે ફ્રાન્સની એમ્પ્લિટ્યૂટ સર્જિકલમાં પ્રતિ શેર 6.25 યુરોની કિંમતે બહુમતી શેરહોલ્ડિંગ ખરીદવા માટે વિશેષ વાટાઘાટો શરૂ કરી છે

અમદાવાદ - વેલેન્સ (ફ્રાન્સ) | વૈશ્વિક ઈનોવેશન આધારિત લાઇફસાયન્સિસ કંપની ઝાયડસ લાઇફસાયન્સિસ લિમિટેડે[2] ("Zydus") પીએઆઈ પાર્ટનર્સ અને એમ્પ્લિટ્યૂડ સર્જિકલના મેનેજમેન્ટ ઉપરાંત બે લઘુમતી શેરધારકો[3] પાસેથી એમ્પ્લિટ્યૂડ સર્જિકલ (ISIN: FR0012789667, Ticker: AMPLI, PEA-PME eligible) ("Amplitude Surgical" or the "Company") ની 85.6 ટકા શેર મૂડી એમ્પ્લિટ્યૂડ સર્જિકલના શેર દીઠ 6.25 યુરોની કિંમતે ખરીદવા માટે[3] વિશિષ્ટ વાટાઘાટો શરૂ કરી છે. હિસ્સો હસ્તગત કરવાની આ કિંમત 10-03-2025ના રોજ છેલ્લા બંધ ભાવના 80.6 ટકા પ્રીમિયમ અને એમ્પ્લિટ્યૂટ સર્જિકલની 3 મહિનાની અને 6 મહિનાની વોલ્યુમ-વેઈટેડ એવરેજ પ્રાઇઝના અનુક્રમે 88.2 ટકા અને 92.2 ટકા પ્રીમિયમ દર્શાવે છે.

એમ્પ્લિટ્યૂડ સર્જિકલ એ હાઇ-ક્વોલિટી, લૉઅર-લિમ્બ ઓર્થોપેડિક ટેક્નોલોજીસમાં યુરોપિયન મેડટેક ક્ષેત્રની લીડર છે. કંપની દર્દીઓ, સર્જન્સ અને હેલ્થકેર ફેસિલિટીઝની જરૂરિયાતોને શ્રેષ્ઠ રીતે પહોંચી વળવા માટે અનેક વેલ્યુ-એડેડ ઈનોવેશન્સ પૂરા પાડે છે જેમાં ની અને હિપ પ્રોસ્થેસીસની ડિઝાઇન અને ડેવલપમેન્ટનો સમાવેશ થાય છે, જે ક્ષતિગ્રસ્ત કે ઘસાઈ ગયેલા સાંધાના સ્થાને




ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. પીએઆઈ પાર્ટનર્સના મીડ-માર્કેટ ફંડ દ્વારા સમર્થિત એમ્પ્લિટ્યૂડ સર્જિકલે નવી પ્રોડક્ટ ડેવલપમેન્ટ, આંતરરાષ્ટ્રીય વૃદ્ધિ, ઉત્પાદન ક્ષમતાઓમાં તથા આરએન્ડડીમાં રોકાણ થકી છેલ્લા ચાર વર્ષોમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. 30 જૂન, 2024ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષમાં એમ્પ્લિટ્યૂડ સર્જિકલે આઈએફઆરએસ હેઠળ કન્સોલિડેટેડ આધાર પર 27.1 મિલિયન યુરોની એબિટા અને 106.0 મિલિયન યુરોનું વેચાણ નોંધાવ્યું છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂરા થતા છ મહિનાના ગાળા માટે એમ્પ્લિટ્યૂડ સર્જિકલનું કન્સોલિડેટેડ વેચાણ 51.5 મિલિયન યુરો રહ્યું હતુ જેમાં એબિટા માર્જિન લગભગ 25.4 ટકા હતું).

ઝાયડસ લાઇફસાયન્સિસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ડો. શર્વિલ પટેલે જણાવ્યું હતું કે "સાયન્સ, હેલ્થ અને ઈનોવેશનમાં અમારા વારસાના લીધે અમે દર્દીઓની સફર અને તેમની સારવારના ઉપાયોની ગાઢ સમજ કેળવી છે.

# વોર્ડવિઝાર્ડ ઇનોવેશન્સે ફિલિપાઇન્સમાં વધુ ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સ ડિસ્પેચ કર્યા

વડોદરા | 'જોય ઈ-બાઈક' અને 'જોય ઈ-રિક' બ્રાન્ડ હેઠળ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરતી ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક વાહન કંપની વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડ (વીઆઈએમએલ) એ બેઉલા ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ કોર્પોરેશન સાથેની તેની 1.29 અબજ ડોલરની ભાગીદારીમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. કંપનીએ સ્થાનિક બજારમાં તેના વાહનોની અનુકૂળતા સુનિશ્ચિત કરવા માટે પરીક્ષણ માટે વધારાના ચાર કસ્ટમાઇઝ્ડ ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સને સફળતાપૂર્વક ફિલિપાઇન્સ મોકલ્યા છે. નાણાકીય વર્ષ 24-25ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ઈ-ટ્રાઇક (ડ્રાઈવર + 10)ના પ્રારંભિક શિપમેન્ટ બાદ આ નવા વાહનો મોકલવામાં આવ્યાં છે, જે ફિલિપાઈન્સમાં સાતત્યપૂર્ણ પરિવહન ઉકેલોની મદદથી જાહેર પરિવહનમાં પરિવર્તન લાવવાની વોર્ડવિઝાર્ડની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. કંપનીએ રવાના કરેલાં ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સને ફિલિપાઈન્સની જાહેર અને વાણિજ્યિક પરિવહનની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. લાઇનઅપમાં શહેરી મુસાફરી માટે ડ્રાઈવર + 2 +3 બેઠક સાથેનું મોડેલ 1 (લાઇટ વર્ઝન), ડ્રાઈવર + 3+3 સાથેનું મોડેલ 2 (હેવી વર્ઝન) વધુ પેસેન્જર ક્ષમતા માટે બેસવાની ક્ષમતા ધરાવે છે, અને શેર્ડ મોબિલિટી માટે ડ્રાઈવર + 6 (3+3 ફેસિંગ) સાથે મોડેલ 3 નો સમાવેશ થાય છે.



આ ઉપરાંત ટકાઉ લોજિસ્ટિક્સને ટેકો આપવા માટે થ્રી વ્હીલર કાર્ગો/લોડર પણ મોકલવામાં આવ્યું છે. આ વાહનો સ્થાનિક પરિવહન ધોરણો અને ફિલિપાઈન્સ સરકાર દ્વારા નિર્ધારિત નિયમનોનું પાલન સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત પરીક્ષણમાંથી પસાર થશે, જે સ્થાનિક બજાર માટે તેમની યોગ્યતાનું મૂલ્યાંકન કરશે. વોર્ડવિઝાર્ડ ઈનોવેશન્સ એન્ડ મોબિલિટી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર યતિન ગુપ્તેએ જણાવ્યું હતું કે, ' ફિલિપાઈન્સના સાતત્યપૂર્ણ પરિવહનની દિશામાં મહત્વનું યોગદાન આપનાર બેઉલા ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ કોર્પોરેશન સાથેની અમારી ભાગીદારીમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરીને અમે આનંદની લાગણી અનુભવી રહ્યાં છે. વોર્ડવિઝાર્ડ ખાતે અમે નવીન, કાર્યદક્ષ અને બજારને લગતા ઈવી સોલ્યુશન્સ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ. આ વધારાના વાહનોને પરીક્ષણ માટે રવાના કરવામાં આવ્યા છે, અમે આ વ્યૂહાત્મક સહયોગ હેઠળ અમારી પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવામાં સતત પ્રગતિ કરી રહ્યા છીએ.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, ફાગણ સુદ-13

# આખરે વિશ્વના શેરબજારો કેમ ધ્રુજી ઉઠ્યા...



વિશ્વના શેરબજારો માટે મંગળવારનો દિવસ ભૂકંપ સાબિત થયો. અમેરિકાના શેર બજારમાં ભયંકર કડાકો બોલતાં વૈશ્વિક બજારો પણ ધ્રૂજી ઊઠ્યા, જેમાંથી ભારત પણ બાકાત નથી. ભારતીય રોકાણકારોએ પણ અબજો રૂપિયાની મૂડી ગુમાવી છે. એકલા અમેરિકામાં જ એક દિવસમાં 1700 અબજ ડૉલરની મૂડી ધોવાઈ ગઈ છે, જે ભારતના જીડીપીના 40% જેટલી થવા જાય છે. ચાલો, જાણીએ કે કયા કારણોસર દુનિયાભરના બજારોમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે. ડાઉ જોન્સમાં 900 પોઈન્ટ(2.1 ટકા)નો જંગી ઘટાડો થઈ ગયો હતો અને તે 4 મહિનામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયો હતો. નાસ્ડેકમાં પણ અઢી વર્ષમાં સૌથી મોટો 4 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે 725 પોઈન્ટ ઘટીને 6 મહિનાના સૌથી નીચા સ્તરે બંધ રહ્યો હતો. GIFT નિફ્ટી 200 પોઈન્ટ ઘટીને 22300 પોઈન્ટ પર બંધ થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનને પગલે શેરબજારોની પનોતિ બેઠી હોવાનું કહેવાય છે. રવિવારે ફોક્સ ન્યૂઝના શો 'સન્ડે મોર્નિંગ ફ્યુચર્સ વિથ મારિયા બાર્ટિરોમો'માં ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે, 'શું તમે આ વર્ષે મંદીની અપેક્ષા રાખો છો?' ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો હતો કે, 'મને આવી વસ્તુઓની આગાહી કરવી ગમતી નથી, પરંતુ અમે મોટા પાયે ફેરફારો કરી રહ્યા છે, તેથી અમેરિકામાં થોડો સમય આર્થિક હલચલ સર્જાશે. જો કે, અમે અમેરિકામાં ઘણી સંપત્તિ પાછી લાવી રહ્યા છીએ, એ મોટી વાત છે.' ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં મંદીની શક્યતાને નકારી ન હોવાથી અમેરિકન રોકાણકારો ચિંતામાં મુકાઈ ગયા હતા, જેને લીધે માર્કેટ પ્રભાવિત થયું હતું. ટ્રમ્પના નિવેદન બાદ અમેરિકાના શેરબજારોમાં કડાકો બોલી ગયો હતો. અમેરિકન બજારોના ધરાશાયી થવામાં મંદીના ભય ઉપરાંત ટ્રમ્પની આર્થિક નીતિઓ પણ કારણભૂત છે. ટ્રમ્પે વિશ્વભરના દેશો સામે આક્રમક ટેરિફ યુદ્ધ છેડ્યું છે. અમેરિકાના વહીવટી ખર્ચમાં કાપ મૂકવા માટે કર્મચારીઓની આડેધડ છટણી કરાઈ રહી છે. આ બધાં કારણોને લીધે અમેરિકામાં આર્થિક અનિશ્ચિતતાઓનો માહોલ સર્જાયો છે. પરિણામે રોકાણકારો યુએસ ટ્રેઝરી બોન્ડ્સ જેવી સુરક્ષિત અસ્કયામતો તરફ વળી ગયા છે. અમેરિકન બજારમાં કડાકો બોલતાં એની પ્રતિકૂળ અસર વૈશ્વિક બજારો પર પણ જોવા મળી હતી. જાપાનના નિક્કીમાં 225 1.7 ટકા (1000 પોઈન્ટ)નો ઘટાડો જોવા મળ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો S&P/ASX 200 0.9 ટકા તૂટ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.5 ટકા ઘટ્યો હતો. ચીનના શાંઘાઈ કમ્પોઝિટમાં 0.4 ટકાનો ઘટાડો થયો હતો, તો હોંગકોંગના હેંગસેંગમાં 0.9 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આમ, એશિયા સહિતના બજારોમાં પણ ટૂંકા ગાળા માટે અમેરિકન બજારોના સેન્ટિમેન્ટની અસર રહી શકે છે. ભારતીય શેરબજારમાં સેન્સેક્સમાં લગભગ 414.05 પોઈન્ટ્સ(0.56 ટકા)નો કડાકો બોલ્યો હતો. સેન્સેક્સના 30માંથી 21 શેરો ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે. નિફ્ટીમાં લગભગ 140.15 પોઈન્ટ(0.62 ટકા)નો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટીના 50માંથી 33 શેરો ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. એવું કહેવાય છે કે, ટ્રમ્પની નીતિઓના કારણે ટૂંકા ગાળાની મંદી આવી શકે છે અને ભારત પણ તેમાંથી બાકાત નહીં રહી શકે. શેરબજારમાં સર્જાયેલા ભૂકંપને પરિણામે ભારતીય રોકાણકારોને લગભગ રૂ. ત્રણ લાખ કરોડનું નુકસાન થયું છે. BSE લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ ઘટીને રૂ. 390.91 લાખ કરોડ થઈ ગયું છે, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. 393.85 લાખ કરોડ હતું. એટલે કે આજના વેપારમાં રોકાણકારોને રૂ. 2.94 લાખ કરોડનું નુકસાન થયું છે. માર્કેટ ક્રેશની સૌથી મોટી અસર અમેરિકન ટેક કંપનીઓના શેરોને થઈ છે. 2023 થી 2024 દરમિયાન 820 ટકાથી વધુનો ગ્રોથ કરનાર Nvidiaના સ્ટોક વેલ્યુમાં 5.1 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આ સિવાય - ક્રુઝ-લાઈન ઓપરેટર કાર્નિવલ કોર્પોરેશનના શેર 7.6 ટકા ઘટ્યા હતા, તો યુનાઈટેડ એરલાઈન્સના શેરમાં 6.3 ટકાનો ઘટાડો થયો હતો. ઈલોન મસ્કની કંપની 'ટેસ્લા'ને 15.4 ટકાનો તીવ્ર ઘટાડો થયો હતો. આ સાથે કંપનીની વર્ષ 2025ની કુલ ખોટ 45 ટકા થઈ ગઈ હતી. વિશ્લેષકોનું કહેવું છે કે, ટ્રમ્પ સાથેનો ઘરોબો મસ્ક માટે ફાયદાને બદલે આર્થિક નુકસાનનો સોદો સાબિત થઈ રહ્યો છે.

માફિયાઓ કરનેટ રતનપુર ને જોડતા પુલની બાજુમાં રેતી ખનન કરતાં જોવા મળ્યા

# છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના રતનપુર-કરણેટ પુલ પાસે ગેરકાયદે થતા રેતી ખનનનું હજુ પણ યથાવત

કમલેશ પટેલ । સંખેડા

સંખેડા-ડભોઈ તાલુકા વચ્ચે રતનપુર અને કરણેટ ગામ વચ્ચે ઓરસંગ નદીના પુલની બિલકુલ બાજુમાં ટ્રેક્ટર મારફતે થતા રેતીના ગેરકાયદેસર ખનનનું કૌભાંડ ઘણા સમયથી યથાવત જોવા મળી રહ્યું છે જેની જાગૃત નાગરિક દ્વારા પહેલા પણ કલેક્ટર, પોલીસ અને ખાણ ખનીજ ખાતાને આની જાણ કરી હતી પરંતુ દીવા નીચે અંધારા જેવી પરિસ્થિતિ જણાઈ આવે છે . સંખેડા-ડભોઈ તાલુકા વચ્ચે રતનપુર અને કરણેટ ગામ વચ્ચેથી ઓરસંગ નદી પસાર થાય છે. અહીંયા પૂલ બનેલો છે. મેંવાસ વિસ્તારના રહીશો માટે જીવાદોરી સમાન છે. આ વિસ્તારના ઉપરાંત બોડેલી તાલુકાના કોસિન્દ્રા સુધીના ગામોના વાહનચાલકો માટે આ પુલ આશીર્વાદ સમાન છે. આ



વિસ્તારના રેતિમાફિયાઓ પુલની બિલકુલ બાજુ માં ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરે છે. પુલ નજીક મોટા પ્રમાણમાં ખોદકામ થઈ ચૂક્યું છે. ગત વર્ષે પણ રતનપુરના સરપંચ મોતીભાઈ રોહિતે જિલ્લા ક્લેકટર અને ખાણ ખનીજ ખાતાને લેખિત રજૂઆતો કરી હતી. જે બાદ તંત્ર એકશનમાં આવ્યું હતું અને ગેરકાયદે રેતી ખનન કરનારાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ હતી. પરંતુ ખનીજ તંત્રના આશીર્વાદથી હજી પણ આ વિસ્તારમાં ટ્રેક્ટર તેમજ ટ્રક મારફતે ગેરકાયદે રેતીખનનની પ્રક્રિયા મોટા પાયા પર ચાલી રહી છે. કરણેટ પુલની બાજુમાંથી રેતી ખનન, પુલના અસ્તિત્વ સામે જોખમ છે. રેતીખનનથી ડભોઈ નગરને પીવાનું પાણી પૂરુંપાડતી લાઇનની પાઈપો તૂટે તેવી પરિસ્થિતિ છે અહીંયા ડભોઈ નગરને પીવાનું પાણી પૂરું પાડતી લાઈન માટે કૂવા છે. નદી પટના આ કૂવા પાસે પણ મોટા પાએ રેતીખનન થયું છે. જેથી પાણીની લાઈનની અમુક પાઈપો પણ તૂટી ગઈ છે. તેમાંથી પાણી નીકળતું જોવા મળ્યું. છે પુલ પાસે જ ખોદકામ થી પુલ તૂટવા નું જોખમ ઊભું થાય એમ છે ટ્રેક્ટરો મારફતે પુલ નજીકની ભેખડો ગેરકાયદેસર ખોદી નંખાઈ છે. આ પુલ મેવાસ વિસ્તારના લોકોને ડભોઈ અને વડોદરા જવાનો ટૂંકો રસ્તો છે. પુલ નજીકથી ગેરકાયદે રેતી ખોદી નજીકના વિસ્તારોમાં આ રેતીનો સ્ટોક કરાય છે અને તેમાંથી ટ્રકો ભરીને બહાર મોકલાય છે આવા તત્ત્વો વિરુદ્ધ ખનીજત તંત્ર દ્વારા કાર્યવાહી કરવા આવશે?? કે પછી ઘોડા છૂટ્યા પછી તબેલાના તળા મારવામાં આવશે તે જોવું રહ્યું.

## બહાદરપુર નેચરલ ક્લબના પ્રકૃતિ પ્રેમી એવા પ્રતિકભાઇ દ્વારા મહાકાય અજગરનું રેસક્યુ કરવામાં આવ્યું



કમલેશ પટેલ । સંખેડા

સંખેડા સુરેશભાઈ ભોઈ ની નદીમાં વાડી છે ત્યાં મહાકાય અજગર નીકળતા નેચરલ ક્લબ ના પ્રકૃતિ પ્રેમી પ્રતિકભાઈ ને ફોન કરતા ત્યાં સ્થળ પર પહોચી અજગર ને જહેમત બાદ સહી સલામત પકડી કુદરતી વાતાવરણ માં મુક્ત કરવામાં આવતા ખેતી કરતા ભોઈ સમાજ લોકો દ્વારા પ્રતિક ભાઈની પ્રશંસનીય કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

નજીકના કોઈ ખેતરના ખેડૂતનું આ કૃત્યુ હોવાનું અનુમાન

# નગરપાલિકાની દીવાલ, લેટ્રીન, બાથરૂમ તોડી ગાર્ડનની જગ્યામાં પતરાનો સેડ ઊભો કરાતા આશ્ચર્ય

## ગાર્ડન કમિટીના ચેરમેન મીરાબેન ભવાની પ્રસાદ કહારની નજરે પડતા ભાંડો ફૂટ્યો

ભરત શાહ । નર્મદા

રાજપીપળા નગરપાલિકા ના મુખ્ય ગાર્ડન પાછળ બનાવેલ પ્રોટેક્શન વૉલ અને ત્યાં ઊભા કરેલા લેટરીન બાથરૂમ તોડી નાખી ત્યાં એક પતરા નો સેડ કોઈકે ઊભો કરી દેવાની વાત મુખ્ય અધિકારી ના ધ્યાને આવતા તેઓ ખુદ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ આ કૃત્યુ કોણે કર્યું છે તે દિશામાં તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર રાજપીપળા ના પ્રવેશદ્વાર કાલાઘોડા પાસે આવેલા નગરપાલિકા ના ગાર્ડન માં પાછળ ના ભાગે પ્રોટેક્શન વૉલ અને લેટરીન બાથરૂમ બનાવ્યા હતા જોકે છેક પાછળ ના ભાગે ખાસ કોઈ જતું નહીં હોય તેનો લાભ ઉઠાવી કોઈકે આ જગ્યા પરથી પ્રોટેક્શન વૉલ અને લેટરીન બાથરૂમ તોડી નાખી નીચે ના ભાગે એક મોટો પતરા નો સેડ બનાવી દીધો છે જોકે આ બાબત ગાર્ડન કમિટી ના ચેરમેન મીરાબેન ભવાની પ્રસાદ કહાર ના ધ્યાને આવતા તેમણે મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયા ને આ બાબતની જાણ કરતા મુખ્ય અધિકારી પણ



ચોંકી ઉઠ્યા કે આવી હિંમત કોણે કરી અને જેણે કરી હોય તેની સામે કડક પગલા લેવા માટે તેઓ ગાર્ડન માં તપાસ અર્થે દોડી ગયા હતા. આ બાબતે પાલિકાના મુખ્ય અધિકારી રાહુલ ઢોડીયા એ જણાવ્યું કે અમારા ધ્યાન પર આ બાબત આવતા અમે સ્થળ તપાસ કરી અને આ કરતૂત જેણે પણ કરી છે તેની તપાસ કરી આગળ પગલા લઈશું, કેમ કે પાલિકા ની દીવાલ અને અન્ય બાંધકામ તોડી નાખી ગેરકાયદેસર પતરા નો સેડ ઊભો કર્યો છે માટે અમે આગળ કાર્યવાહી કરીશું.

# મેળામાં જિલ્લા પોલીસ વિભાગની SHE ટીમે ગુમ થયેલ બાળકને પરિવાર સાથે પુનઃ મેળાપ

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા ખાતે ડાંગ દરબારનો મેળો શરૂ થયો છે.ડાંગ જિલ્લાનાં ડાંગ દરબારમાં રોજેરોજ ભીડ વધી રહી છે.ત્યારે મેળામાં આવતા દરબારીઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા પોલીસ વિભાગ કટિબદ્ધ બન્યુ છે.ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ કાર્યરત ડાંગ જિલ્લા પોલીસ વિભાગની 'SHE TEAM' દ્વારા ખોવાઈ ગયેલ બાળકને શોધીને પરિવાર સાથે પુનઃ



મિલાપ કરાવી સરાહનીય કામગીરી કરી છે.એક પરિવાર ડાંગ દરબારનાં મેળામાં ફરવા માટે આવેલ હોય ત્યારે તેમની પાસેથી પોતાનુ એક નાનું બાળક આશિષ અલગ થઈ ગયુ હતુ.અને આ બાળક રડતુ રડતુ રંગ ઉપવન ખાતેથી મળી આવેલ હતુ.જે બાદ ડાંગ જિલ્લાની SHE ટીમ દ્વારા તાત્કાલિક બાળકના માતા પિતાની શોધ ખોળ હાથ ધરાઈ હતી.અને ગણતરીના સમયમાં જ બાળક આશિષના બહેન અને માતાને શોધી બાળકને પરિવારને સોંપી દેવામાં આવ્યો હતો.ત્યારે પરિવારે ડાંગ જિલ્લા પોલીસ વિભાગનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને તેમની કામગીરીને બિરદાવી હતી.

## ચાણસ્મા નાગરિક બેંકના હોદેદારોની અઢી વર્ષની મુદ્દત પુરી થતાં સર્વાનુમતે વર્તમાન પ્રમુખ સહિતના હોદેદારોને રીપીટ કરાયા

નીતિન ઠાકર । ચાણસ્મા

ચાણસ્મા નાગરિક બેંક ના હાલના પ્રમુખ ઉપ પ્રમુખ મેનેજીંગ ડીરેક્ટર સહિત ના હોદેદારો ની અઢી વર્ષ ની મુદ્દત પૂર્ણ થતાં નાગરિક બેંક ચાણસ્મા ની મળેલી સામાન્ય સભામાં પ્રમુખ તરીકે પટેલ રાજેશ કુમાર નારણભાઈ ઉપ પ્રમુખ તરીકે પટેલ સચ્ચિદાનંદ નાથાલાલ પટેલ મેનેજિંગ ડીરેક્ટર તરીકે મહેન્દ્રભાઈ મફતલાલ પટેલ ની બીજા અઢી વર્ષ માટે પુનઃ નિમણુંક કરતાં નાગરિક બેંક ચાણસ્મા ના પૂર્વ પ્રમુખ યોગીનભાઈ પટેલ ચાણસ્મા પાલિકા પૂર્વ ઉપપ્રમુખ સુનિલકુમાર કે પટેલ સહિત ચાણસ્મા નગર ની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ નગરજનો એ શુભેચ્છાઓ પાઠવી હતી ઉલ્લેખનીય છે કે ચાણસ્મા નાગરીક બેંક બેંક ના હોદેદારો ના માર્ગદર્શન નીચે બેંકના કર્મચારી ઓ દ્વારા આર્થિક ક્ષેત્રે મજબૂત બની બેંક ના ખાતેદારો ની સરાહનીય સેવા આપી સહકારી ક્ષેત્રે ધી ચાણસ્મા નાગરિક બેંક અગ્ર હરોળ માં સ્થાન પ્રાપ્ત કરતી મજબૂત આર્થિક સંસ્થા બની રાજ્ય માં ચાણસ્મા નગર નું સૂર્વણ અક્ષરે નામ અંકીત કરી રહી છે.

# ડાંગ જિલ્લાની 15 શાળાઓમાં માઇન્ડસ્પાર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળા લવચાલીમાં માઈક્રોસોફ્ટ દ્વારા સમર્થિત અને લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (LTPCT) અને એજ્યુકેશનલ ઈનિશિયેટિવ પ્રાઈવેટ લિમિટેડ (EI)દ્વારા અમલમાં મુકાયેલો પ્રોજેક્ટ માઈન્ડસ્પાર્ક પ્રાથમિક શાળાઓમાં ચલાવવામાં આવી રહ્યો છે.જેમાં વિદ્યાર્થીઓ તેમના શિક્ષણ પ્રકાર મુજબ ગુજરાતી, અંગ્રેજી અને ગણિત વિષયોનો અભ્યાસ કરી રહ્યા છે. હાલમાં, માઈન્ડસ્પાર્ક કાર્યક્રમ ડાંગ જિલ્લાની 15 શાળાઓમાં ચલાવવામાં



આવી રહ્યો છે.આ ટીમ લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (LTPCT) વતી સી.એસ.આર.વડા ગાયત્રીબેન સ્વાતિ જી,જ્યોતિ જી અને અરુણજી હાજર રહ્યા હતા.આ એજ્યુકેશનલ ઈનિશિયેટિવ (EI) ટીમના રણધીર સિંહ, મોહમ્મદ સિદીક, રાઠોડ મહેન્દ્રભાઈ અને યેસુભાઈ પણ હાજર જોવા મળ્યા હતા. આ પ્રસંગે લવચાલી પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ પલિકાજી પણ હાજર રહ્યા હતા.અહી માઈન્ડસ્પાર્ક લેબની મુલાકાત દરમિયાન ટીમે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંસ્થાના વડા પાસેથી કાર્યક્રમ વિશે પ્રતિસાદ લીધો હતો. આ ઉપરાંત કાર્યક્રમમાં સારું પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ અને સંસ્થાના વડાને પ્રમાણપત્રો અને સ્પાર્કી બેજ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સોમવારે પડેલી અતિશય ગરમીએ વન કર્મીનો ભોગ લીધો

## ઉમરવા જોષી ગામના જંગલ માં લાગેલી આગમાં એક રોજમદારને આકરી ગરમી માં ચક્કર આવતા મોત

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ઉમરવા જોષી ગામમાં આવેલ જંગલમાં દવ માં આગ લાગતા ત્યાં હાજર એક રોજમદાર કર્મચારી નું અતિશય ગરમી ના કારણે ચક્કર આવતા મોત થયું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર મરનાર વિક્રમભાઈ માનસીંગભાઈ તડવી ઉ.વ.૫૪ રહે-નઘાતપોર તા-ગરૂડેશ્વર જી.નર્મદાના ઓને તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ ઉમરવા જોષી ગામથી માથાવાડી ગામ જતા રસ્તા ઉપર ટાંકીથી થોડા ઉપર જંગલ માં લાગેલી આગ ઓલવવા ની કામગીરી વન કર્મીઓ કરી રહ્યા હતા ત્યારે સ્ટાફ ને તરસ લાગતા વિક્રમભાઈ તડવી સ્ટાફ માટે પાણી લેવા ગયા પરંતુ સોમવારે પડેલી આકરી ગરમીને કારણે તેમને અચાનક ચક્કર આવ્યા અને તરસ લાગતા પાણી પીધુ તેના પછી તેમને ઉલટી થઈ અને તેઓ બેભાન થઈ ગયેલ તે પછી તેમને PHC બોરીયા લઈ જવામાં આવ્યા અને ત્યાથી વધુ સારવાર માટે ૧૦૮ માં રાજપીપળા સિવીલમાં રીફર કરવામાં આવ્યા ત્યારે રાજપીપળા સિવીલમાં તેઓ મુત હાલતમાં આવ્યા હોવાનું ફરજ પર ના તબીબે જણાવતા ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.તપાસ ગરુડેશ્વર પો.સ્ટે.ના એ.એસ.આઈ. અતુલભાઈ ગંભીરભાઈ કરી રહ્યા છે.

# રાજપીપળા સિંધીવાડનો યુવાન અનેક રાયફલ શૂટિંગમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી અવ્વલ રહ્યો

ભરત શાહ । રાજપીપળા

રાજપીપળા સિંધીવાડ વિસ્તારમાં રહેતા કાદરી કૈફઅલી નાજીમઅલી ગુજરાત સ્ટેટ કક્ષા એ વડોદરા ખાતે રમાયેલી રાયફલ શૂટિંગ માં અવ્વલ આવ્યો ત્યારબાદ રાયફલ શૂટિંગ માં 2018 માં વડોદરા ડિસ્ટ્રિક્ટ રાયફલ એસો. માં યોજાયેલ સ્પર્ધા માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો, 2019 માં વડોદરા ડિસ્ટ્રિક્ટ રાયફલ એસો. માં સિલ્વર મેડલ, વડોદરા ડિસ્ટ્રિક્ટ શોર્ટ ગન શૂટિંગ કોમ્પિટિશન માં સિલ્વર મેડલ ત્યારબાદ હાલ રાયફલ શૂટિંગ એસો.ઓફ વડોદરા દ્વારા 19 રામદાસ એમ હલવાઇ મેમોરિયલ વડોદરા ડિસ્ટ્રિક્ટ શૂટિંગ ચેમ્પિયનશિપ.2025 માં 0.22 રાયફલ માં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો આમ રાજપીપળા ના આ યુવાને એક બાદ એક રાયફલ શૂટિંગ માં અનેક મેડલો મેળવી રાજપીપળા સહિત નર્મદા જિલ્લો અને ગુજરાત રાજ્ય નું ગૌરવ વધાર્યું છે.

જોકે આટલા મેડલો મેળવ્યા બાદ પણ આ યુવાન જોઈએ તેટલો ખુશ નથી કેમકે આ સ્પર્ધા માં ભાગ લેતા પહેલા તેને ખાસ જરૂરી પ્રેક્ટિસ છે પરંતુ તેની પાસે પોતાની રાયફલ નહી હોવાના કારણે તે જરૂરી પ્રેક્ટિસ કરી શકતો નથી અને તેનાજ કારણે કેટલીક




સ્પર્ધાઓ માં તેને સિલ્વર અને બ્રોન્ઝ મેડલો.મળ્યા છે બાકી આ યુવાન જો જરૂરી પ્રેક્ટિસ કરે તો દરેક સ્પર્ધા માં ગોલ્ડ મેડલ મેળવી શકે છે. માટે સરકાર આ યુવાન ને આગળ વધવા અને રાજ્ય નું નામ વધુ રોશન કરવા રાયફલ ની વ્યવસ્થા માટે મદદરૂપ બને તેવી આ યુવાન આશા રાખે છે.

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત શંકરભાઈ ચૌધરી અને ધારાસભ્યોએ સદસ્ય નિવાસમાં કરી સફાઈ



### વડાપ્રધાનની પહેલ થી આજે દેશનો દરેક નાગરિક સ્વમાનભેર સ્વચ્છાગ્રહી બન્યો છે : શંકર ચૌધરી

માહિતી । ગાંધીનગર । તા. 11

આજે ધારાસભ્ય સદસ્ય નિવાસસ્થાન ગાંધીનગર ખાતેથી વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને ધારાસભ્યોએ સાથે મળી 'સ્વચ્છતા હી સેવા અભિયાન ૩.૦' શરૂ કર્યું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા હી સેવાના મંત્રને સાર્થક કરતાં શ્રમદાન કરી સદસ્ય નિવાસ પરિસરની સ્વચ્છતા કરી હતી. જે બાદ સદસ્ય નિવાસમાં સફાઈ કામગીરી કરતી બહેનો સાથે સંવાદ કરી તેમની સાથે અલ્પાહાર કર્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારત મિશનને સ્વચ્છતા અભિયાન સાથે જોડી દેશને સ્વચ્છ બનાવવા માટેની પહેલ કરી છે. તેમણે શરૂ કરેલા અભિયાન અંતર્ગત આજે દેશના દરેક જાહેર સ્થળોએ સ્વચ્છતા જોઈ શકાય છે. દેશનો દરેક નાગરિક આજે સ્વમાનભેર સ્વચ્છાગ્રહી બન્યો છે. જે અભિયાનના ભાગરૂપે આજે ગાંધીનગર ખાતે સદસ્ય નિવાસમાં સાથી ધારાસભ્યો સાથે મળી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. સ્વચ્છતા સ્વભાવ બને, સ્વચ્છતા જીવનશૈલી બને તે માટે દેશ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો સફળ થયા છે. જેને આગળ ધપાવવા તેમજ સ્વચ્છ રાષ્ટ્રના નિર્માણ માટેની આ સહિયારી પહેલ છે. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ધારાસભ્ય નિવાસ સ્થાન ખાતે અન્ય ધારાસભ્યોશ્રીઓ સાથે મળીને સફાઈ અભિયાનમાં જોડાયા હતા. અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સફાઈ કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમની સાથે અલ્પાહાર કર્યો હતો. સદસ્ય નિવાસની સફાઈની કામગીરી કરનાર મહિલા સફાઈકર્મીઓના કામને બિરદાવ્યું હતું.

## ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, નર્મદા દ્વારા નમૂનાઓમાં ગેરરીતિ જણાતા વેપારીઓને રૂ.3.95 લાખનો દંડ ફટકાર્યો



ભરત શાહ । નર્મદા

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નર્મદા દ્વારા લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓમાંથી ત્રણ નમૂનાઓ નપાસ જાહેર થતા, સંબંધિત વેપારીઓ સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. એડજ્યુડીકેટીંગ ઓફિસર તથા નિવાસી અધિક કલેક્ટરની કોર્ટ, રાજપીપલામાં કેસ દાખલ કરી, કુલ રૂ. ૩. ૯૫ લાખનો દંડ ફટકારાયો હતો. દંડિત થયેલા વેપારીઓમાં શ્રી રામ લાઈવ બેકરી (રાજપીપળા), શ્રી રામ લાઈવ બેકરી, AKP ENTERPRISE (કીમ, સુરત), વિજય ટ્રેડિંગ કંપની (વડોદરા), Savatta Food Products (દમણ), હોટલ ફર્ન (કેવડીયા કોલોની) અને પ્રોવિઝન સ્ટોર (રાજપીપળા) સહિતના વેપારીઓનો સમાવેશ થાય છે. ખાદ્ય પદાર્થોમાં ખારી, Sukun Premium Cow's Ghee, PLAIN CURD (LOOSE) અને AKP Namkeen જેવા નમૂનાઓનો સમાવેશ થાય છે, જે નાપાસ જાહેર થયા હતા. જે અંગે એ.બી. રાઠવા, ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર, ભરૂચ/નર્મદા તરફથી જાણવા મળ્યું છે.

# ડેડીયાપાડાના સોરાપાડા રેન્જમાં આવેલ ગારદા ગામમાં કેસૂડો સોળે કળાએ ખીલ્યો

## વસંત ઋતુના આગમન થતાની સાથે જ ચારે બાજુ પાનખર ઋતુની વચ્ચે સુકાયેલા વૃક્ષો વચ્ચે કેસુડાના વૃક્ષો પર પુષ્પો ખીલે છે

ભરત શાહ । નર્મદા

ગુજરાત રાજ્યના પશ્ચિમ ભાગના નર્મદા જિલ્લાના પાંચ તાલુકાઓ પૈકી મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલ ડેડીયાપાડા તાલુકાનું ખોબા જેવડું ગામ ગારદા ડુંગરાળ ગામમાં આદિવાસીઓની વસ્તી છે. જેમનો વ્યવસાય ખેતી અને પશુપાલન છે, ગારદા ગામ ડેડીયાપાડા તાલુકા મથક થી અંદાજે ૧૫ કિ.મી. દૂર આવેલું છે. ગારદા ની આજુબાજુ ઘણુ ગાઢ અને વિશાળ જંગલ આવેલું છે ત્યારે આપણા જીવનના અનેક રંગો છે, અવનવા રંગોનો ફુલો સંદેશ આપે છે. એવા જ એક ફુલમાં કેસુડો છે. નર્મદા ડિવિઝન વન વિભાગ રાજપીપળા, સૌરાપાડા રેન્જ ના ગારદા ગામે વિશાળ જંગલમાં કેસુડાના ફુલો સૌંદર્ય પાથરી રહ્યા છે. કેસુડો બધા જ ફુલોમાં અલગ તરી આવતો કેસુડાના રૂપ, રંગ, સુગંધ ખુબ જ ઉપયોગી છે. બહુ ગુણકારી આ કેસરીયો કેસુડો ફાગણની હોળી ધુળેટીના પર્વનું વિશેષ મહત્વ છે. ફાગણના લાલચટક



કેસરી કેસુડાના ફુલ ડેડીયાપાડાના ગારદા ના જંગલ, વન વગડામાં ખીલી ઊઠેલા જોવા મળી રહ્યા છે. આમતો કેસુડો વસંત ઋતુનો પર્યાય ગણાય છે, કેસુડા જ્યારે ખીલે છે ત્યારે કેસરી ફૂલ જંગલની શોભા બની જાય છે. કેસુડાના ફુલની સૌંદર્યની દ્રષ્ટિએ, અને આરોગ્યની દ્રષ્ટિએ તેનું ખૂબ મહત્ત્વ છે કેસુડાના રંગોની હોળી લોકપ્રિય ગણાય છે, હોળી રમવા માટે કેસુડાનો પ્રાકૃતિક રંગ તરીકે તેનો ભરપૂર ઉપયોગ થાય છે. કેસુડાના ઉકાળેલા ગરમ પાણીથી સ્નાન કરવાથી ચામડીના રોગો પણ મટતા હોવાનું આયુર્વેદ કહે છે. જ્યારે કેસુડા નર્મદાના જંગલમાં પૂરબહારમાં ખીલી ઉઠે છે ત્યારે કેસુડા રંગનું ઘરેણું બની જાય છે. કે સૂર્ય વસંતઋતુનું પ્રતીક ગણાય છે હોળી નજીક આવે ત્યારે કેસુડાના લોકપ્રિય પ્રચલિત બની જાય છે. વસંત ઋતુના આગમન સાથે કેસુડાના ફૂલોની ચાદર છવાઈ જતા સમગ્ર વિસ્તારનું વાતાવરણ સોળે કળાએ ખીલી ઊઠે છે, માટે જ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેસુડા ટુરની શરૂઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેસુડો ના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. સંસ્કૃતમાં 'કિંશુક' તરીકે ઓળખાતું આ વૃક્ષ ખાખરો અને પલાશ જેવા નામોથી પણ પ્રચલિત છે.

# હોળીનું મહત્વ | ભગવાન શિવ-કામદેવ અને રાજા રઘુ સાથે સંબંધિત માન્યતાઓ

**હિન્દુ કેલેન્ડર મુજબ, હોલિકા દહન ફાલ્ગુન મહિનાની પૂર્ણિમાના દિવસે કરવામાં આવે છે. હોલિકા દહન એટલે કે હોળી સાથે કેટલીક પૌરાણિક કથાઓ અને માન્યતાઓ જોડાયેલી છે. જોકે મોટાભાગના લોકો હોલિકા અને પ્રહલાદની વાર્તા જાણે છે, આ ઉપરાંત, ભગવાન શિવ-કામદેવ અને રાજા રઘુ સાથે સંબંધિત માન્યતાઓ પણ છે જે હોલિકા દહન સાથે સંકળાયેલી છે. હોલિકા દહન સાથે જોડાયેલી આ વાર્તાઓ અને માન્યતાઓ આપણને ખરાબ પર સારાના વિજયનો સંદેશ આપે છે.**

## હોલિકા દહન સાથે સંબંધિત મુખ્ય વાર્તાઓ અને માન્યતાઓ

હિરણ્યકશિપુ રાક્ષસોનો રાજા હતો. તેમનો પુત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો મહાન ભક્ત હતો. રાજા હિરણ્યકશિપુ ભગવાન વિષ્ણુને પોતાના શત્રુ માનતા હતા. જ્યારે તેને ખબર પડી કે પ્રહલાદ વિષ્ણુનો ભક્ત છે, ત્યારે તેણે પ્રહલાદને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે પ્રહલાદે સાંભળ્યું નહીં, ત્યારે હિરણ્યકશિપુએ પ્રહલાદને ત્રાસ આપવાનું શરૂ કર્યું. હિરણ્યકશિપુએ પ્રહલાદને પર્વત પરથી નીચે ફેંકી દીધો, હાથીના પગથી કચડી નાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભગવાન વિષ્ણુની કૃપાથી પ્રહલાદ બચી ગયો. હિરણ્યકશિપુને હોલિકા નામની એક બહેન હતી. તેણીને વરદાન હતું કે તે આગમાં બળશે નહીં. હિરણ્યકશિપુના આદેશ પર, હોલિકા પ્રહલાદને મારવા માટે તેના ખોળામાં લઈને અગ્નિમાં પ્રવેશી. પરંતુ ભગવાન વિષ્ણુની કૃપાથી ભક્ત પ્રહલાદ બચી ગયો અને હોલિકા બળી ગઈ. ત્યારથી, હોલિકા દહનને અનિષ્ટ પર સારાના વિજય તરીકે ઉજવવામાં આવવાનું શરૂ થયું અને આ તહેવાર ઉજવવામાં આવવા લાગ્યો.

## શિવ અને કામદેવ ભસ્મ થયા

ઈન્દ્રએ કામદેવને ભગવાન શિવની તપસ્યામાં ખલેલ પહોંચાડવાનો આદેશ આપ્યો. તે જ ક્ષણે, કામદેવને વસંત યાદ આવ્યું અને પોતાના જાદુથી વસંતનો પ્રભાવ ફેલાવ્યો; આના કારણે વિશ્વના બધા જીવો પ્રેમથી મોહિત થઈ ગયા. કામદેવનો શિવને લલચાવવાનો આ પ્રયાસ હોળી સુધી ચાલુ રહ્યો. હોળીના દિવસે ભગવાન શિવની તપસ્યા ખોરવાઈ ગઈ. ક્રોધમાં આવીને તેણે કામદેવને બાળીને રાખ કરી દીધો અને સંદેશ આપ્યો કે હોળી પર કામને પોતાના પર હાવી ન થવા દો. ત્યારથી વસંત ઉત્સવ અને હોળી પર હોળીકા દહનની પરંપરા શરૂ થઈ. આ ઘટના પછી, ભગવાન શિવે દેવી પાર્વતી સાથે લગ્ન કરવાની સંમતિ આપી. જેના કારણે બધા દેવી-દેવતાઓ, શિવ ગણો અને મનુષ્યોમાં આનંદ ફેલાયો. તેઓએ એકબીજા પર રંગો ફેંકીને ખૂબ જ ઉત્સાહથી ઉજવણી કરી, જે આજે દરેક ઘરમાં હોળી તરીકે ઉજવવામાં આવે છે.

## હોળી ઉજવવાનું આ પણ એક કારણ

રાજા રઘુના રાજ્યમાં, ધુંધ નામના રાક્ષસે શિવ પાસેથી અમરત્વ પ્રાપ્ત કર્યું અને લોકોને, ખાસ કરીને બાળકોને ત્રાસ આપવાનું શરૂ કર્યું. ગભરાયેલા લોકોએ રાજા રઘુને પોતાની વેદના કહી. પછી, રાજા રઘુના પૂછવા પર, ઋષિ વશિષ્ઠે કહ્યું કે શિવના વરદાનની અસરને કારણે, તે રાક્ષસી કોઈ પણ દેવ, માનવ, શસ્ત્ર, ઠંડી, ગરમી કે વરસાદથી મરી શકતી નથી, પરંતુ શિવે એમ પણ કહ્યું છે કે રમતા બાળકોનો અવાજ કે કોલાહલ તેના મૃત્યુનું કારણ બની શકે છે. તેથી ઋષિએ સૂચવ્યું કે ફાલ્ગુની પૂર્ણિમાનો દિવસ શિયાળાની વિદાય અને ઉનાળાના આગમનનું પ્રતીક છે. તે દિવસે બધા લોકો ભેગા થયા અને આનંદ અને ઉલ્લાસથી હસ્યા, નાચ્યા, ગાયા અને તાળીઓ પાડી. નાના બાળકોએ બહાર આવીને અવાજ કરવો જોઈએ, લાકડા, ઘાસ, ગાયના ગોબરના ખોખા વગેરે એકત્રિત કરવા જોઈએ અને મંત્રોનો જાપ કરીને તેને અગ્નિમાં પ્રગટાવવો જોઈએ, અગ્નિની આસપાસ ફરવું જોઈએ અને તેમાં આહુતિ આપવી જોઈએ. જ્યારે રાજાએ તેની પ્રજા સાથે આ બધું કર્યું, ત્યારે આખરે ધુંધ નામની રાક્ષસીનો નાશ થયો.



# હોળી રમતા પહેલા વાળની રાખો ખાસ કાળજી

**બધા લોકો હોળીનો તહેવાર આનંદથી ઉજવે છે. પરંતુ જો તમે હોળી પર રંગોથી રમવાનું વિચારી રહ્યા છો તો પહેલા કેટલીક બાબતો ધ્યાનમાં રાખો. કારણ કે આજકાલ બજારમાં રંગોમાં ઘણા બધા રસાયણો હોય છે. જેનાથી તમારા વાળ ડેમેજ થઇ શકે છે. જો તમે તમારા વાળને આ રસાયણોથી બચાવવા માંગતા હોવ તો ભૂલથી પણ આ ભૂલ ન કરો.**



### માથે સ્કાફ બાંધો

જેમને પહેલાથી જ વાળની સમસ્યા છે, તેમણે હોળી રમતા પહેલા ટોપી, સ્કાર્ફ અથવા અન્ય કોઈ દુપટ્ટાથી પોતાના વાળને યોગ્ય રીતે ઢાંકી લેવા જોઈએ. લોકો દિવસ દરમિયાન હોળી રમે છે, તેથી સૂર્યપ્રકાશ વધુ હોય છે. તેથી તે તમને સૂર્યથી પણ બચાવશે. તે રંગોથી થતા નુકસાનથી પણ તેનું રક્ષણ કરશે.

### તેલ નાંખવું

હોળી રમતા પહેલા આપણે બધાએ આપણા વાળમાં તેલ લગાવવું જોઈએ અને તેને યોગ્ય રીતે માલિશ કરવું જોઈએ જેથી રંગની સીધી અસર વાળ પર ન પડે અને રંગ તમારા વાળમાંથી સરળતાથી નીકળી જાય. તમે તમારા વાળમાં નારિયેળ તેલ, ઓલિવ તેલ, બદામ તેલ અથવા એરંડા તેલ અથવા સરસવનું તેલ પણ વાપરી શકો છો.



**વાળ બાંધી લો |** હોળી પર ક્યારેય તમારા વાળ ખુલ્લા ન રાખો. બાંધીને રાખો. વાળ બાંધેલા હશે તો, રંગ તમારા વાળમાં ઊંડે સુધી નહી પહોંચે. જેના કારણે તમારા વાળ પર રંગની અસર ઓછી થશે. વાળ ગૂંચવવાથી બચી જશે.





## હોળી રમ્યા પછી શું કરવું?


પહેલા તમે માથામાંથી કલર દૂર કરો. શેમ્પૂ અને કન્ડિશનરનો ઉપયોગ કરવો પડશે. વાળ ધોયા પછી, ધ્યાન રાખો કે સ્ટ્રેટનર અને ડ્રાયર જેવા કોઈપણ પ્રકારના હીટિંગ મશીનનો ઉપયોગ ન કરો. કારણ કે રંગોને કારણે વાળ ખૂબ જ શુષ્ક થઈ જાય છે. જો તમે તેનો ઉપયોગ કરશો, તો તમારા વાળ વધુ નબળા થઈ જશે. ખાસ કરીને તમે તમારા બાળકો રાસાયણિક રંગોથી હોળી ન રમે. તેના બદલે તમારે હર્બલ અથવા કુદરતી રંગોનો ઉપયોગ કરવો જોઈએ.

# સરળતાથી ઘરેજ બનાવો ગુજિયા, હોળીના તહેવારને બનાવો ખાસ

**ઠંડુ ઘી અથવા તેલ |** ગુજિયાને બહારથી ક્રિસ્પી બનાવવા માટે કણકમાં ઠંડુ ઘી અથવા તેલ ઉમેરો. ઠંડુ ઘી કણકને વધુ નરમ બનતું અટકાવે છે, જે તળતી વખતે ગુજિયાને વધુ ફ્લેકી બનાવે છે. આ સરળ ટિપ્સ ગુજિયાને વધુ સ્વાદિષ્ટ અને ક્રિસ્પી ગોલ્ડન-બ્રાઉન બનવામાં મદદ કરી શકે છે.

**સોજી, ચોખાનો લોટ |** ગુજિયાના લોટના મિશ્રણમાં થોડી માત્રામાં સોજી અથવા ચોખાનો લોટ ઉમેરવાથી ગુજિયાની ક્રિસ્પીનેસ વધે છે. તેઓ તળતી વખતે ઓછું તેલ શોષે છે, જેના કારણે ગુજિયાનો સ્વાદ વધે છે. એક કપ લોટમાં એકથી બે ચમચી સોજી અથવા ચોખાનો લોટ નાખવાથી પણ ગુજિયાનો સ્વાદ વધે છે.

**કણકને બાંધી થોડો સમય રાખી દો |** ગુજિયાના કણકને લગભગ 30 મિનિટ સુધી રહેવા દો જેથી તે ક્રિસ્પી થાય. આ સમય દરમિયાન લોટમાં રહેલું ગ્લુટેન તેનું કામ યોગ્ય રીતે કરે છે. આનાથી કણકને પાતળી અને સરખી રીતે રોલ કરવામાં સરળતા રહે છે. ઉપરાંત, તેને તળતી વખતે તૂટવાથી બચાવી શકાય છે અને તેનો સ્વાદ જળવાઈ રહે છે.



**યોગ્ય તાપમાને રાંધવું મહત્વપૂર્ણ છે |** ગુજિયાને ક્રિસ્પી બનાવવા માટે તેને યોગ્ય તાપમાને તળવું જરૂરી છે. જો તેલ ખૂબ ગરમ હોય, તો ગુજિયા સંપૂર્ણપણે ચડી જાય તે પહેલાં લાલ થઈ શકે છે. જો તે ખૂબ ઠંડુ હોય, તો તે વધુ તેલ શોષી શકે છે. મધ્યમ ગરમી આદર્શ છે. તેથી ધ્યાનમાં રાખો કે તેને મધ્યમ આંચ પર જ રાંધો.ધીમા તાપે શાંતીથી તળો.

**ડબલ ફ્રાય |** બેસ્ટ ક્રિસ્પી ગુજિયા બનાવવા માટે તમે તેને ડબલ ફ્રાય કરી શકો છો. શરૂઆતમાં, હળવા સોનેરી થાય ત્યાં સુધી તળો, પછી તેને એક મિનિટ માટે ઠંડુ થવા દો. આ પછી, તેલને ફરીથી ઉચ્ચ તાપમાન પર ગરમ કરો અને ઘાટા સોનેરી થાય ત્યાં સુધી ફરીથી ફ્રાય કરો. આ ગુજિયાને વધુ ક્રિસ્પી અને એકસરખા રંગના બનાવે છે.

# સરગવાનાં મૂળથી લઈને ફળ, પાન અને ફૂલ પણ છે ફાયદાકારક, અનેક બીમારીઓથી છુટકારો મળે



**સરગવોના પાન અને ડાળખાઓના ફાયદાઓ અનેક છે જે પાન અને ડાળખાઓ નો પાવડર નિયમિત ગરમ પાણીમાં ઉકાળીને પીવાથી શરીરમાં હીમોગ્લોબિન નું સ્તર સુધરે છે. વર્તમાન સમયમાં 100 માંથી 90% લોકો બ્લડ ની અનેક સમસ્યાથી પીડાય છે. આની પાછળ નું મુખ્ય કારણ વિપરીત પદાર્થ થી બનેલા ફૂડ,આ ફૂડ સ્ત્રીઓ,બાળકો અને યુવકો નું મનપસંદ ફૂડ છે**






સરગવો

- રુપાલી દવે

સરગવાને અંગ્રેજીમાં ડ્રમ સ્ટીક કહેવામાં આવે છે સરગવો દેખાવે બરડ અને મજબૂત લાગે છે પરંતુ એ ગુણો નો ભંડાર છે.ખાસ કરીને સાંધા ના દુખાવવા થી લઈને ડાયાબિટીસ, કેલે સ્ટ્રોલ વગેરે અસાધ્ય રોગો પર રોક લગાવવા માટે અકસીર ઔષધી સાબિત થઈ છે. સરગવો ની સ્ટીક સાથે એના પાન અને ડાળખાઓ પણ અત્યંત ઉપયોગી અને ફાયદાકારક સાબિત થઈ છે. સરગવો એ રેતાળ ગોરાડુ જમીન માં વધારે થાય છે એટલે સામન્ય રીતે એ બધી જ જગ્યા ઊગી શકે છે. આ ઔષધિ એ કલમ કટકા,બીજ અને કટીંગ થી થઈ શકે છે.સ્વાદ માં તૂરો મીઠો સરગવો હેલ્થ માટે અત્યંત ઉપયોગી ઔષધી છે. જે નદી,ઝરણા,રોડ સાઈડ પર વધારે જોવા મળે છે.

સરગવોના પાન અને ડાળખાઓના ફાયદાઓ અનેક છે જે પાન અને ડાળખાઓ નો પાવડર નિયમિત ગરમ પાણીમાં ઉકાળી ને પીવાથી શરીર માં હીમોગ્લોબિન નું સ્તર સુધરે છે.વર્તમાન સમયમાં ૧૦૦ માંથી ૯૦% લોકો બ્લડ ની અનેક સમસ્યા થી પીડાય છે.આની પાછળ નું મુખ્ય કારણ વિપરીત પદાર્થ થી બનેલા ફૂડ,આ ફૂડ સ્ત્રીઓ,બાળકો અને યુવકો નું મનપસંદ ફૂડ છે આ પ્રકારના વિરુદ્ધ પદાર્થ થી બનેલા ફૂડ શરીર માં આયર્ન નું પ્રમાણ ઘટાડી ને બ્લડ માં શ્વેત કણો નું પ્રમાણ વધારે છે.વર્તમાન માં જે પીરીયડ ની સમસ્યા ૫૦ વર્ષ પછી થાય છે એ સમસ્યા યુવતીઓમાં ત્રીસ ચાલીશ વર્ષે થાય છે. મેનોપોઝ ની અસર ત્રીસ ચાલીસ વર્ષે શરૂ થઈ જતા સ્ત્રીઓ અનેકો અનેક માનસિક મૂંઝવણ નો શિકાર થઈ જતી હોય છે. સરગવો ના પાન માં આયર્ન નું પ્રમાણ વધારે હોવાથી એનો ઉકાળો અનેક રોગ થી રક્ષણ કરે છે.સ્ત્રીઓ માં રજોનિવૃત્તિ બાદ ગોઠણ ની સમસ્યા માં વધારો જોવા મળે છે.રજોનિવૃત્તિ બાદ હોર્મોન્સ ના ઈમ બેલેન્સ ના લીધે મોનોપોઝ ની સમસ્યા શરૂ થઈ જાય છે. આ સમસ્યા માં મોટાભાગ ની સ્ત્રીઓનું વજન વધવા નું શરૂ થાય છે.ખાસ પેટ અને કમર નો ભાગ વધી જતું હોય છે..પ્રત્યેક વ્યક્તિને એના શારીરિક રચના અનુસાર ગોઠણ ને શરીર નું વજન વહન કરવાની તાકાત ભગવાને આપી હોય છે. સામન્ય રીતે સરેરાશ ૮૦ થી૧૦૦ kg વજન ઉઠાવવાની તાકાત ગોઠણ માં હોય છે. ૯૦kg આસપાસ વજન વધવાનું શરું થાય ત્યારે ધીમે ધીમે શરીર હાફવા ને થાકવા લાગે છે.જ્યારે શરીર માં આળસ ને થાક નો એહસાસ થાય ત્યારે દોડીને ડોક્ટર આગળ જવાને બદલે શરીર નું વજન ઘટાડવા નો પ્રયાસ શરૂ કરી દેવો જોઈએ.



વધારે વજન ની સમસ્યા ને લીધે ઘૂંટણ નબળા પડે છે એની સાથે અનેક રોગો શરીર માં કાયમ માટે કબજો જમાવી દે છે. ડાયાબિટીસ ને આમ પણ રાજરોગ કહીયો છે બેઠાડુ જીવનશૈલી ના લીધે એ રોગ ઘૂસી ગયો તો ની રીપલ્સ મેન્ટ ની સારવાર પણ અશક્ય થઈ જાય છે. વજન વધવા ની શરૂઆત થતાં જ આળસ અને શરીર પ્રત્યે બેદરકારી દાખવી જોઈએ નહિ.ગોઠણ ના દુખવા ની સમસ્યા વજન ઉપરાંત શરીર માં વાયુ પ્રકોપ વધી જતા પણ થાય છે..સામન્ય જન બોલી માં એને "વા" નો રોગ કહેવામાં આવે છે.વા નો રોગ પણ બે પ્રકાર નો ફરતો વા અને સ્થિર વા..આમ વા ને અંગ્રેજી માં ઓસટીયો આર્થરાઈટિસ કહેવામાં આવે છે.સ્ત્રીઓ માં મોનીપોઝ માં આવતા શરીર માં કેલ્શિયમ નું સ્તર હોર્મન બદલાય જતા ઘટવા લાગે છે એના કારણે હાડકા નબળા પડવા લાગે છે ખાસ તો ઢીચણ નબળા પડી જાય છે એટલે પગમાં ગોટલા ચડી જવા, અચાનક બેઠા બેઠા નસ ખેચાઈ જવી વગેરે સમસ્યા વધે છે.

આ પ્રકાર ની ઢીચણ ની સમસ્યા માં વગેરે મા ,આયુર્વેદિક ની દૃષ્ટિ એ સરગવો અત્યંત ફાયદાકારક સાબિત થાય છે નિયમિત સવારે સરગવા નું સૂપ પીવાથી અનેક ફાયદાઓ થતા સાબિત થાય છે.ભારતીય પ્રાચીન સંસ્કૃતિ એ કદાચ દુનિયાની સૌથી જૂની સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ અસ્તિત્વ મા આવી ત્યારે સ્વસ્થ સમજ નો મુખ્ય ધ્યેય હતો. અનાજ, ફળ ,ફૂલ, મસાલા, વિવિધ ભાજીઓ,શાક, કંદ મૂળ વગેરે ખોરાક ની સામગ્રીઓ આરોગ્ય ની દ્રષ્ટિ એ પ્રથમ ચકાસ્યા બાદ જ ઉપયોગ માં લેવાતા હતા. એ સમયે વેલા વાળા શાક જેવા કે સરગવો, પરવળ,ગલકા, તુરીયા,બેગન વગેરે શાક નો ઉપયોગ વધારે થતો હતો.આ પ્રકાર ના વેલા માં ઉગતા શાક નરવા અને પચવા મા સરળ હોય છે. આ બધા શાક માં વિટામિન્સ અને મિનરલ્સ તો છે જ સાથે સાથે શરીર ની એનર્જી પણ વધારે છે.બધા શાક માં આયુર્વેદ એ સરગવો આયુર્વેદ એ ફૂલ પેકેજ માન્યુ છે. સરગવા ના પાણી નું પ્રમાણ ૯૨% છે ને એ ફાઈબર નો ખજાનો માનવામાં આવે છે.

વિટામિન સી એ રોગપ્રતિકાર શક્તિમાં વધારી અને શરીર ને ચેપ પ્રતિરોધક બનાવે છે ૧૦૦ગ્રામ દૂધી માં ૧૭ગ્રામ કેલેરી અને ૨.૯ ગ્રામ ફાઈબર રહેલું છે. આ કારણોસર સરગવો નિયમિત અઠવાડિયા માં બેત્રણ વખત અચૂક ખાઈ અથવા તો પી શકાય છે.

"રોગનું મૂળ પેટ" કહેવત અનુસાર પેટ ના અવયવો તંદુરસ્ત તો આખું શરીર તાજગી અનુભવશે. વિચારો કે દૂર થી ધસમસતી રેલ ગાડી સ્ટેશન નજીક આવતા રેલવે ટ્રેક પર તુટ ફૂટ જોવા મળે તો શું થાય? તો ડ્રાઈવર થી પણ રેલ ગાડી ઉભી રાખવી અશક્ય બને ને મોટી દુર્ઘટના સર્જાઈ જાય.બસ આવું જ કંઈક આપણા શરીર ની અંદર ની રચનાઓ નું છે.જમ્યા બાદ ખોરાક નાના મોટા આંતરડા માંથી પસાર થઈ આગળ વધતો હોય છે પરંતુ નિયમિત વિચર્યા વગર ચિત્ર વિચિત્ર ખોરાક ના લીધે આંતરડા નબળા પડી ગયા હોય તો પાચનતંત્ર મંદ પડવા લાગે છે ને આંતરડા મા સડો થવાથી લિવર કિડની ની સમસ્યા માં વધારો થાય છે. વર્ષો પહેલાં ફેમસ હોસ્પિટલ ના ડોકટર ને પૂછ્યું હતું કે ગુજરાત માં લિવર સોયરાસિસ એ વર્તમાન સમય નો વ્યાપક અને પીડાદાયી રોગ વકરવા નું કારણ શું? વિપરીત આહાર નું નિયમિત અથવા આઠ દિવસ માં એકવાર સેવન કરવું.

સરગવો નું લોટ વાળું શાક કે સાદુ શાક લસણ,ડુંગળી ની ઉમેરી ને બનાવી ને થાળી માં પીરસશે તો નાનું બાળક પણ હોશે હોશે રોટલી સાથે જમશે એટલું નક્કી.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 12-03-2025




# શું બાહુબલી એક્ટર પ્રભાસ બકાસુરની ભૂમિકા ભજવશે?

## હનુમાન ફેમ ડિરેક્ટર પ્રશાંત વર્માની ફિલ્મમાં પહેલીવાર નેગેટિવ રોલમાં દેખાશે...

(એજન્સી) મુંબઈ | તા.11

પેન-ઈન્ડિયા સ્ટાર પ્રભાસ હાલ તેની આગામી ફિલ્મોમાં ખૂબ જ વ્યસ્ત છે. સમાચાર આવી રહ્યા છે કે 'બાહુબલી' પ્રભાસ 'હનુમાન' ફેમ ફિલ્મ ડિરેક્ટર પ્રશાંત વર્માની પૌરાણિક ડ્રામા ફિલ્મમાં બકાસુરની ભૂમિકામાં જોવા મળશે. જોકે, આ ફિલ્મની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રશાંત વર્મા દ્વારા ડિરેક્ટેડ પ્રભાસની ફિલ્મની સ્ટોરી બકાસુરની આસપાસ ફરે છે, તેથી ફિલ્મનું શીર્ષક 'બકા' હોઈ શકે છે. એવી ચર્ચા છે કે પ્રભાસ આ ફિલ્મમાં નકારાત્મક ભૂમિકા ભજવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રભાસે ક્યારેય આવું પાત્ર ભજવ્યું નથી. આ ફિલ્મ હોમ્બલે ફિલ્મ્સના બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. જેણે અગાઉ KGF ફ્રેન્ચાઈઝી અને સલાર જેવી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રભાસે પ્રશાંત વર્મા દ્વારા ડિરેક્ટેડ ફિલ્મ માટે લુક ટેસ્ટ આપી દીધો છે, પરંતુ ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે. આ અંગે પ્રોડક્શન હાઉસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ દિવસોમાં, પ્રભાસ તેની આગામી હોરર-કોમેડી ફિલ્મ 'ધ રાજા સાબ' માટે સતત સમાચારમાં છે. આ ઉપરાંત, એક્ટર પાસે 'કન્નપ્પા', 'ફૌજી', 'સ્પિરિટ', 'સલાર 2' અને 'કલ્કી 2' જેવા મોટા પ્રોજેક્ટ્સ છે.

પ્રભાસ હાલમાં ડિરેક્ટર હનુ રાઘવપુડીની ફિલ્મ 'ફૌજી'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન પ્રભાસને પણ ઈજા થઈ હતી.

આ કારણે એક્ટરની હોરર-કોમેડી રોમેન્ટિક ફિલ્મ 'ધ રાજા સાબ'નું શૂટિંગ પણ પ્રભાવિત થઈ રહ્યું છે. આ ફિલ્મના ત્રણ ગીતો હજુ સુધી શૂટ થયા નથી. આ ફિલ્મ 10 એપ્રિલ 2025ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ હવે ફિલ્મ અગાઉ નિર્ધારિત રિલીઝ તારીખથી આગળ વધી શકે છે. જો આપણે ડિરેક્ટર પ્રશાંત વર્મા વિશે વાત કરીએ જે પ્રભાસ સાથે 'બકાસુર'ની સ્ટોરી પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે, 'હનુમાન' જેવી ફિલ્મ બનાવીને તે ચર્ચામાં આવ્યા હતા. 25 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં 300 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

# આમિર ખાને ઇન્દોરના પહેલવાનના ચરણ સ્પર્શ કર્યા

## એક્ટરે કહ્યું- તમને મળવાથી ઊર્જા મળે છે; ફિલ્મ 'દંગલ' માટે કૃપાશંકરે કુસ્તી શીખવી હતી...





**ફિલ્મ સ્ટાર આમિર ખાને અર્જુન એવોર્ડ વિજેતા કૃપાશંકર પટેલને જોતાં જ તેમના ચરણ સ્પર્શ કર્યા**

ઈન્દોર | ફિલ્મ સ્ટાર આમિર ખાને અર્જુન એવોર્ડ વિજેતા કૃપાશંકર પટેલને જોતાં જ તેમના ચરણ સ્પર્શ કર્યા. પટેલે તેને રોકવાનો પ્રયાસ કર્યો પણ તેમણે સાંભળ્યું નહીં. પછી તે પણ આમિરને ભેટ્યા ત્યારે આમિરે કહ્યું કે, હું તમને મળું છું ત્યારે મને ઉર્જા મળે છે. આ પછી, પટેલે આમિરને અર્જુન એવોર્ડ સાથે ઈન્દોર પાછા ફરવા વિશે એક કિસ્સો પણ સંભળાવ્યો. આ સાંભળીને આમિર જોરથી હસવા લાગ્યો.

ખરેખર, કૃપાશંકર પટેલ મુંબઈમાં આમિર ખાનના ઘરે પહોંચ્યા હતા. એક્ટરે પોતાના ઘરે આવેલા તમામ રેલવે કુસ્તીબાજોનું સ્વાગત અને સન્માન કર્યું. 2 કલાક ચાલેલી આ બેઠકમાં ભારતીય કુસ્તી સાથે સંબંધિત ઘણા પાસાઓ પર ચર્ચા કરવામાં આવી. આમિર કુસ્તીમાં કૃપાશંકર પટેલને પોતાના ગુરુ માને છે. કૃપા શંકરે તેમને ફિલ્મ 'દંગલ' માટે કુસ્તી શીખવી હતી. દંગલના શૂટિંગ દરમિયાન તે કુસ્તીની પ્રેક્ટિસ કરતો હતો. આમિરે તેમના ગુરુને કહ્યું કે, 'તમને મળતાંની સાથે જ મને ઉર્જાનો અનુભવ થવા લાગે છે.'

### કૃપાશંકર પટેલે કિસ્સો સંભળાવ્યો...

'જ્યારે મને વર્ષ 2000 માં કુસ્તી માટે અર્જુન એવોર્ડ મળ્યો, ત્યારે હું દિલ્હીથી ઈન્દોર પાછો ફરી રહ્યો હતો. નિઝામુદ્દીન એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાં મારી સામે બેઠેલા કેટલાક લોકો અખબાર વાંચી રહ્યા હતા. તેમાં મારો ફોટો જોઈને તેમણે કહ્યું, જુઓ, આપણા ઈન્દોરના પહેલવાનને અર્જુન એવોર્ડ મળ્યો છે. પણ તેઓ મને ઓળખી શક્યા નહીં.'

'થોડા સમય પછી, નાગડા રેલવે સ્ટેશન ઉજ્જૈન પહેલા આવ્યું. ત્યાં, 200 લોકો ઢોલ અને હાર સાથે મારું સ્વાગત કરવા સ્ટેશન પર આવ્યા. તેઓ નારા લગાવી રહ્યા હતા, 'કૃપાશંકર પટેલ અમર રહો'. આ સાંભળીને હું કોચના ગેટ પર આવ્યો. પણ જેમણે મારું સ્વાગત કર્યું તેઓ પણ મને ઓળખી શક્યા નહીં.'

'ઘણા સમય પછી એક પહેલવાન મને ઓળખી ગયો. અને આ પછી તેણે મને તેના ખભા પર ઊંચકી લીધો. આ જોઈને, મારી સાથે કોચમાં મુસાફરી કરી રહેલા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા કે તે આખો રસ્તો અમારી સાથે હતા પણ અમે તેને ઓળખી શક્યા નહીં. આ સાંભળીને આમિર જોરથી હસવા લાગ્યો.'

રેલવેએ પણ આયોજિત કુસ્તી માટે આમંત્રણ આપવામાં આપ્યું કૃપાશંકર પટેલે આમિર ખાનને ઈન્દોરના ભૂતપૂર્વ ધારાસભ્ય આકાશ વિજયવર્ગીય સાથે પણ વાત કરાવી. આમિરે આકાશને આંતરરાષ્ટ્રીય મહિલા કુસ્તીબાજોની કુસ્તી સ્પર્ધા માટે પણ અભિનંદન આપ્યા. આકાશે આમિરને ઈન્દોર આવવાનું આમંત્રણ પણ આપ્યું.

પટેલે જણાવ્યું હતું કે, ભારતીય રેલવે રેસલિંગ ટીમના લગભગ 80 સ્ટાર પહેલવાનો આમિરને તેના ઘરે મળ્યા હતા. આ દરમિયાન, 'દંગલ' ફિલ્મમાં તેમના ઉત્તમ કુસ્તી દૃશ્યો અને અજોડ સફળતા માટે, ભારતીય રેલ્વે રેસલિંગ ટીમના મેનેજર રાકેશ દુબેના નેતૃત્વ હેઠળ દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા સુજીત માન, અર્જુન પુરસ્કાર વિજેતા શૌકેન્દ્ર તોમર, સુરેન્દ્ર કાદ્યાન તેમજ કોચ અને કુસ્તીબાજો દ્વારા તેમને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સરદારજીને બિઝનેસ આઈડિયા આપવા બદલ હોલિવૂડ ફિલ્મ 'અવતાર' મળી...

## ગોવિંદાએ જેમ્સ કેમેરોનની 18 કરોડની ઓફર ફગાવી, કહ્યું-વિકલાંગ હીરોનો રોલ નહતો કરવા માગતો

(એજન્સી) મુંબઈ | તા.11

છેલ્લા ઘણા વર્ષોથી એ ચર્ચાનો વિષય રહ્યું છે કે ગોવિંદાએ હોલિવૂડ ફિલ્મનું ટાઇટલ 'અવતાર' આપ્યું હતું. ઉપરાંત, તેને ફિલ્મમાં ભૂમિકા મળી, પણ તેણે તે ઓફર નકારી કાઢી. ઘણા લોકો આ સમાચારને અફવા માની રહ્યા હતા, પરંતુ હવે ગોવિંદાએ પોતે તેની પુષ્ટિ કરી છે. જો ગોવિંદાની વાત માનીએ તો, તેણે એક સરદારને એક વ્યવસાયનો વિચાર આપ્યો હતો. જ્યારે તે વિચાર કામ કરી ગયો, ત્યારે સરદારજીએ ગોવિંદા અને હોલિવૂડના ડિરેક્ટર જેમ્સ કેમેરોન વચ્ચે મુલાકાતનું પ્લાનિંગ કરાવ્યું.

ગોવિંદાએ મુકેશ ખન્નાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, મેં 21 કરોડ 50 લાખ રૂપિયા છોડી દીધા છે. મને તે યાદ છે કારણ કે જ્યારે હું ગયો ત્યારે મને ખૂબ ખરાબ લાગ્યું. હું એક સરદારજીને મળ્યો. તેણે કહ્યું, અરે દીકરા, મેં સાંભળ્યું છે કે તું ખૂબ જ સંત પ્રકારનો વ્યક્તિ છે. મને પણ કંઈક કહો.

મેં કહ્યું, શું કહું. તો તેણે કહ્યું, મારે અમેરિકામાં શું કરવું જોઈએ? મારી પાસે ઘણા પૈસા છે. ભગવાને મને ઘણું આપ્યું છે, મને કંઈક કહો. મેં તેને કહ્યું, તમારે ખાદ્ય પદાર્થોની પેટન્ટ ખરીદવી જોઈએ, તમને તેમાં સફળતા મળશે.

ગોવિંદાએ આગળ કહ્યું, હું આ કહ્યા પછી ભૂલી ગયો હતો. એકવાર હું લંડનમાં શૂટિંગ કરી રહ્યો હતો, ત્યારે મેં એ જ વ્યક્તિને જોયો. તેણે કહ્યું, હું હવે આમાંથી બહાર આવી ગયો છું. આગળ, તે વ્યક્તિએ ગોવિંદાનો પરિચય એક માણસ સાથે કરાવ્યો અને કહ્યું, તે મારી સાથે આવ્યો છે, તેનું નામ જેમ્સ કેમેરોન (હોલિવૂડ ડિરેક્ટર) છે. તમારે તેમની સાથે એક ફિલ્મ બનાવવી જોઈએ.

ગોવિંદાએ જણાવ્યું કે આ મુલાકાતના દિવસે તેણે જેમ્સ કેમેરોનને ડિનર માટે આમંત્રણ આપ્યું હતું. ગોવિંદાએ આગળ કહ્યું, મેં જે ફિલ્મનું ટાઇટલ આપ્યું હતું, તેનું નામ 'અવતાર' હતું. મેં રાજેશ ખન્ના જીને જોયા હતા. ડાબો હાથ કપાયેલો હતો. મને લાગ્યું કે તે એક સારો માણસ છે, ખબર નહિ તેણે આટલો વિચિત્ર રોલ કેમ



સ્વીકાર્યો. મેં તેમને કહ્યું કે 'અવતાર' બીજી વાર બનશે. તેણે કહ્યું, હીરો લંગડો છે. મેં કહ્યું, લગંડા? ગોવિંદા? હેલો, હું તમારી ફિલ્મ નથી કરી રહ્યો. તેણે કહ્યું, હું તમને 18 કરોડ રૂપિયા ઓફર કરું છું. મેં કહ્યું, મને તમારા 18 કરોડ રૂપિયા નથી જોઈતા. તેણે કહ્યું, તમારે ફક્ત 410 દિવસ કામ કરવું પડશે.

'મેં કહ્યું ઠીક છે, પણ જો હું બોડી પેઈન્ટ કરાવીશ તો હું હોસ્પિટલમાં જ રહીશ. સંભાળ રાખવા માટે એક્ટર કહે છે કે શરીર એ માનવીનું એકમાત્ર સાધન છે. ક્યારેક, કેટલીક વસ્તુઓ પ્રોફેશનલ રીતે ખૂબ જ આકર્ષક લાગે છે, પરંતુ તમારે તમારા શરીર પર તેની અસરો પણ જોવી પડશે. હોલિવૂડ ફિલ્મ 'અવતાર' વર્ષ 2009માં રિલીઝ થઈ હતી. આ એક સુપરહિટ ફિલ્મ છે, આ ફ્રેન્ચાઇઝીની અત્યાર સુધીમાં ત્રણ ફિલ્મો રિલીઝ થઈ છે. તે સૌથી વધુ કમાણી કરતી ફ્રેન્ચાઇઝીમાંની એક છે.

# સલમાનની કો-એક્ટ્રેસ રંભા કમબેકની તલાશમાં

## પતિએ પ્રોડ્યુસરને ફિલ્મ માટે ભલામણ કરી, 90ના દાયકાની એક્ટ્રેસ 2000 કરોડની માલકણ



(એજન્સી) મુંબઈ | તા.11

90ના દાયકાની લોકપ્રિય એક્ટ્રેસ રંભા, જે 'બંધન' અને 'ક્યુંકી મેં ઝૂઠ નહીં બોલતા' જેવી ફિલ્મોમાં જોવા મળી હતી. હવે એક્ટ્રેસ ફરી કમબેક કરવા માગે છે. છેલ્લા ઘણા વર્ષોથી ફિલ્મી દુનિયાથી દૂર રહ્યા બાદ રંભાના પતિએ પણ તેના કમબેક માટે એક પ્રોડ્યુસરને ભલામણ કરી છે.

તાજેતરમાં એક ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન, ફેમસ તમિલ સિનેમા પ્રોડ્યુસર કલાઈપાલુ એસ. થાનુએ ખુલાસો કર્યો છે કે તે થોડા સમય પહેલા રંભાના પતિ ઈન્દ્રકુમારને મળ્યો હતો. ઈન્દ્રકુમારે તેમને તેમની પત્ની રંભા માટે એક ફિલ્મ બનાવવા કહ્યું છે. ફિલ્મ પ્રોડ્યુસરે કહ્યું કે, રંભા પાસે 2000 કરોડ રૂપિયાની મિલકત છે. તેનો પતિ એક મોટો ઉદ્યોગપતિ છે. તેણે મને તેમના માટે ફિલ્મ કરવાની તક માગી છે. મેં તેને ખાતરી આપી છે કે હું તેના માટે એક સારો પ્રોજેક્ટ તૈયાર કરીશ. રંભા ટૂંક સમયમાં એક રિયાલિટી શોમાં જોવા મળશે રંભા ટૂંક સમયમાં સાઉથ ટીવી શો વિજય ટીવીના ડાન્સ રિયાલિટી શો જોડી - આર યુ રેડીમાં જજ તરીકે જોવા મળશે. આ પહેલા પણ, એક્ટ્રેસ માનદા મિલાદ અને જોડી નંબર 1 જેવા રિયાલિટી શોને જજ કરી ચૂકી છે.

15 વર્ષની ઉંમરે ફિલ્મોમાં એન્ટ્રી કરી હતી, સલમાન સાથે 2 ફિલ્મો કરી છે રંભાને નાનપણથી જ એક્ટિંગનો ખૂબ જ ચસકો હતો. એકવાર રંભાએ શાળાના એક કાર્યક્રમમાં નાટકમાં ભાગ લીધો. આ કાર્યક્રમમાં સાઉથના પ્રખ્યાત ડિરેક્ટર હરિહરન પણ ભાગ લીધો હતો. તેની એક્ટિંગથી પ્રભાવિત થઈને, હરિહરને 15 વર્ષની રંભાને મલયાલમ ફિલ્મ 'સરગમ'માં કાસ્ટ કરી. પોતાની પહેલી ફિલ્મની સફળતા પછી, રંભાએ પોતાનો અભ્યાસ છોડી દીધો અને સાઉથની ઘણી મોટી ફિલ્મોમાં કામ કર્યું.

સાઉથ સિનેમામાં નામ બનાવ્યા પછી, રંભાએ 1995માં આવેલી ફિલ્મ 'જલ્લાદ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી.

# 'જાટ'માં રણદીપ હુડ્ડાનો ખતરનાક ખલનાયક લુક...

## રણતુંગાની ભૂમિકામાં સની દેઓલ સાથે લડતો જોવા મળશે; આ ફિલ્મ 10 એપ્રિલે રિલીઝ થશે



(એજન્સી) મુંબઈ | તા.11

રણદીપ હુડ્ડા સની દેઓલની ફિલ્મ 'જાટ'માં વિલનની ભૂમિકામાં જોવા મળશે. સોમવારે, એક્ટરે સોશિયલ મીડિયા પર તેના પાત્ર રણતુંગાનો 30 સેકન્ડનો વીડિયો શેર કર્યો, જેમાં તેનો ખૂંખાર લુક દેખાવ જોવા મળ્યો.

વીડિયોની શરૂઆત રણદીપ હુડ્ડાથી થાય છે, જે પોલીસ સ્ટેશનમાં બેઠો જોવા મળે છે. તે કહે છે, 'મને મારું નામ ખૂબ ગમે છે.' આ પછી, તેના કેટલાક એક્શન સીનની ઝલક બતાવવામાં આવે છે અને પછી તે પોતાનું નામ રણતુંગા રિવીલ કરે છે.

ફેન્સની પ્રતિક્રિયાઓ રણદીપે આ વીડિયો શેર કરતાની સાથે જ. ચાહકોની પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી. એકે લખ્યું, 'દિલને સ્પર્શી જાય તેવું પાત્ર, શાનદાર અને અદ્ભુત', બીજાએ લખ્યું, 'ટ્રેલર અને ગીત જલ્દી રિલીઝ કરો', ત્રીજાએ લખ્યું, 'સાહેબ, હવેથી હું ફક્ત તમારી ફિલ્મો બોલિવૂડમાં જોઈશ'. આ સિવાય ઘણા અન્ય યુઝર્સે એક્ટરની પ્રશંસા કરી છે.

ફિલ્મ 'જાટ' 10 એપ્રિલે રિલીઝ થશે ફિલ્મ 'જાટ'નું ડિરેક્શન ગોપીચંદ દ્વારા કરવામાં આવ્યું છે. એક્શન કોરિયોગ્રાફી અનલ આરાસુ, રામ લક્ષ્મણ અને વેંકટ દ્વારા કરવામાં આવી હતી. આ ફિલ્મમાં સની દેઓલ લીડ રોલમાં જોવા મળશે. આ એક્શનથી ભરપૂર ફિલ્મ 10 એપ્રિલે રિલીઝ થશે.

# ઉદિત નારાયણે કિસિંગ કોન્ટ્રોવર્સીને મજાકમાં ઉડાવી...

## કહ્યું- ઓસ્ટ્રેલિયાનો બે વર્ષ જૂનો વીડિયો છે, મહિલા ફેન્સને કિસ કરતા ભારે ટીકા થઈ હતી

(એજન્સી) મુંબઈ | તા.11

થોડા સમય પહેલા, ઉદિત નારાયણનો સ્ટેજ પરથી એક મહિલા ફેન્સને કિસ કરતો એક વીડિયો વાઈરલ થયો હતો, જેના પછી સિંગરની ભારે ટીકા થઈ હતી. હવે આ વિવાદ પર ઉદિત નારાયણે પોતે પોતાની મજાક ઉડાવી છે.

તાજેતરમાં, ઉદિત નારાયણ ગણેશ આચાર્યની આગામી ફિલ્મ 'પિન્ટુ કી પપ્પી'ના મ્યુઝિક લોન્ચ ઈવેન્ટનો ભાગ બન્યા હતા. આ દરમિયાન ઉદિત નારાયણે સ્ટેજ પર કહ્યું, શું ટાઈટલ રાખ્યું છે તમે! તમારે ટાઈટલ બદલવું જોઈએ. પપ્પી તો ઠીક છે. તમારી ફિલ્મનું ટાઈટલ ખૂબ જ સુંદર છે, 'પિન્ટુ કી પપ્પી', શું તે ઉદિતની પપ્પી તો નથી? એ પણ એક વિચિત્ર સંયોગ છે કે તેને હમણાં જ રિલીઝ કરવું પડ્યું.

'આ બે વર્ષ જૂનો વીડિયો છે' મ્યુઝિક લોન્ચ ઈવેન્ટ દરમિયાન, ઉદિત નારાયણે વાઈરલ કિસિંગ વીડિયો પર કહ્યું, બાય ધ વે, તમે જે વીડિયો જોઈ રહ્યા છો તે ઓસ્ટ્રેલિયાનો 2 વર્ષ જૂનો છે.

કિસિંગ કોન્ટ્રોવર્સીમાં ફસાયા હતા ઉદિત નારાયણ થોડા દિવસો પહેલા, ઉદિત નારાયણના લાઈવ પર એક વીડિયો સામે આવ્યો હતો. વીડિયોમાં, ઉદિત નારાયણ તેમની એક મહિલા ફેનને કિસ કરતા જોવા મળ્યા હતા. ઉદિત નારાયણ સાથે ફોટો પાડવા માટે તે મહિલા સ્ટેજની નજીક આવી. આ સમયે ઉદિત નારાયણ ઘૂંટણિયે બેસી ગયા અને તસવીરો ક્લિક કરાવતી વખતે મહિલાને કિસ કરી. આ વીડિયો વાઈરલ થયા પછી, સિંગરની ભારે ટીકા થવા લાગી.

જ્યારે વિવાદ હજુ ચાલુ હતો, ત્યારે ઉદિતના બીજા કોન્સર્ટનો એક વીડિયો પણ વાઈરલ થયો જેમાં તે એક મહિલાને કિસ કરતા જોવા મળ્યા. બે સમાન વીડિયો સામે આવ્યા બાદ સિંગર વિવાદોમાં ઘેરાઈ ગયા. જ્યારે ઘણા લોકોએ તેમની સખત નિંદા કરી, તો ઘણા સિંગર પણ તેમના સમર્થનમાં આગળ આવ્યા. સિંગર અભિજીતે કહ્યું હતું કે ગાયકો સાથે આવું થવું સામાન્ય છે. તે ઉદિત નારાયણ છે. છોકરીઓ તેની પાછળ પાગલ હોય છે. તેણે કોઈને પણ પોતાની નજીક બોલાવી નથી. મને ખાતરી છે કે જ્યારે ઉદિત પરફોર્મ કરે છે, ત્યારે તેની પત્ની તેની સાથે સહ-ગાયિકા તરીકે હોય છે. તેમને સફળતાનો આનંદ માણવા દો. તે એક રોમેન્ટિક સિંગર છે. આ વિવાદ પર ખુદ ઉદિત નારાયણે પણ સ્પષ્ટતા આપી હતી. તેમણે કહ્યું હતું કે આ મહિલા ફેન્સ પ્રત્યે પ્રેમ દર્શાવવાની રીત છે.

# 'વોર-2'ના શૂટિંગ દરમિયાન હૃતિકનો પગ ભાંગ્યો

## એક્ટર ચાર અઠવાડિયા માટે બેડરેસ્ટ, શૂટિંગ પણ અટકી પડ્યું...



(એજન્સી) મુંબઈ | તા.11

સોમવારે 'વોર 2'ના શૂટિંગ દરમિયાન હૃતિક રોશન ઘાયલ થયો હતો. ગીતના શૂટિંગ દરમિયાન એક્ટરને પગમાં ઈજા થઈ હતી. જેના કારણે શૂટિંગ મુલતવી રાખવામાં આવ્યું છે.

'વોર-2'ના શૂટિંગ દરમિયાન હૃતિક ઘાયલ થયો બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, એક્ટરના પગમાં ગંભીર ઈજા થઈ છે. હાલમાં ડોક્ટરોએ હૃતિકને ચાર અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ એક હાઈ એનર્જી સોન્ગ છે. ઋતિક દક્ષિણના અભિનેતા જુનિયર એનટીઆર સાથે આ ગીતનું શૂટિંગ કરી રહ્યો હતો. હવે, આ ગીત મે મહિનામાં શૂટ કરવામાં આવશે.

એક્ટર તેના ઘરે ડાન્સ રિહર્સલ કરી રહ્યો હતો. આ દરમિયાન તેના ઘૂંટણમાં દુખાવો ઉઠ્યો હતો. હૃતિકના એક નજીકના મિત્રનું કહેવું છે કે ડૉક્ટરે ચેકઅપ કરી, પંદર દિવસ આરામ કરવાનું કહ્યું છે.

ફિલ્મ 14 ઓગસ્ટના રોજ રિલીઝ થઈ શકે છે અહેવાલો અનુસાર, બાકીના કલાકારોએ તેમના ભાગોનું શૂટિંગ પૂર્ણ કરી લીધું છે. આ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શન માટે તૈયાર છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ 14 ઓગસ્ટ, 2025ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે.

'વોર-2'નું ડિરેક્શન અયાન મુખર્જીએ કર્યું છે ફિલ્મ 'વોર-2'નું નિર્દેશન અયાન મુખર્જી કરી રહ્યો છે. આદિત્ય ચોપરાની YRF સ્પાય યુનિવર્સનો આ આગામી ભાગ છે. આ ફિલ્મમાં હૃતિક રોશન અને જુનિયર એનટીઆર ઉપરાંત કિયારા અડવાણી પણ જોવા મળશે. આ ફિલ્મમાં,હૃતિક રોશન ફિલ્મ વોરના તેમના પાત્ર મેજર કબીર ધાલીવાલની ભૂમિકા ભજવશે. આ ફિલ્મ 2019ની એક્શન થ્રિલર ફિલ્મ 'વોર 2' ની સિક્વલ છે. પહેલા ભાગનું ડિરેક્શન સિદ્ધાર્થ આનંદે કર્યું હતું.

# ચેમ્પિયન્સ ટ્રોફીના વિજેતાઓ વ્હાઈટ બ્લેઝર કેમ પહેરે છે?



## આ બેસ્ટ વન-ડે ટીમનું પ્રતીક, સૌપ્રથમ ઓસ્ટ્રેલિયાએ 2009માં પહેર્યું હતું

(એજન્સી) દુબઈ તા 11

રવિવારે દુબઈમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવીને ભારતે ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો. મેડલ સમારોહ દરમિયાન, ખેલાડીઓના વ્હાઈટ બ્લેઝરે પણ બધાનું ધ્યાન ખેંચ્યું. પણ ટીમ ઈન્ડિયાએ વ્હાઈટ બ્લેઝર કેમ પહેર્યું? જવાબ છે, 'તે સન્માનનું પ્રતીક છે જે શ્રેષ્ઠ ODI ટીમને આપવામાં આવે છે. વિશ્વની શ્રેષ્ઠ 8 ટીમો ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લે છે અને વિજેતા તેને જીતે છે. ICC અનુસાર, આ જેકેટ શ્રેષ્ઠતાનું પ્રતીક છે જે આવનારી પેઢીઓને પ્રેરણા આપે છે.' તે સૌપ્રથમ ઓસ્ટ્રેલિયન ટીમે પહેર્યું હતું, જે 2009 સીઝનમાં ચેમ્પિયન બની હતી. ત્યારે કાંગારુઓએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત બીજો ખિતાબ જીત્યો. ભારતે 12 વર્ષ પછી ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો છે.

આ જેકેટ મુંબઈના એક ફેશન ડિઝાઈનરે બનાવ્યું હતું હકીકતમાં આ વ્હાઈટ બ્લેઝર મુંબઈની ફેશન ડિઝાઈનર બબીતા એમએ ડિઝાઈન કર્યું છે. આ જેકેટમાં ઈટાલિયન ઊન, સોનાની ગૂંથણી અને ચેમ્પિયન્સ ટ્રોફીનો લોગો સાથે સોનાની ભરતકામ છે. આ જેકેટ ઉત્સાહ ઉત્પન્ન કરે છે- વસીમ અકરમ પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર વસીમ

અકરમે 14 જાન્યુઆરીએ વ્હાઈટ બ્લેઝર લોન્ચ કર્યું હતું. તેમણે તેને પ્રતિભા અને વારસાના પ્રતીક તરીકે પણ વર્ણવ્યું. તેમણે કહ્યું કે, વ્હાઈટ જેકેટ ઉચ્ચ સ્તરે રમનારા ખેલાડીઓનું સન્માન કરે છે અને તેમને પ્રેરણા આપે છે.

# જાડેજા ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલનો બેસ્ટ ફિલ્ડર બન્યો



(એજન્સી) દુબઈ તા 11

ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામેની મેચ માટે ટીમ ઈન્ડિયાએ રવીન્દ્ર જાડેજાને બેસ્ટ ફિલ્ડર મેડલ આપ્યો. ફિલ્ડિંગ કોચ ટી દિલીપે ટીમ ડ્રેસિંગ રૂમમાં તેને મેડલ એનાયત કર્યો. જાડેજાએ ફાઈનલમાં 10 ઓવર ફેંકી અને 30 રન આપ્યા અને એક વિકેટ લીધી. બેટિંગ કરતી વખતે, તે 9 રન બનાવીને અણનમ રહ્યો. રવિવારે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતે ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવ્યું. દુબઈમાં કિવી ટીમે 251 રન બનાવ્યા હતા. કેપ્ટન રોહિત શર્માની અડધી સદીની મદદથી ભારતે 49 ઓવરમાં ટાર્ગેટ ચેઝ કર્યો હતો. ફાઈનલ મેચમાં જાડેજાએ કોઈ કેચ પકડ્યો નહીં કે કોઈ રન આઉટ કર્યો નહીં. પરંતુ તેના ફિલ્ડિંગ સ્તરને જોઈને તેમને આ એવોર્ડ આપવામાં આવ્યો. તેણે ઘણી વખત રન બચાવ્યા અને બાઉન્ડરી પણ રોકી અને ન્યૂઝીલેન્ડના બેટર્સ પર દબાણ બનાવ્યું. 2 પોઈન્ટમાં તે તકો... 41મી ઓવરના બીજા બોલ પર જાડેજાએ માઈકલ બ્રેસવેલને રન આઉટ કરવાની તક બનાવી, તેણે બોલિંગ એન્ડ પર થ્રો કર્યો, પરંતુ બોલર કુલદીપ થ્રો કવર કરી શક્યો નહીં અને તેણે તક ગુમાવી દીધી. 49મી ઓવરમાં, મિચેલ સેન્ટનરે ડીપ મિડવિકેટ અને લોંગ-ઓન વચ્ચેના ગેપમાં શોટ રમ્યો, જાડેજાએ ડાઈવ કરીને બોલને બાઉન્ડરીની બહાર જતા અટકાવ્યો અને 2 રન બચાવ્યા.BCCIએ એક વીડિયો શેર કર્યો છે જેમાં ભારતના ફિલ્ડિંગ કોચ ટી દિલીપે ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની જીત બાદ ટીમની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું, મને લાગે છે કે જો તમે ખરેખર આખી ટુર્નામેન્ટ પર નજર નાખો તો એક વાત સ્પષ્ટ થાય છે કે મેદાન પર કોઈ પણ પ્રયાસ ક્યારેય નાનો નહોતો અને આજે તે આપણી સામે છે. આપણે ચેમ્પિયન છીએ. રવિવારે દુબઈમાં પહેલી બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે 7 વિકેટે 251 રન બનાવ્યા હતા. ભારતે 49મી ઓવરમાં 6 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. કેપ્ટન રોહિત શર્માએ 76, શ્રેયસ અય્યરે 48 અને કેએલ રાહુલે 34 રન બનાવ્યા ભજવી હતી. તેણે રચિન રવીન્દ્ર અને કેન વિલિયમસનને 2 ઓવરમાં જ પેવેલિયન મોકલી દીધા. વરુણ ચક્રવર્તીએ પણ 2 વિકેટ લીધી. રવીન્દ્ર જાડેજાએ 10 ઓવરમાં માત્ર 30 રન આપીને 1 વિકેટ લીધી, તેણે 49મી ઓવરમાં વિનિંગ બાઉન્ડરી ફટકારી.

## મેથ્યુ વેડ આસિસ્ટન્ટ કોચ તરીકે IPLમાં પરત ફર્યો

(એજન્સી) અમદાવાદ તા 11



ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટર મેથ્યુ વેડ આસિસ્ટન્ટ કોચ તરીકે IPLમાં પરત ફરશે. વેડ IPL 2025 માટે ગુજરાત ટાઈટન્સના કોચિંગ સ્ટાફમાં જોડાયો. વેડે રવિવારે આ માહિતી આપી. તે 3 વર્ષ પછી IPLમાં જોડાવા જઈ રહ્યો છે. ખેલાડી તરીકે, મેથ્યુ વેડ 2022માં IPL ચેમ્પિયન બનેલી ગુજરાત ટીમનો પણ ભાગ હતા.

2022 અને 2024માં ગુજરાત માટે 12 મેચ રમી

મેથ્યુ વેડે 2022 અને 2024માં ગુજરાત ટાઈટન્સ માટે 12 IPL મેચ રમી હતી. જેમાં તેણે કુલ 161 રન બનાવ્યા. વેડ ઓક્ટોબર 2024માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. થોડા સમય પછી, તે પાકિસ્તાન સામેની T20 શ્રેણી માટે આન્દ્રે બોરોવાક સાથે ઓસ્ટ્રેલિયાના કોચિંગ સ્ટાફનો ભાગ બન્યો. મેથ્યુ વેડે 2022 અને 2024માં ગુજરાત ટાઈટન્સ માટે 12 મેચ રમી હતી. મેથ્યુ વેડે 2022 અને 2024માં ગુજરાત ટાઈટન્સ માટે 12 મેચ રમી હતી.

આશિષ નેહરા હેડ કોચ, પાર્થિવ પટેલ બેટિંગ કોચ

કોચિંગ સ્ટાફમાં આશિષ નેહરા હેડ કોચ તરીકે મેથ્યુ વેડ સાથે સામેલ છે. જ્યારે પાર્થિવ પટેલ ટીમનો બેટિંગ કોચ રહેશે. આશિષ કપૂર અને નરેન્દ્ર નેગી પણ આસિસ્ટન્ટ કોચ તરીકે ટીમનો ભાગ છે. ગુજરાત ટાઈટન્સનો ગ્રાફ પહેલાની સરખામણીમાં ઘટ્યો ગુજરાત ટાઈટન્સે 2022માં તેમની પ્રથમ IPL સીઝનમાં શાનદાર શરૂઆત કરી હતી. ટીમે પહેલી બે સીઝનમાં ફાઈનલમાં પણ જગ્યા બનાવી હતી. આ ટીમ 2022માં ચેમ્પિયન બની અને 2023માં રનર્સઅપ બની.

# સરકારે રેસલિંગ ફેડરેશન પર લાદવામાં આવેલ સસ્પેન્શન હટાવ્યું

## સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે ટીમ પસંદગી શક્ય બનશે

(એજન્સી) નવી દિલ્હી તા 11

રમત મંત્રાલયે મંગળવારે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) પરથી પ્રતિબંધ હટાવી લીધો. જેના કારણે સ્થાનિક ટુર્નામેન્ટનું આયોજન અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે રાષ્ટ્રીય ટીમની પસંદગીનો માર્ગ મોકળો થયો છે. અત્યાર સુધી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને એડહોક કમિટી વહીવટી જવાબદારીઓ સંભાળી રહ્યા હતા. મંત્રાલયે વર્ષ 2023માં અંડર-15 (U-15) અને અંડર-20 (U-20) રાષ્ટ્રીય ચેમ્પિયનશિપની ઉતાવળમાં જાહેરાત કરી છે. 24 ડિસેમ્બરે WFI પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

હકીકતમાં, 21 ડિસેમ્બર 2023ના રોજ WFIના પ્રમુખ બન્યા પછી, સંજય સિંહે ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહના ક્ષેત્રમાં રાષ્ટ્રીય જુનિયર ચેમ્પિયનશિપનું આયોજન કરવાની જાહેરાત કરી હતી. જે બાદ 24 ડિસેમ્બરે રમત મંત્રાલયે WFI પર પ્રતિબંધ મૂક્યો.



**જંતર-મંતર પર ધરણા પ્રદર્શન કર્યું હતું :** 16 જાન્યુઆરી, 2023ના રોજ, ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિક, વિનેશ ફોગાટ અને ઘણી મહિલા કુસ્તીબાજોએ જંતર-મંતર પર ધરણા શરૂ કર્યા, જેમાં તત્કાલીન WFI પ્રમુખ બ્રિજ ભૂષણ સિંહ શરણ પર જાતીય સતામણીનો આરોપ લગાવવામાં આવ્યો. ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા પણ તેમના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં જોડાયો. તે સમયે, રમતગમત મંત્રાલયના આશ્વાસન પછી, કુસ્તીબાજોએ હડતાળ સમાપ્ત કરી દીધી હતી અને એપ્રિલમાં ફરીથી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

**બજરંગ પુનિયાએ પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો :** વર્ષ 2023માં, 22 ડિસેમ્બરના રોજ, બજરંગ પુનિયાએ WFI ચૂંટણીમાં બ્રિજ ભૂષણ સિંહના સમર્થક સંજય સિંહના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીત્યા બાદ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઘરની બહાર પોતાનો પદ્મશ્રી પુરસ્કાર મૂક્યો હતો. 21 ડિસેમ્બરે, સંજય સિંહ પ્રમુખ બન્યા પછી, સાક્ષી મલિકે એક પ્રેસ કોન્ફરન્સમાં ટેબલ પર પોતાના જૂતા મૂકીને કુસ્તી છોડવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

# WPL: મુંબઈનો પાંચમો વિજય ગુજરાતનો 9 રનથી પરાજય



(એજન્સી) નવી દિલ્હી તા 11

વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની સીઝન-3 માં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને 9 રને હરાવ્યું હતું. કેપ્ટન હરમનપ્રીત કૌરે 54 રનની ઈનિંગ રમી. જ્યારે હેલી મેથ્યુસ અને અમેલિયા કેરે 3-3 વિકેટ લીધી. ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. પહેલી બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે 6 વિકેટ ગુમાવીને 179 રન બનાવ્યા. ગુજરાતના કેપ્ટન એશ્લે ગાર્ડનરે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો.

ગુજરાતના કેપ્ટન એશ્લે ગાર્ડનરે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો મુંબઈની શરૂઆત સારી રહી ન હતી. પહેલી વિકેટ 17 રન પર પડી. પ્રથમ બેટિંગ કરતી વખતે, ઓપનર અમેલિયા કેર નવ બોલમાં એક ચોગ્ગાની મદદથી પાંચ રન બનાવ્યા બાદ રન આઉટ થઈ ગઈ. આ પછી, હેલી મેથ્યુઝે નતાલી સીવર બ્રન્ટ સાથે મળીને ઈનિંગ્સની કમાન સંભાળી અને બંને વચ્ચે 25 બોલમાં 29 રનની ભાગીદારી થઈ. હીલી 27 રન બનાવીને આઉટ થઈ ગઈ.

આ પછી, હરમનપ્રીત અને બ્રન્ટ વચ્ચે ત્રીજી વિકેટ માટે 59 રનની ભાગીદારી થઈ જેને ગાર્ડનરે તોડી નાખી. બ્રન્ટ 31 બોલમાં છ ચોગ્ગાની મદદથી 38 રન બનાવીને આઉટ થઈ.ત્યારબાદ હરમનપ્રીત કૌરે અમનજોત કૌર સાથે મળીને ચોથી વિકેટ માટે 19 બોલમાં 33 રનની ભાગીદારી કરી. હરમનપ્રીતે 33 બોલમાં નવ ચોગ્ગાની મદદથી 54 રનની ઈનિંગ રમી. આ ઉપરાંત મુંબઈ તરફથી યાસ્તિકા ભાટિયાએ 13 રન બનાવ્યા, જ્યારે સજીવન સજના 11 રન બનાવીને અણનમ રહ્યા.

# ચેમ્પિયન્સ ટ્રોફી: એવોર્ડ પ્રેઝન્ટેશન સેરેમનીથી શોએબ અખ્તર નારાજ

(એજન્સી) દુબઈ તા 11

રવિવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ચેમ્પિયન્સ ટ્રોફી એવોર્ડ સમારોહમાં પાકિસ્તાનનો એક પણ પ્રતિનિધિ હાજર ન રહેવા બદલ ભૂતપૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ની ટીકા કરી છે. તેણે સોશિયલ મીડિયા પર કહ્યું કે તે તેની સમજની બહાર છે કે PCB એ સ્ટેજ પર એક પણ પ્રતિનિધિ કેમ ન મોકલ્યો. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવીને ટાઈટલ જીત્યું. એવોર્ડ સેરેમનીમાં ICC પ્રમુખ જય શાહ સહિત BCCI અને ન્યૂઝીલેન્ડના અધિકારીઓ હાજર રહ્યા

એવોર્ડ સમારોહમાં મંચ પર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના પ્રમુખ જય શાહ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના પ્રમુખ રોજર બિન્ની અને સેક્રેટરી દેવજીત સૈકિયા અને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ (NZC)ના ડિરેક્ટર રોજર ટૌસી હાજર હતા. સ્ટેજ પર કોઈ પાકિસ્તાની અધિકારી હાજર નહોતા. જ્યારે પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું સત્તાવાર યજમાન હતું. PCBના ચીફ ઓપરેટિંગ ઓફિસર સુમૈર અહેમદ, જે ચેમ્પિયન્સ ટ્રોફીના ટુર્નામેન્ટ ડિરેક્ટર પણ છે, દુબઈમાં હાજર હતા પરંતુ તેમને સ્ટેજ પર બોલાવ્યા નહોતા.

ટીમ ઈન્ડિયાએ 12 વર્ષ પછી ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો. ટીમ ઈન્ડિયાએ 12 વર્ષ પછી ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો. PCB ચેરમેને આવવામાં અસમર્થતા વ્યક્ત કરી મુજબ, PCBના અધ્યક્ષ મોહસીન નકવી, જે પાકિસ્તાન સરકારમાં મંત્રી પણ છે, તેમને ICCએ આમંત્રણ આપ્યું હતું. જોકે, તેમણે ICCને જાણ કરી હતી કે રાષ્ટ્રપતિ આસિફ ઝરદારી પાકિસ્તાની સંસદમાં રાષ્ટ્રને સંબોધિત કરવાના છે.

# સતત ટૉસ હારવામાં પણ રોહિતે રેકોર્ડ તોડ્યો!

(એજન્સી) દુબઈ તા 11

ટુર્નામેન્ટમાં સૌથી વધુ પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતવામાં મેટ્રાયથને પાછળ છોડ્યો; મેચ રેકોર્ડ્સ ભારતે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો. રોહિત શર્માના રેકોર્ડ 76 રનની મદદથી ટીમે ન્યૂઝીલેન્ડે આપેલા 252 રનના ટાર્ગેટને 49 ઓવરમાં જ ચેઝ કરી લીધો.

રવિવારનો દિવસ રોહિત શર્માના નામે રેકોર્ડનો દિવસ હતો. રોહિત સૌથી વધુ વખત ટોસ હારનાર કેપ્ટન બન્યો. રોહિત શર્માએ ICC ટુર્નામેન્ટમાં સતત 13મી જીત નોંધાવી. રોહિત શર્મા ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર આઠમો અને ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો. તે સતત બે ICC ફાઈનલ જીતનાર ચોથો કેપ્ટન પણ બન્યો. છેલ્લી 8 વન-ડેમાં આ પહેલી વાર છે જ્યારે ભારત પ્રથમ ઈનિંગમાં તેના વિરોધી ટીમને ઓલઆઉટ કરવામાં નિષ્ફળ ગયું છે. ગઈકાલે ન્યૂઝીલેન્ડે 7 વિકેટ ગુમાવીને 251 રન બનાવ્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીની એક જ ઈનિંગમાં સ્પિન સાથે સૌથી વધુ ઓવર ફેંકવાની બાબતમાં ભારતીય ટીમ બીજા ક્રમે રહી. ટીમે આજે 38 ઓવર સ્પિન ફેંકી. શ્રીલંકા પ્રથમ સ્થાને છે. જેમણે 2002ની સેમિફાઈનલમાં 39.4 ઓવર સ્પિન ફેંકી હતી.

# રાહુલે કેપ્ટનશીપની ઓફર ઠુકરાવી

(એજન્સી) દુબઈ તા 11

કેએલ રાહુલે કેપ્ટનશીપની ઓફર ફગાવી દીધી છે. આ દાવો મીડિયા રિપોર્ટ્સ દ્વારા કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાહુલને કેપ્ટનશીપ વિશે પૂછવામાં આવ્યું હતું, પરંતુ તે સંમત થયા નહીં. ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પાછા ફર્યા બાદ કેએલ રાહુલે કેપ્ટનશીપને લઈને મોટો નિર્ણય લીધો છે. રાહુલનો આ નિર્ણય IPL કેપ્ટનશીપ સાથે સંબંધિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાહુલે IPL 2025 માં દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપની ઓફરને નકારી કાઢી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી કેપિટલ્સ ફ્રેન્ચાઈઝીએ રાહુલને કેપ્ટનશીપની ઓફર કરી હતી, જેને તેણે સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેએલ રાહુલે કેપ્ટનશીપની ઓફરને નકારી કાઢી અને કહ્યું કે તે એક ખેલાડી તરીકે ટીમમાં



વધુ યોગદાન આપવા માંગે છે. કેએલ રાહુલ દ્વારા ટીમની કેપ્ટનશીપ કરવાનો ઈનકાર કર્યા પછી, હવે એવી અટકળો ચાલી રહી છે કે અક્ષર પટેલ દિલ્હી ફ્રેન્ચાઈઝીની કમાન સંભાળી શકે છે. જોકે, અત્યાર સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી... કારણ કે કેપ્ટનશીપ માટેનો ખરો સંઘર્ષ આ બે નામો વચ્ચે હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેએલ રાહુલે કેપ્ટનશીપની ઓફરને નકારી કાઢી અને કહ્યું કે તે એક ખેલાડી તરીકે ટીમમાં વધુ યોગદાન આપવા માંગે છે. કેએલ રાહુલ દ્વારા ટીમની કેપ્ટનશીપ કરવાનો ઈનકાર કર્યા પછી, હવે એવી અટકળો ચાલી રહી છે.

## હાર્દિક પંડ્યાએ પાકિસ્તાની પત્રકારને ચૂપ કરાવ્યો

(એજન્સી) દુબઈ તા 11

ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી છે. ટીમ ઈન્ડિયા ટુર્નામેન્ટમાં એક પણ મેચ હાર્યું નહીં અને ટાઈટલ પણ જીત્યું. ટ્રોફી જીત્યા પછી હાર્દિક પંડ્યાએ ઘણી મોટી વાતો કહી. તેણે એક પાકિસ્તાની પત્રકારના પાકિસ્તાન ન આવવાના પ્રશ્નનો જડબાતોડ જવાબ આપ્યો હતો અને તેની બોલતી બંધ કરાવી દીધી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાને ચેમ્પિયન બનાવવામાં હાર્દિક પંડ્યાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેણે બેટ અને બોલ બંનેથી સારું પ્રદર્શન કર્યું. હવે ટ્રોફી જીત્યા બાદ હાર્દિક પંડ્યાએ પાકિસ્તાનીના પત્રકારોને જડબાતોડ જવાબ આપ્યો હતો. હાર્દિક પંડ્યાએ પ્રેસ કોન્ફરન્સમાં લોકોને ઘણી બધી વાતો શીખવી.

# ICCની ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં રોહિતનું નામ નથી:મિચેલ સેન્ટનરને કેપ્ટન

(એજન્સી) દુબઈ તા 11

ICC એ ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની શ્રેષ્ઠ ટીમમાં ભારતના કેપ્ટન રોહિત શર્માનો સમાવેશ કર્યો નથી. ન્યૂઝીલેન્ડના મિચેલ સેન્ટનરને કેપ્ટન બનાવવામાં આવ્યો, તેની ટીમના 4 ખેલાડીઓને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું. ભારત તરફથી વિરાટ કોહલી સહિત 5 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે અક્ષર પટેલને 12મો ખેલાડી બનાવવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાનના 2 ખેલાડીઓને પણ સ્થાન મળ્યું. યજમાન પાકિસ્તાન સહિત બાકીના 5 દેશોના એક પણ ખેલાડીને ટીમમાં સ્થાન મળ્યું નહીં. રોહિતે ફાઈનલમાં 76 રન બનાવ્યા હતા ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા ટુર્નામેન્ટની પહેલી 4 મેચમાં એક પણ ફિફ્ટી ફટકારી શક્યો નહીં. તેણે ફાઈનલમાં સ્કોર બરાબરી કરી અને 252 રનના લક્ષ્યાંક સામે 76 રન બનાવ્યા. તેની ઈનિંગે ટીમને જીતની નજીક લાવી દીધી. રોહિતની કેપ્ટનશીપ હેઠળ ટીમ અપરાજિત રહી અને ચેમ્પિયન બની.



**ચેમ્પિયન્સ ટ્રોફીને ચુંબન કરી રહેલો ભારતીય કેપ્ટન રોહિત**

રોહિતે બાંગ્લાદેશ સામે 41, પાકિસ્તાન સામે 20, ન્યૂઝીલેન્ડ સામે 15 અને ઓસ્ટ્રેલિયા સામે 28 રન બનાવ્યા હતા. તેણે ટુર્નામેન્ટની 5 મેચમાં 36ની સરેરાશથી 180 રન બનાવ્યા. તેણે ડેરિલ મિચેલની અંતિમ ઓવરમાં ટુર્નામેન્ટનો પોતાનો એકમાત્ર કેચ પકડ્યો.

## ન્યૂઝીલેન્ડ તરફથી રચિન, હેનરીનો સમાવેશ

ન્યૂઝીલેન્ડના ડાબા હાથના બેટિંગ ઓલરાઉન્ડર રચિન રવીન્દ્રને ઓપનિંગ પોઝિશન પર મૂકવામાં આવ્યો હતો. તેના ઉપરાંત, કિવી ટીમમાંથી ઓલરાઉન્ડર ગ્લેન ફિલિપ્સ, કેપ્ટન મિચેલ સેન્ટનર અને ઝડપી બોલર મેટ હેનરીને પણ સામેલ કરવામાં આવ્યો હતો. રચિને ટુર્નામેન્ટની 4 મેચમાં 2 સદી સહિત 263 રન બનાવ્યા. તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરવામાં આવ્યો હતો. ફિલિપ્સે 59ની સરેરાશથી 177 રન બનાવ્યા, 2 વિકેટ લીધી અને 5 કેચ પણ લીધા. સેન્ટનરે 4.80ની ઈકોનોમી પર 9 વિકેટ લીધી. હેનરી 4 મેચમાં 10 વિકેટ લઈને ટુર્નામેન્ટનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો.

## અફઘાનના 2 ખેલાડીઓને પ્લેઈંગ-11માં સ્થાન

અફઘાનિસ્તાનના ઓપનર ઈબ્રાહિમ ઝાદરાન પણ શ્રેષ્ઠ પ્લેઈંગ-11નો ભાગ બનવામાં સફળ રહ્યો. તેણે 1 સદી સાથે 216 રન બનાવ્યા. ઈંગ્લેન્ડ સામેના તેમના 177 રન પણ ટુર્નામેન્ટનો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર હતો. અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર અઝમતુલ્લાહ ઓમરઝાઈ પણ ટીમમાં જોડાયો. તેણે 3 મેચમાં 42ની સરેરાશથી 126 રન બનાવ્યા અને 5 વિકેટ લીધી હતી. અને 7 વિકેટ પણ લીધી. તેણે જ ઈંગ્લેન્ડ સામે 5 વિકેટ લઈને ટીમને વિજય તરફ દોરી હતી. શમીએ 5 મેચમાં 9 વિકેટ લીધી હતી.

**કોહલી, વરુણ સહિત ભારતના 5 ખેલાડીઓનો સમાવેશ :** ભારતના 5 ખેલાડીઓને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું. આમાં 2 પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીતનાર વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, વિકેટકીપર કેએલ રાહુલ, સ્પિનર વરુણ ચક્રવર્તી અને ઝડપી બોલર મોહમ્મદ શમીનો સમાવેશ થાય છે. કોહલીએ લગભગ 55ની સરેરાશથી 218 રન બનાવ્યા અને પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા સામે પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર થયો. શ્રેયસે 2 અડધી સદી સાથે 243 રન બનાવ્યા, તે ટુર્નામેન્ટનો બીજો ટોપ સ્કોરર હતો. રાહુલે 140ની સરેરાશથી 140 રન બનાવ્યા અને સેમિફાઈનલ અને ફાઈનલમાં અણનમ રહીને ટીમને વિજય અપાવ્યો.

# પાકિસ્તાનમાં ટ્રેનને કેવી રીતે હાઈજેક કરી? જાણો આખુ ષડયંત્ર..!

(એજન્સી) કરાંચી તા 11

પાકિસ્તાન સરકાર આતંકવાદને ખતમ કરવાના મોટા મોટા દાવા કરી રહી છે. બલૂચિસ્તાનથી લઈને અફઘાનિસ્તાન બોર્ડર સુધી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાની વાત થઈ હતી, પરંતુ મંગળવારે બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓએ તેને બરબાદ કરી દીધી. BLA લડવૈયાઓએ બાલોનમાં ટ્રેન હાઈજેક કરી હતી. બલૂચ લિબરેશન આર્મીનું કહેવું છે કે ટ્રેનમાં લગભગ 140 પાકિસ્તાની સૈનિકો હાજર હતા. BLA એ તમામને બંધક બનાવીને પાકિસ્તાની સેનાને ઘૂંટણિયે લાવી દીધી છે. મંગળવારે પાકિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (BLA)એ જાફર એક્સપ્રેસ પર હુમલો કર્યો અને તેનું અપહરણ કર્યું. BLAએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, તેણે 182 મુસાફરોને બંધક બનાવ્યા છે. અગાઉ BLAએ કહ્યું હતું કે, 100થી વધુ મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા છે. BLAએ નિવેદનમાં એમ પણ કહ્યું કે, અત્યાર સુધીમાં 11 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને એક ડ્રોનને પણ તોડી પાડવામાં આવ્યું છે. BLA લડવૈયાઓનો હજુ પણ જાફર એક્સપ્રેસ પર સંપૂર્ણ નિયંત્રણ છે.



### કેવી રીતે થયું ટ્રેન હાઈજેક?

ઝફર એક્સપ્રેસ એક પેસેન્જર ટ્રેન છે, જે 1998માં શરૂ થઈ હતી. આ ટ્રેન ક્વેટાથી પેશાવર સુધી ચાલે છે. રોજની જેમ આ ટ્રેન મંગળવારે પણ ક્વેટાથી નીકળી હતી, પરંતુ બોલાન પહોંચતા જ તેને હાઈજેક કરી લેવામાં આવી હતી. BLAના જણાવ્યા અનુસાર, તેના લડવૈયાઓએ એક સુરંગ પાસે ટ્રેક પર બ્લાસ્ટ કર્યો, જેના કારણે ટ્રેન ડ્રાઈવરે ટ્રેન રોકવી પડી. જેવી ટ્રેન ટનલમાં રોકાઈ કે તરત જ તેને બલૂચ લડવૈયાઓએ હાઈજેક કરી લીધું. BLAનું કહેવું છે કે હાઈજેકની પ્રક્રિયામાં તેણે 6 સૈનિકોને મારી નાખ્યા. જિયો ટીવીના જણાવ્યા અનુસાર હાઈજેકને કારણે ટ્રેનના ડ્રાઈવરને પણ ગોળી વાગી છે.

### આર્મી ખબરીએ વ્યક્ત કરી હતી આશંકા!

પાકિસ્તાની સેનાના ખબરી કહેવાતા પૂર્વ મંત્રી ફઝલુર રહેમાને થોડા દિવસો પહેલા બલૂચિસ્તાનમાં મોટી ઘટના બનવાનો ભય વ્યક્ત કર્યો હતો. રહેમાને કહ્યું કે બલૂચિસ્તાનના લોકો હવે પાકિસ્તાન આર્મીની વાત સાંભળવાનું બંધ કરી દેશે. ત્યાંના લડવૈયાઓ સીધો મોરચો ખોલશે. રહેમાનના મતે બલૂચિસ્તાન સેના હવે ગુસ્સે થઈ ગઈ છે અને સરકાર તેને સંભાળી શકશે નહીં. ફઝલુરે કહ્યું કે બલૂચિસ્તાન ટૂંક સમયમાં પાકિસ્તાનથી અલગ થઈ જશે.

### શું આ બુદ્ધિની નિષ્ફળતા છે?

ઝફર એક્સપ્રેસ બલૂચિસ્તાનની પેસેન્જર ટ્રેન છે. મંગળવારે આ ટ્રેનમાં સેનાના 140 જવાન પણ સવાર હતા. આવી સ્થિતિમાં જે રીતે ટ્રેનને હાઈજેક કરવામાં આવી તે પણ ગુપ્તચર તંત્રની નિષ્ફળતા પર સવાલ ઉભા કરે છે.બલૂચિસ્તાન ઘણા સમયથી હિંસાની આગમાં સળગી રહ્યું છે. અહીંની હિંસાથી ખુદ પાકિસ્તાન સરકાર ચિંતિત છે. આવી સ્થિતિમાં પેસેન્જર ટ્રેનમાં સેનાની આટલી મોટી હિલચાલ જે રીતે કરવામાં આવી છે તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.



### બલુચિસ્તાન લિબરેશન આર્મી શું છે?

બલુચિસ્તાનના ઘણા લોકો માને છે કે ભારત-પાકિસ્તાનના ભાગલા પછી, તેઓ એક સ્વતંત્ર દેશ તરીકે રહેવા માંગતા હતા. પરંતુ તેમની સંમતિ વિના તેમને પાકિસ્તાનમાં સામેલ કરવામાં આવ્યા. સ્વતંત્ર દેશ બન્યો નહીં અને તેથી બલુચિસ્તાનમાં સેના અને લોકો વચ્ચેનો સંઘર્ષ આજે પણ ચાલુ છે. BBCના મતે, બલુચિસ્તાનમાં આઝાદીની માંગણી કરતા ઘણા સંગઠનો છે પરંતુ બલુચિસ્તાન લિબરેશન આર્મી સૌથી શક્તિશાળી સંગઠન છે. આ સંગઠન 70ના દાયકામાં અસ્તિત્વમાં આવ્યું હતું પરંતુ 21મી સદીમાં તેનો પ્રભાવ વધ્યો છે. BLA બલુચિસ્તાનને પાકિસ્તાની સરકાર અને ચીનથી મુક્ત કરાવવા માગે છે. તેઓ માને છે કે બલુચિસ્તાનના સંસાધનો પર તેમનો અધિકાર છે. પાકિસ્તાન સરકારે 2007માં બલુચિસ્તાન લિબરેશન આર્મીને આતંકવાદી સંગઠન તરીકે સૂચિબદ્ધ કર્યું હતું.

## પાકિસ્તાની રાજદૂતને અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં ન આવી

પાકિસ્તાન તા 11

પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. એવા સમાચાર સામે આવ્યા છે કે તુર્કમેનિસ્તાનમાં પાકિસ્તાનના રાજદૂતને અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી નહીં અને તેમને ડિપોર્ટ કરી દેવામાં આવ્યા છે. જોકે, તેને લઈને અમેરિકા કે પાકિસ્તાનની સરકાર તરફથી કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું નથી. રાજદૂત વગાન પાસે માન્ય યુએસ વિઝા અને તમામ જરૂરી મુસાફરી દસ્તાવેજો પણ હતાં.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રાજદૂત કેકે એહસાન વગાનને અમેરિકાના લોસ એન્જેલિસ એરપોર્ટથી પાછા મોકલી દેવામાં આવ્યા છે. તેમની પાસે માન્ય વિઝાથી લઈને દરેક ડોક્યુમેન્ટ્સ હોવા છતાંય આ કાર્યવાહી કરવામાં આવી છે. તેઓ અમેરિકામાં રજા મનાવવા પહોંચ્યા હતા અને આ દરમિયાન ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને રોકી દીધા અને કાર્યવાહી કરી

આ ઘટના અંગે વિદેશ મંત્રી ઈશાક ડાર અને વિદેશ સચિવ અમીના બલોચને જાણ કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયે લોસ એન્જલસમાં પાકિસ્તાની વાણિજ્ય દૂતાવાસને આ મામલે તપાસ કરવા કહ્યું છે. તુર્કમેનિસ્તાનમાં પાકિસ્તાનના રાજદૂત કેકે અહેસાન વાગન લાંબા સમયથી પાકિસ્તાનની વિદેશ સેવામાં છે. તેમણે કાઠમંડુમાં પાકિસ્તાની દૂતાવાસમાં સેકન્ડ સેક્રેટરીથી લઈને લોસ રાજદૂત અને નાઈજરમાં પાકિસ્તાની દૂતાવાસમાં સેવા આપી છે.

## ટ્રમ્પે કહ્યું- હું ટેસ્લા કાર ખરીદીશ: કેટલાક લોકો કંપનીનો બહિષ્કાર કરીને મસ્કને નુકસાન પહોંચાડવા માંગે છે

(એજન્સી) વોશિંગ્ટન તા 11

ટેસ્લાના શેરમાં સોમવારે 15%નો જંગી ઘટાડો થયો હતો, જે સપ્ટેમ્બર 2020 પછી કંપનીની સૌથી મોટી એક દિવસીય ખોટ છે. આ પછી ટ્રમ્પે મસ્ક અને ટેસ્લાના સમર્થનમાં પોસ્ટ કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ ટેસ્લા કાર ખરીદવા જઈ રહ્યા છે. તેમણે મંગળવારે કહ્યું કે આમ કરીને તેઓ ટેસ્લાના વડા અને DoGEના પ્રમુખ ઈલોન મસ્ક પ્રત્યે વિશ્વાસ અને સમર્થન દર્શાવવા માંગે છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં મસ્કને એક મહાન અમેરિકન પણ કહ્યા. આનો જવાબ મસ્કે 'થેન્ક્યૂ પ્રેસિડેન્ટ' લખીને આપ્યો હતો. ખરેખરમાં, સોમવારે ટેસ્લાના શેરમાં 15%નો જંગી ઘટાડો થયો, જે સપ્ટેમ્બર 2020 પછી કંપનીનો સૌથી મોટો એક અત્યાર સુધીમાં 45% ઘટ્યા છે, જેના કારણે નવેમ્બરમાં ટ્રમ્પ ફરીથી ચૂંટણી જીત્યા પછી કંપનીએ મેળવેલા ફાયદાને ખતમ કર્યા છે. જાન્યુઆરીથી મસ્કની કુલ સંપત્તિમાં પણ 130 બિલિયન ડોલરનો ઘટાડો થયો છે.



### ટ્રમ્પે કહ્યું- ટેસ્લા કંપની મસ્ક માટે તેમના બાળક સમાન છે

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું - 'હું બધા રિપબ્લિકન, કન્ઝર્વેટિવ અને બધા અમેરિકનોને કહેવા માંગુ છું કે ઈલોન મસ્ક આપણા દેશને મદદ કરવા માટે પોતાનો જીવ દાવ પર લગાવી રહ્યા છે અને તેઓ ખૂબ સારું કામ કરી રહ્યા છે.' ટેસ્લા વિશ્વની શ્રેષ્ઠ કાર ઉત્પાદક કંપનીઓમાંની એક છે.

**ટ્રમ્પે કહ્યું કે 2024ની ચૂંટણીમાં મારી સાથે પણ આવું જ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.** તેનું પરિણામ શું આવ્યું? ગમે તે હોય, આવતીકાલે હું એક નવી ટેસ્લા કાર ખરીદીશ અને ઈલોન પ્રત્યે મારો વિશ્વાસ અને સમર્થન બતાવીશ. તેઓ ખરેખરમાં મહાન અમેરિકન છે. તેઓ અમેરિકાને ફરીથી મહાન બનાવવા માટે પોતાની સંપૂર્ણ કુશળતાનો ઉપયોગ કરી રહ્યા છે, તેમને શા માટે સજા મળવી જોઈએ?

**ઈલોન મસ્કના રાજકીય વલણો પણ ટેસ્લાના વેચાણ પર અસર કરી રહ્યા છે. :** જર્મનીની ફેબ્રુઆરીની ચૂંટણી પહેલા મસ્કે અલ્ટરનેટિવ ફોર જર્મની પાર્ટીને સમર્થન આપ્યું હતું, જેના કારણે 2024 ના પ્રથમ બે મહિનામાં ટેસ્લા ગાડીઓના રજીસ્ટ્રેશનમાં 70% ઘટાડો થયો હતો. અને તે ઈલોનના 'બાળક' સમાન છે. પરંતુ પાગલ કટ્ટર ઉગ્રવાદી ડાબેરીઓ હંમેશાની જેમ, આ વખતે પણ ગેરકાયદેસર રીતે ટેસ્લાનો બહિષ્કાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## અમેરિકાથી ખાસ મહેમાન આવશે ભારત

(એજન્સી) અમેરિકા તા 11

યુએસ ડાયરેક્ટર ઑફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબાર્ડ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની બહુરાષ્ટ્રીય મુલાકાતના ભાગરૂપે ભારતની મુલાકાત લેશે. તુલસી ગબાર્ડ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિ અને સ્વતંત્રતાના લક્ષ્યોને હાંસલ કરવા માટે મજબૂત સંબંધો બનાવવા માટે આ સફર કરી રહ્યા છે. પદ સંભાળ્યા બાદ આ તેમની પ્રથમ વિદેશ યાત્રા હશે. તુલસી ગબાર્ડ જાપાન, થાઈલૅન્ડ અને ભારતની મુલાકાત લેશે આ પ્રવાસ દરમિયાન તુલસી જાપાન, થાઈલૅન્ડ અને ભારતની મુલાકાત લેશે. બધાની નજર તુલસીના ભારત પ્રવાસ પર છે. બીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રના અધિકારીની આ પ્રથમ ભારત મુલાકાત હશે.તુલસી ગબાર્ડે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'હું ઈન્ડો-પેસિફિકની બહુરાષ્ટ્રીય સફર પર છું, એક પ્રદેશ જેને હું સારી રીતે જાણું છું કારણ કે હું પેસિફિકમાં મોટી થઈ છું. હું જાપાન, થાઈલૅન્ડ અને ભારતનો પ્રવાસ કરીશ. અમેરિકા પરત ફરતી વખતે હું થોડો સમય ફ્રાન્સમાં પણ રહીશ.

## ફિલિપાઈન્સના પૂર્વ રાષ્ટ્રપતિ દુતેર્તેની ધરપકડ:ICCએ વોરંટ જાહેર કર્યું હતું

(એજન્સી) ફિલિપાઈન્સ તા 11

ફિલિપાઈન્સના પૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તેની ધરપકડ કરવામાં આવી છે. દુતેર્તેની માનવતા વિરુદ્ધના ગુનાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો ડુટેર્ટેની ધરપકડના આદેશ આપ્યા બાદ, ફિલિપાઈન્સ પોલીસે મંગળવારે મનીલા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તેની ધરપકડ કરી હતી.

ફિલિપાઈન્સની સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તેની ધરપકડની માહિતી આપી છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે દુતેર્તે વિરુદ્ધ વોરંટ જારી કર્યું હતું.

આ પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. જણાવીએ કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટનું હેડક્વાર્ટર નેધરલેન્ડની રાજધાની હેગમાં છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પાસે ચોક્કસ સંજોગોમાં નરસંહાર, માનવતા વિરુદ્ધના ગુનાઓ, વોર ક્રાઈમ વગેરે જેવા ગુનાઓ માટે વ્યક્તિઓની તપાસ અને કાર્યવાહી કરવાની સત્તા છે. ફિલિપાઈન્સ સરકારે શું કહ્યું? ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ માર્કોસના કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હોંગકોંગથી આવ્યા બાદ દુતેર્તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ઈન્ટરનેશનલ કોર્ટના આદેશથી તેમની સામે કાર્યવાહી કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ સામે આ આરોપો છે દુતેર્તે પર આરોપ છે કે તેમણે તેમના રાષ્ટ્રપતિના કાર્યકાળ દરમિયાન ડ્રગ્સના વેપાર સામે પગલાં લીધા હતા, જેના પરિણામે મોટા પાયે હત્યાઓ થઈ હતી.

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે 1 નવેમ્બર 2011ના રોજ દુતેર્તે વિરુદ્ધ તપાસ શરૂ કરી હતી. તે સમયે દુતેર્તે ફિલિપાઈન્સના દાવો શહેરના મેયર હતા. ICCની તપાસ 16 માર્ચ 2019 સુધી ચાલુ રહી. દુતેર્તેના રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ICC તપાસને રદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે, ICCએ દુતેર્તેની માંગને ફગાવી દીધી હતી. દુતેર્તે 2022માં ફિલિપાઈન્સમાં સત્તા પરથી હટ્યા હતા.

## ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બોલાચાલી પછી સાઉદી અરેબિયા પહોંચ્યા ઝેલેન્સ્કી

(એજન્સી) યુક્રેન તા 11

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સોમવારે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળવા સાઉદી અરેબિયા પહોંચ્યા હતા. વ્હાઈટ હાઉસમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉગ્ર ચર્ચા બાદ તેમની સાઉદી મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન રશિયા અને યુક્રેન યુદ્ધને લઈને શાંતિ સમજૂતી પર ચર્ચા થશે. ઝેલેન્સ્કી અને સાઉદી ક્રાઉન પ્રિન્સ વચ્ચેની બેઠક મંગળવારે યુક્રેનિયન અધિકારીઓ અને સાઉદી-અમેરિકન પ્રતિનિધિઓ વચ્ચે શાંતિ કરાર માટે વાટાઘાટોની પહેલ છે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળ્યા બાદ ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સાથેની મુલાકાત સારી રહી. અમે વૈશ્વિક બાબતો પ્રત્યેના તેમના ગંભીર અભિગમ અને યુક્રેન માટેના સમર્થન માટે આભારી છીએ.અમે દ્વિપક્ષીય સંબંધોથી લઈને પરસ્પર સહયોગ વધારવા સુધીના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી.

**દરિયામાં ડૂબી જવાની આશંકા; પિટ્સબર્ગ યુનિવર્સિટીમાંથી સ્નાતક કરી રહી હતી**

## ભારતીય મૂળની અમેરિકન વિદ્યાર્થિની ડોમિનિકન રિપબ્લિકથી ગુમ

(એજન્સી) અમેરિકા તા 11

ભારતીય મૂળની અમેરિકન વિદ્યાર્થિની સુદીક્ષા કોનાંકી ગયા ગુરુવારે ડોમિનિકન રિપબ્લિકના કેરેબિયન ટાપુ પરથી ગુમ થઈ ગઈ હતી. હવે એવું માનવામાં આવે છે કે તેનું મૃત્યુ ડૂબવાથી થયું છે. એબીસી ન્યૂઝે સ્થાનિક અધિકારીઓને ટાંકીને આ સમાચાર આપ્યા છે. તપાસમાં સામેલ ત્રણ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોનાંકી 5 માર્ચે છ લોકો સાથે દરિયા કિનારે ચાલી રહી હતી ત્યારે તે દરિયામાં ડૂબી ગઈ હશે. સુદેખા ગયા અઠવાડિયે પોતાની રજાઓ ઉજવવા માટે ડોમિનિકાના પુન્ટા કાના શહેરમાં ગઈ હતી. ડોમિનિકનના સ્થાનિક અધિકારીઓએ સુદીક્ષાની શોધમાં વિવિધ સ્થળોએ પોસ્ટરો પણ લગાવ્યા હતા.

### 6 માર્ચે છેલ્લીવાર દેખાઈ હતી

સુદેખા સાથે ગયેલા મોટાભાગના લોકો રાત્રે પાછા ફર્યા, પણ તે એક મિત્ર સાથે દરિયા કિનારે રોકાઈ ગઈ. પોલીસને શંકા છે કે આ સમય દરમિયાન તે દરિયામાં તરવા ગઈ અને મોજામાં ફસાઈ ગઈ. સુદીક્ષા છેલ્લે 6 માર્ચે પુન્ટા કાનાના રિયુ રિપબ્લિકા રિસોર્ટમાં દરિયા કિનારે ફરતી જોવા મળી હતી. બીચ પર તેનો છેલ્લો વીડિયો ફૂટેજ 6 માર્ચે સવારે 4:15 વાગ્યાનો છે.

### સુદીક્ષા પિટ્સબર્ગ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી રહી હતી

સુદેખાની લિંક્ડઈન પ્રોફાઈલ મુજબ, તે પિટ્સબર્ગ યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનમાં સ્નાતકનો અભ્યાસ કરી રહી હતી. તે પહેલાં, તેણે વર્જિનિયામાં થોમસ જેફરસન હાઈ સ્કૂલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં અભ્યાસ કર્યો હતો.

### 20 વર્ષીય સુદેખાનો પરિવાર 2006થી અમેરિકામાં રહે છે.

યુનિવર્સિટી ઓફ પિટ્સબર્ગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તે સુદીક્ષાના પરિવાર અને વર્જિનિયાના અધિકારીઓ સાથે નજીકથી કામ કરી રહ્યા છે. સુદીક્ષાને ઘરે પાછી લાવવા માટે યુનિવર્સિટી સત્તાવાળાઓ શક્ય તમામ મદદ કરવા તૈયાર છે. સુદેખાનો પરિવાર 2006થી અમેરિકામાં રહે છે અને ત્યાં કાયમી નિવાસી છે.

## અત્યાર સુધી અમેરિકાની સત્તાવાર ભાષા કઈ હતી?

(એજન્સી) અમેરિકા તા 11

એક બાદ એક મોટા નિર્ણયો લેવાના ક્રમને જારી રાખતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની સત્તાવાર ભાષાને લઈને મોટુ એલાન કર્યુ છે. ટ્રમ્પે ઈંગ્લિશ એટલે કે અંગ્રેજી ભાષાને અમેરિકાની સત્તાવાર ભાષા બનાવવાની જાહેરાત કરી છે. જો કે અમેરિકાના 30 રાજ્યો તો તેને પહેલા જ મંજૂરી આપી ચુક્યા છે. અમેરિકામાં સૌથી વધુ બોલાતી હોવા છતા અંગ્રેજી અમેરિકાની અધિકારીક ભાષા કેમ ન બની શકી ? અને હવે તેનાથી શુ ફર્ક પડશે તેના વિશે જાણીએ. એક બાદ એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના વધુ એક મોટા નિર્ણયને લઈને ચર્ચામા છે. આ વખતે તેમણે અમેરિકામાં લાંબા સમયથી ચાલી રહેલા English Only Movement ને લઈને મોટો નિર્ણય કર્યો છે. એ નિર્ણય છે ઈંગ્લિશ ભાષાને અમેરિકાની સત્તાવાર ભાષા જાહેર કરવાનો. છેલ્લા અનેક વર્ષોથી અમેરિકામાં ચાલી રહેલા English Only Movementને ટ્રમ્પનો આ નિર્ણય એક લેન્ડમાર્ક સાબિત થઈ શકે છે. રશિયા- યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો ઉકેલ લાવવા માટે પ્રયાસ કરી રહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આક્રમક રીતે મધ્યસ્થતા કરી રહ્યા છે. તેઓ યુક્રેન પર એટલી હદે દબાણ લાવી ચુક્યા છે કે જેનાથી સમગ્ર યુરોપ ડઘાયેલુ છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે વ્હાઈટ હાઉસમાં બેઠા બેઠા તેઓ અનેક એક્ઝિક્યુટીવ ઓર્ડર પણ આપી રહ્યા છે.

## યુએસ વિદેશ મંત્રીએ કહ્યું - યુક્રેને પોતાની જમીન છોડવી પડશે : કહ્યું- કડક નિર્ણયો લેવા તૈયાર રહો



(એજન્સી) અમેરિકા તા 11

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ યુક્રેનને યુદ્ધના ઉકેલ માટે જમીન છોડી દેવા કહ્યું છે. રુબિયોએ સોમવારે કહ્યું હતું કે યુક્રેનને 2014થી રશિયા દ્વારા કબજે કરાયેલા વિસ્તારમાં છૂટછાટો આપવી પડશે. મને લાગે છે કે બંને પક્ષોએ સમજવાની જરૂર છે કે આ સંઘર્ષનો કોઈ લશ્કરી ઉકેલ નથી. રશિયા આખા યુક્રેન પર કબજો કરી શકશે નહીં, અને યુક્રેન માટે રશિયાને 2014 પહેલાની પરિસ્થિતિમાં પાછા ધકેલવું અત્યંત મુશ્કેલ બનશે. રુબિયોએ રશિયા અને યુક્રેનને કડક નિર્ણયો લેવા માટે તૈયાર રહેવા કહ્યું છે. રુબિયો યુદ્ધના ઉકેલ અંગે ચર્ચા કરવા માટે સાઉદી અરેબિયા પહોંચ્યા છે.

### અમેરિકાએ 5 માર્ચથી યુક્રેન સાથે ગુપ્ત માહિતી શેર કરવા પર પ્રતિબંધ મૂક્યો

યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈક વોલ્ટ્ઝ કહે છે કે અમે યુક્રેન સાથે ગુપ્ત માહિતી શેર કરવામાં એક પગલું પાછળ હટી ગયા છીએ. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે અમે આ મામલાના તમામ પાસાઓ પર વિચાર કરી રહ્યા છીએ અને તેની સમીક્ષા કરી રહ્યા છીએ. વોલ્ટ્ઝે યુક્રેનના NSA સાથે ફોન પર વાત કરી હતી. યુક્રેન પર સહાય બંધ કરવાની અસર 2 થી 4 મહિનામાં દેખાશે સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના માર્ક કેન્સિયનએ જણાવ્યું હતું કે અમેરિકાના સહાય બંધ કરવાના નિર્ણયની યુક્રેન પર ભારે અસર પડશે. ટ્રમ્પના આ ગઈ છે.

### યુક્રેનને લશ્કરી સહાય બંધ કરવાના નિર્ણયની શું અસર પડશે?

અમેરિકા યુક્રેનનું મુખ્ય સમર્થક રહ્યું છે. છેલ્લા 3 વર્ષોમાં, અમેરિકાએ રશિયા સામેના સંઘર્ષમાં યુક્રેનને શસ્ત્રો, દારૂગોળો અને નાણાકીય સહાય પૂરી પાડી છે. અહેવાલો અનુસાર, આ સહાય બંધ કરવાથી યુક્રેનની સંરક્ષણ ક્ષમતાઓ પર અસર પડશે. યુક્રેનને તેના પ્રદેશ પર નિયંત્રણ જાળવી રાખવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. તેઓ અહીં યુક્રેનના સીનિયર અધિકારીઓને મળશે. સોમવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી પણ સાઉદી અરેબિયા પહોંચ્યા હતા.

### અમેરિકાએ યુક્રેનને આપવામાં આવતી 8.7 હજાર કરોડ રૂપિયાની લશ્કરી સહાય બંધ કરી

અમેરિકાએ યુક્રેનને આપવામાં આવતી લશ્કરી સહાય બંધ કરી દીધી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ, આનાથી એક અબજ ડોલર (8.7 હજાર કરોડ રૂપિયા)ની શસ્ત્રો અને દારૂગોળો સહાય પર અસર પડી શકે છે. આ ટૂંક સમયમાં યુક્રેન પહોંચાડવાના હતા. ટ્રમ્પનો આદેશ યુક્રેનને મળતી સહાયને પણ અવરોધે છે જેનો ઉપયોગ ફક્ત યુએસ સંરક્ષણ કંપનીઓ પાસેથી સીધા નવા લશ્કરી હાર્ડવેર ખરીદવા માટે થઈ શકે છે. યુએસની સહાય બંધ કરવા અંગે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. 27 ફેબ્રુઆરીએ વ્હાઈટ હાઉસ ખાતે ચર્ચા બાદ આ સહાય બંધ કરી દેવામાં આવી હતી.

## જર્મનીમાં કર્મચારીઓની હડતાળ, 13 એરપોર્ટ પર 3400 ફ્લાઈટ્સ રદ

(એજન્સી) બર્લિન તા 11

જર્મનીના તમામ એરપોર્ટના કર્મચારીઓએ એક દિવસની હડતાળનું એલાન કર્યું છે. આ કારણે, સોમવારે (ભારતીય સમય મુજબ) દેશભરમાં હવાઈ મુસાફરી ઠપ્પ થઈ ગઈ છે. હડતાળના પરિણામે દેશભરના 13 મુખ્ય એરપોર્ટ પર 3,400 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ફ્રેન્કફર્ટ અને મ્યુનિક જેવા મુખ્ય એરપોર્ટનો સમાવેશ થાય છે. આના કારણે 5 લાખથી વધુ મુસાફરો પ્રભાવિત થયા છે. દેશમાં 25 લાખ સરકારી કર્મચારીઓ ધરાવતા વર્ડી યુનિયને પગાર વધારાની માંગણી સાથે આ હડતાળનું એલાન આપ્યું હતું. જર્મન સમય મુજબ, આ હડતાલ સોમવારથી શરૂ થવાની હતી, પરંતુ તે રવિવારે, નિર્ધારિત સમયના એક દિવસ પહેલા શરૂ કરવામાં આવી હતી.જર્મનીના હેમ્બર્ગ એરપોર્ટ પર ટિકિટ કાઉન્ટર સામે ઉભેલા લોકો. અહીં 40 હજાર મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.રવિવારે જર્મનીના હેમ્બર્ગ એરપોર્ટ પર 280 ફ્લાઈટ્સમાંથી માત્ર 10 ફ્લાઈટ્સ સમયસર રવાના થઈ. ઘણા સર્વિસ ડેસ્ક ખાલી હતા.યુરોપના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક, ફ્રેન્કફર્ટ, લગભગ સંપૂર્ણ લોકડાઉનમાં ગયું, જેમાં 1,116 શેડ્યૂલ ફ્લાઈટ્સમાંથી 1,054 રદ કરવામાં આવી.યુરોપના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક, ફ્રેન્કફર્ટ, લગભગ સંપૂર્ણ લોકડાઉનમાં ગયું, જેમાં 1,116 શેડ્યૂલ ફ્લાઈટ્સમાંથી 1,054 રદ કરવામાં આવી.

# દુનિયાના ટોપ-20 પ્રદૂષિત શહેરોમાં 13 ભારતના

## ભારત 2024માં વિશ્વનો પાંચમો સૌથી પ્રદૂષિત દેશ રહ્યો છે. વર્ષ 2023માં ભારત આ યાદીમાં ત્રીજા નંબરે

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દુનિયાના સૌથી વધુ પ્રદુષિત શહેરો ભારતમાં આવેલા છે. વિશ્વના 20 સૌથી પ્રદૂષિત શહેરોમાંથી 13 ભારતમાં છે. મેઘાલયનું બર્નિહાટ આ યાદીમાં ટોચ પર છે. તેમજ દિલ્હી આજે પણ વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાનીનું શરમજનક બિરુદ ધરાવે છે. મેઘાલયનું બર્નિહાટ સૌથી પ્રદુષિત શહેર સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપનીએ મંગળવારે IQAirના 'વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ 2024' રજૂ કર્યો હતો. આ રિપોર્ટ અનુસાર, વિશ્વના ટોપ 20 પ્રદૂષિત શહેરોમાંથી 13 ભારતમાં છે, પરંતુ દેશના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં દિલ્હી કે નોઈડા નહીં પરંતુ મેઘાલયનું બર્નિહાટ છે. જ્યારે દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાનીમાં સામેલ છે.

જેમાં દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની છે. તેમજ ભારત 2024માં વિશ્વનો પાંચમો સૌથી પ્રદૂષિત દેશ રહ્યો છે. વર્ષ 2023માં ભારત આ યાદીમાં ત્રીજા નંબરે હતું. આ રિપોર્ટ અનુસાર, ભારતમાં વર્ષ 2024માં PM (Particulate matter) 2.5 સાંદ્રતામાં 7%નો ઘટાડો જોવા મળ્યો હતો, જે 2023માં સરેરાશ 50.6 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતો. તેમ છતાં, વિશ્વના 20 સૌથી પ્રદૂષિત શહેરોમાંથી 13 ભારતમાં છે.

### વાયુ પ્રદૂષણ સ્વાસ્થ્ય માટે ગંભીર સમસ્યા

રિપોર્ટ અનુસાર, ભારતના 35% શહેરોમાં વાર્ષિક PM 2.5 સ્તર WHOની 5 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની મર્યાદા કરતાં 10 ગણું વધારે છે. દિલ્હી આખા વર્ષ દરમિયાન ગંભીર વાયુ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરે છે અને શિયાળામાં તે વધુ ખરાબ બને છે, જ્યારે પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, વાહનોનો ધુમાડો, પરાલી સળગાવવા, ફટાકડા ફોડવા અને અન્ય સ્થાનિક પ્રદૂષણ હવાની ગુણવત્તાને જોખમી બનાવે છે.



**PM 2.5 શું છે? |** 2.5 માઈક્રોનથી નાના હવાના પ્રદૂષણના કણો ફેફસાં અને લોહીમાં પ્રવેશી શકે છે, જેનાથી શ્વાસ લેવામાં તકલીફ, હૃદય રોગ અને કેન્સર પણ થાય છે. આ વાહનોના ધુમાડા, ઔદ્યોગિક ઉત્સર્જન અને લાકડા અથવા પાકના કચરાને બાળવાથી પણ થઈ શકે છે.

**વિશ્વના ટોચના 20 પ્રદૂષિત શહેરોમાંથી 13 ભારતમાં છે**

બર્નિહાટ (મેઘાલય), દિલ્હી, મુલ્લાનપુર (પંજાબ), ફરીદાબાદ (હરિયાણા), લોની (ગાઝિયાબાદ), નવી દિલ્હી (દિલ્હી), ગુરુગ્રામ (હરિયાણા), ગંગાનગર (રાજસ્થાન), ગ્રેટર નોઈડા (ઉત્તર પ્રદેશ), ભીવાડી (રાજસ્થાન), મુઝફ્ફરનગર (ઉત્તર પ્રદેશ), હનુમાનગઢ (રાજસ્થાન), નોઈડા (ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે.

## એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડે કેર ટુડે ફંડના સહયોગથી અમદાવાદમાં મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન



### લાઈફ ઇસ ગુડ વેન લાઈફ ઇસ શેડ પહેલ હજારો લોકોને પ્રેરણા આપે છે

(એજન્સી) અમદાવાદ । તા. 11

એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ 'લાઈફ ઈસ ગુડ વેન લાઈફ ઈસ શેડ' થીમ હેઠળ સમગ્ર દેશમાં મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરીને ગ્રાઉન્ડબ્રેકિંગ સામુદાયિક પહેલનું નેતૃત્વ કરી રહી છે. આ ઝુંબેશ માત્ર સ્વૈચ્છિક રક્તદાન માટેનું આહ્વાન નથી, પરંતુ એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડની જીવન બચાવવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક પણ છે. દેશભરમાં 80 થી વધુ રક્તદાન શિબિરોનું આયોજન કરીને આ પહેલ પહેલેથી જ એક અસાધારણ સીમાચિહ્નરૂપ હાંસલ કરી ચૂકી છે. 5 માર્ચ, 2025 સુધીમાં, 8,500 નોંધણીઓ નોંધવામાં આવી છે, જેના પરિણામે 6,000 યુનિટ રક્ત એકત્ર થયું છે. આ અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે, ખાસ કરીને યુવાનો તરફથી, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને NSS સભ્યોએ આ ઉમદા હેતુમાં મોટી સંખ્યામાં યોગદાન આપ્યું છે. આગામી મેગા કેમ્પનું આયોજન સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, સુરત ખાતે કરવામાં આવશે, તેની સાથે ISMT (Old JNU કેમ્પસ), MVM ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, પ્રેસિડેન્સી કોલેજ, બેંગ્લોર, Fr. મુલર મેડિકલ કોલેજ, મેંગલોર, લિટલ ફ્લાવર પોલિટેકનિક, ગોરખપુર, બીબીકે ડીએવી કોલેજ ફોર વુમન, અમૃતસર, રાજધાની કોલેજ, દિલ્હી, એડમાસ યુનિવર્સિટી, કોલકાતા, એનઆઈટી દિલ્હી, આઈઆઈટી દિલ્હી, અને દુર્ગામહાવિદ્યાલય, રાયપુર. શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત, LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડે સ્વૈચ્છિક રક્તદાનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા, ITO ઑફિસ અને દિલ્હી પોલીસ હેડક્વાર્ટર જેવી સરકારી ઑફિસો સુધી આ પહેલનો વિસ્તાર કર્યો છે.

## ગૌર પૂર્ણિમા મહોત્સવ, કે જેને ભગવાન શ્રીકૃષ્ણના ગુહ્યઅવતારના દિવ્ય અવતરણનરૂપ માનવામાં આવે છે, તેની હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે થનાર ભવ્ય ઉજવણી

(એજન્સી) અમદાવાદ । તા. 11

હરેકૃષ્ણ મંદિર- ભાડજ તા. 14 માર્ચ, 2025 શુક્રવારના રોજ ગૌર પૂર્ણિમાની ઉજવણી કરી રહ્યું છે. આ દિન ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ કે જેમને ભગવાન શ્રીકૃષ્ણના છુપા અવતાર તરીકે વિશેષ માનવામાં આવે છે તેમના અવતરણનો શુભદિન છે. પૌરાણિક ગ્રંથો અનુસાર સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ ભક્ત તરીકે શ્રી ચૈતન્ય મહાપ્રભુના સ્વરૂપમાં શ્રીધામ માયાપુરમાં (કલકત્તાથી ઉત્તર દિશામાં 150 કિલોમીટર દૂર આવેલ ગામમાં) આશરે 500 વર્ષ પહેલા અવતર્યા હતા. તેમણે કલિયુગમાં હરિનામ સંકિર્તનનો પ્રચાર કર્યો તેમજ લોકસમુદાયને ભગવાનના નામનું રટણ કરવાના



કાર્યમાં મહત્વનું યોગદાન આપ્યું જે કલિયુગનો યુગધર્મ મનાય છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સુવર્ણરૂપી કાયાને કારણે ગૌરાંગા તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુની 536મી જન્મજયંતિ આવી રહી છે તેમજ આ ઉત્સવ ગૌડીય વૈષ્ણવો માટે નવવર્ષના શરૂઆતનો નિર્દેશ કરે છે. આ દિવસે ભક્તો ચંદ્ર રાત્રે પૂર્ણપણે ખીલે ત્યાં સુધી ઉપવાસ રાખે છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ કોણ છે ? સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણએ જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રસાર કરવા- જે કલિયુગનો યુગધર્મ મનાય છે - શ્રી ચૈતન્ય મહાપ્રભુ સ્વરૂપે પ્રગટયા. તેઓ ફાગણ સુદ પૂનમના શુભદિવસે વર્ષ 1486માં કલકત્તાથી ઉત્તર દિશામાં 150 કિલોમીટર દૂર આવેલ શ્રીધામ માયાપુરમાં શ્રી જગન્નાથ મિશ્રા અને શ્રીમતી સચીદેવીના પૂત્રસ્વરૂપે અવતર્યા હતા. તેમનો જન્મ તેમના ઘરઆગંણાની બહાર આવેલ લીમડાના ઝાડ નીચે થયો હતો આથી તેમના માતાપિતાએ તેમનું નામ "નીમાઈ" રાખ્યું હતું. જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા.

## બાયોફેક્ટર અને હૈદરાબાદ યુનિવર્સિટી વચ્ચે નાનો-આધારિત કૃષિ વિકાસ માટે સમજૂતી કરાર



(એજન્સી) હૈદરાબાદ। તા. 11

આધુનિક અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા માટે, બાયોફેક્ટર અને હૈદરાબાદ યુનિવર્સિટી (UoH) ના ઈજનેરિંગ સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. આ કરાર પર ડૉ. દેવેશ નિગમ, રજિસ્ટ્રાર, હૈદરાબાદ યુનિવર્સિટી, અને ડૉ. લક્ષ્મી નારાયણ રેડ્ડી, CEO, બાયોફેક્ટર એ હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે પ્રોફેસર બી.જે. રાવ, વાઈસ ચાન્સેલર, UoH; પ્રોફેસર સમ્રાટ સાબત, સંશોધન વિભાગ ડિરેક્ટર, અને અન્ય પ્રોફેસરો તથા સંશોધકો હાજર રહ્યા.

સમજૂતી કરારના મુખ્ય મુદ્દાઓ: નવી નાનો-કણોના સંશોધન અને વિકાસ - કૃષિ, પૌલ્ટ્રી અને માછીમારી માટે નવીન નાનો-ટેક્નોલોજી આધારિત ઉકેલો વિકસાવવા. નાનો-કણોની સલામતી અને પર્યાવરણ પ્રત્યેની અનુકૂલતા - નાનો-કણોની ઝેરિલતા (toxicity) ચકાસવા અને તેની પર્યાવરણ સાથે સુસંગતતા નિશ્ચિત કરવા. વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો - વૈજ્ઞાનિકો અને ટેક્નિકલ નિષ્ણાતોને કૃષિ ક્ષેત્રે નાનો-ટેક્નોલોજીનાં ઉપયોગ માટે સજ્જ બનાવવું. શૈક્ષણિક અને ઔદ્યોગિક સહયોગ - નવો સંશોધન અને શોધકાર્યક્રમો ઉદ્યોગગત સ્તરે લાવવાનો પ્રયાસ.

અન્ય સહયોગી પ્રવૃત્તિઓ: ઈન્ટર્નશીપ અવસરો - બાયોફેક્ટર માં કૃષિ, પૌલ્ટ્રી, માછીમારી અને નાનો-ટેક્નોલોજી વિષયક સંશોધન માટે વિદ્યાર્થીઓને તાલીમ. પ્રશિક્ષણ અને પ્રયોગશાળા પરીક્ષણો - બાયોફેક્ટર અને UoH ના સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે આધુનિક પ્રયોગશાળાઓમાં વિશેષ તાલીમ. નવી જરૂરિયાત અનુસાર પ્રોજેક્ટ વિકાસ - કૃષિ અને બાયો-ટેક્નોલોજી ક્ષેત્રની જરૂરિયાતો અનુસાર સંશોધન અને નવી ટેક્નોલોજી વિકસાવવી.

## એચસીજી આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદ દ્વારા પેરાથાઈરોઈડ એડેનોમા શોધ માટે ગુજરાતનું પ્રથમ સફળ ગેલિયમ 68 ટ્રાઈવેહેક્સિન પેટ-સીટી ઈમેજિંગનું આયોજન કરાયું

(એજન્સી) અમદાવાદ । તા. 11

સટિક નિદાન માટે એક મહત્વપૂર્ણ સફળતામાં HCG આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદ દ્વારા પેરાથાઈરોઈડ એડેનોમા (પેરાથાઈરોઈડ ગ્રંથિમાં કેન્સર વિનાની ગાંઠ) શોધવા માટે ગુજરાતનું પ્રથમ ગેલિયમ ૬૮ ટ્રાઈવેહેક્સિન PET-CT સ્કેન સફળતાપૂર્વક હાથ ધર્યું છે. ડૉ. કૌસ્તુભ પટેલ, ડિરેક્ટર અને હેડ એન્ડ નેક સર્જિકલ ઓન્કોલોજિસ્ટ, થાઈરોઈડ એન્ડ પેરાથાઈરોઈડ સર્જન અને ડૉ. યશ જૈન કન્સલ્ટન્ટ, ન્યુક્લિયર મેડિસિનના નેતૃત્વમાં આ અગ્રણી સિદ્ધિ એડવાન્સ્ડ ન્યુક્લિયર ઈમેજિંગમાં એક ઉપલબ્ધિ છે, જે શ્રેષ્ઠ ગાંઠ સ્થાનિકીકરણ અને લક્ષિત સારવારને સક્ષમ બનાવે છે.દર્દી એક મધ્યમ આયુવર્ગના વ્યક્તિ હતા જે પ્રાથમિક હાયપરપેરાથાઈરોઈડિઝમ (પેરાથાઈરોઈડ હોર્મોનના વધુ પડતા સ્ત્રાવ) ને કારણે સતત ઉચ્ચ કેલ્શિયમ સ્તરનો અનુભવ કરી રહ્યા હતા. તેમને નિદાન પડકારોનો સામનો કરવો પડ્યો કારણ કે ટેકનેટિયમ 99m સેસ્ટામિબી (હૃદય અને પેશીઓની ઈમેજિંગ માટે રેડિયોટ્રેસર-આધારિત સ્કેન) અને અલ્ટ્રાસાઉન્ડ સહિતની પરંપરાગત ઈમેજિંગ તકનીક ટ્યુમરને સટીક રીતે શોધવામાં સફળ રહ્યું. વધુ ચોકસાઈની જરૂરિયાતને ઓળખીને, HCG આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદની ટીમે ગેલિયમ-68 ટ્રાઈવેહેક્સિન PET-CT નો ઉપયોગ કર્યો, જે નાના છુપાયેલા અથવા એક્ટોપિકલી સ્થિત એડેનોમાને શોધવામાં તેની શ્રેષ્ઠ સંવેદનશીલતા માટે પ્રખ્યાત છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યાં પ્રમાણભૂત સ્કેન અનિર્ણાયક પરિણામો આપે છે. જેનાથી સર્જિકલ ટીમ આત્મવિશ્વાસ સાથે ચોક્કસ ન્યૂનતમ આક્રમક પ્રક્રિયાનું આયોજન અને પ્રદર્શન કરી શકી. એચસીજી આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદના ડિરેક્ટર અને હેડ એન્ડ નેક સર્જિકલ ઓન્કોલોજિસ્ટ થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ સર્જન ડૉ. કૌસ્તુભ પટેલે આ સફળતાના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને ઉમેર્યું કે, 'આ ટેકનોલોજી પેરાથાઈરોઈડ ઈમેજિંગ માટે ગેમ ચેન્જર છે. પરંપરાગત સ્કેનની અનિશ્ચિતતાઓને દૂર કરીને એચસીજી આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદ હવે નોંધપાત્ર ચોકસાઇ સાથે ગાંઠો શોધવા, લક્ષિત સર્જિકલ હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવા, ગૂંચવણો ઘટાડવા અને દર્દીની પુનઃપ્રાપ્તિમાં વધારો કરવા માટે સક્ષમ છે.

## થોમસ કૂક અને એસઓટીસી ટ્રાવેલે બિઝનેસ ટ્રાવેલ ગ્રાહકો માટે સેવાની ગુણવત્તા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું

(એજન્સી) અમદાવાદ । તા. 11

જેમ જેમ ટેકનોલોજી ઉદ્યોગોને પુન: આકાર આપી રહી છે, તેમ તેમ સ્માર્ટ અને વધુ સાહજિક ઉકેલોની માંગ પણ વધી રહી છે. ભારતની અગ્રણી ઓમ્નીચેનલ ટ્રાવેલ સર્વિસીસ કંપની, થોમસ કૂક (ઈન્ડિયા) લિમિટેડ અને તેની ગ્રૂપ કંપની એસઓટીસી ટ્રાવેલ, જે કુત્રિમ બુધ્ધિમતા (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈ) ને અપનાવવામાં અગ્રણી છે, જે તેનું એક એજન્ટિક એઆઈ પ્લેટફોર્મ ધ્રુવ લોન્ચ કરવા માટે તૈયાર છે. જેને કંપનીએ બિઝનેસ ટ્રાવેલ એક્સપિરિયન્સ બદલવા માટે ડિઝાઈન કરી છે. "ધ્રુવ"ને પ્રવાસ ઉદ્યોગમાં થોમસ કૂક અને એસઓટીસી ની ડોમેન કુશળતા, એલટીઆઈમાઈંડટ્રી ની ટેકનિકલ ક્ષમતા, વોઈસિંગ એઆઈ દ્વારા સંચાલિત અને ફેરફેક્સ ડિજિટલ સર્વિસિસ (એક ફેરફેક્સ કંપની)ની વૈશ્વિક નવીનતા ક્ષમતાઓ દ્વારા એકસાથે લાવવામાં આવ્યું છે. "ધ્રુવ" ભારતના બિઝનેસ ટ્રાવેલ સેક્ટરની ઝડપથી વધી રહેલી જરૂરિયાતોને પહોંચી વળવા નવીનતમ એઆઈ ટેક્નોલોજી અને મોટા ભાષાના મોડલનો ઉપયોગ કરે છે. ઈન્ડસ્ટ્રી ડેટા દર્શાવે છે કે ભારતમાં બિઝનેસ ટ્રાવેલ સેક્ટર ઝડપથી વધી રહ્યું છે અને 2030 સુધીમાં 20 અરબ ડોલર સુધી પહોંચી જશે. આ વધતી માંગને પહોંચી વળવા માટે, થોમસ કૂક અને એસઓટીસી નું "ધ્રુવ" એ એક એવું પ્લેટફોર્મ છે જે ભારતમાં બિઝનેસ ટ્રાવેલ સેક્ટરમાં ગ્રાહકોને સુવ્યવસ્થિત અને બુદ્ધિશાળી અનુભવ પ્રદાન કરે છે. આ જનરેટિવ એઆઈ ટેક્નોલોજી દ્વારા ઝડપી, વધુ સચોટ અને વ્યક્તિગત સંપર્ક ને સક્ષમ કરશે."ધ્રુવ" એઆઈની મદદથી ગ્રાહકના ડેટા, બુકિંગ સિસ્ટમ અને અન્ય માહિતીને સરળતાથી કનેક્ટ કરે છે. તે એઆઈ નિષ્ણાતો દ્વારા ખાસ કરીને ટ્રાવેલ ઉદ્યોગ માટે બનાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ ગ્રાહકોને સરળ અને ઝડપી ઈન્ટરફેસ દ્વારા બુકિંગ, કેન્સલેશન, પ્રવાસના ફેરફારો જેવા જટિલ મુસાફરી કાર્યોને સરળ બનાવવામાં મદદ કરે છે. માધવન મેનન, એક્ઝિક્યુટિવ ચેરમેન, થોમસ કૂક (ઈન્ડિયા) લિમિટેડએ જણાવ્યું હતું કે, "અમે જે કંઈ કરીએ છીએ તે નવીનતા અને ગ્રાહક ધ્યાન દ્વારા પ્રેરિત છે અને અમે LTIMindTree અને Voiceing AI સાથે ભાગીદારી કરવા માટે ગર્વ અનુભવીએ છીએ. 'તે વધુ સારા ઉકેલો બનાવવા માટે પેઈન પોઈન્ટ્સમાં રોકાણ કરવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે જે અમારા કાર્યને વધુ સારું બનાવશે અને અમારા ગ્રાહકોને વધુ સારા અનુભવો પ્રદાન કરશે.' આ પ્રસંગે બોલતા, ફેરફેક્સ ડિજિટલ સર્વિસિસના પ્રેસિડેન્ટ અને સીઈઓ સંજય તુગનાઈટે જણાવ્યું હતું કે, "ઈનોવેશન એ છે જે અનુયાયીથી ગુરુને અલગ પાડે છે." "ધ્રુવ" ડિજિટલ ગ્રાહક અનુભવોમાં નવીનતાનું ઉદાહરણ છે. તે કાર્યક્ષમતા અને વધતી જતી જરૂરિયાત માટે રચાયેલ છે જે વ્યવસાયોને અત્યંત વ્યક્તિગત, ભાવનાત્મક અને ડેટા આધારિત અનુભવો પહોંચાડવા સક્ષમ બનાવશે. કોર્પોરેટ ટ્રાવેલ અને ગ્રાહકની ક્રિયાપ્રતિક્રિયાઓને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે ધ્રુવ અદ્યતન લાર્જ લેંગ્વેજ મોડલ્સ, એજન્ટિક એઆઈ અને જનરેટિવ એઆઈનો ઉપયોગ રીઅલ-ટાઈમ સેન્ટિમેન્ટ એનાલિસિસ સાથે બહુવિધ ભાષાઓ અને મોડ્સને જોડવા માટે કરશે. "ફેરફેક્સ ડિજિટલ સર્વિસિસમાં, AI-આધારિત ડિજિટલ સોલ્યુશન્સનું નવું વૈશ્વિક ધોરણ બનાવવા માટે થોમસ કૂક ઈન્ડિયા, SOTC ટ્રાવેલ, LTIMindTree અને Voiceing AI સાથે દળોમાં જોડાતાં અમને ગર્વ છે જે વ્યવસાયો અને તેમના ગ્રાહકો માટે અર્થપૂર્ણ મૂલ્ય લાવશે." LTIMindTree, CEO, વેણુ લામ્બુએ જણાવ્યું હતું કે, 'Dhoove એ AI સિસ્ટમ હશે જે માણસોની જેમ કામ કરશે અને ગ્રાહકો અને બુકિંગ સિસ્ટમ્સ સાથે સરળતાથી પ્લાનિંગ, નિર્ણયો લેવા અને વપરાશકર્તાના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવી શકશે.

### રાયપુરથી રાંચી લાવતા પલામુમાં ઠાર

## ઝારખંડના ગેંગસ્ટર અમન સાહુ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ગેંગસ્ટર અમન સાહુનું ઝારખંડના પલામુમાં એન્કાઉન્ટર થયું છે. રાંચી લાવતી વખતે પોલીસ સાથેની અથડામણમાં તેનું મૃત્યુ થયું હતું. એનટીપીસી ડીજીએમની હત્યાના કેસમાં પૂછપરછ માટે તેને રાંચી લાવવામાં આવી રહ્યો હતો ત્યારે તેના સાથીદારો તેને છોડાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

હત્યા કેસમાં પૂછપરછ માટે NTPC DGMને રાંચી લાવવાની તૈયારીઓ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ઝારખંડના સૌથી મોટા ગેંગસ્ટર અમન સાહુને પલામુ જિલ્લાના ચેનપુરના અંધારી ધોડા પાસે ગોળી મારી દેવામાં આવી છે. અમન સાહુ છેલ્લા ત્રણ મહિનાથી રાયપુર જેલમાં બંધ હતો. અમન સાહુને રાંચીના બરિયાતુમાં કોલસાના વેપારી પર હુમલો અને હજારીબાગમાં એનટીપીસીના ડીજીએમની હત્યાના કેસમાં પૂછપરછ માટે રાંચી લાવવામાં આવી રહ્યો હતો.અમન સાહુએ પોલીસનું હથિયાર છીનવીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાયપુરથી રાંચી જતી વખતે પલામુના ચેનપુર વિસ્તારમાં પોલીસ વાહનનો અકસ્માત થયો હતો. અકસ્માત બાદ અમન સાહુ પોલીસનું હથિયાર છીનવીને ભાગવા લાગ્યો હતો. જ્યારે પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો તો તેણે પોલીસ પર ફાયરિંગ શરૂ કરી દીધું. પોલીસ ટીમે પણ જવાબી કાર્યવાહી કરી હતી, જેમાં અમન સાહુને ઘણી ગોળીઓ વાગી હતી. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જો કે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સામગ્રી સાથે CSM મશીનનો પહેલો POH પૂર્ણ કરો**

**CWM (CPOH) ADI ની ઑફિસ, ઈ-ટેન્ડર-નોટિસ નં. 11 2024-25 તા. 10.03.2025.** **કામનું નામ:** CPOH વટવા ખાતે સામગ્રી (T. D. માં જોડાયેલ અનેક્ષર-A અને અનેક્ષર-B) સાથે CSM મશીનનું સંપૂર્ણ પ્રથમ POH. **ટેન્ડર નં: CWMCPOHADI-2024-25-11. અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹19190863.52/- **ઈએમડીની કિંમત રૂ.માં:** ₹ 246000.00/- **ટેન્ડર બંધ થવાની તારીખ:** 08/04/2025 @ 11:00 કલાક. **ટેન્ડર ખોલવાની તારીખ:** 08/04/2025 @ 11:15 કલાક. **IREPS પર ટેન્ડર અપલોડિંગની તારીખ:** 10.03.2025. 344

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## ગુલમર્ગમાં અર્ધ-નગ્ન ફેશન શો પર જમ્મુ કાશ્મીર વિધાનસભામાં તડાફડી

(એજન્સી) જમ્મુ । તા. 11

જમ્મુ કાશ્મીરમાં રમઝાનના પવિત્ર મહિના દરમિયાન આયોજિત ફેશન શો પર અશ્લીલતાના આરોપ લગાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, તેઓ લોકોના ગુસ્સાને સંપૂર્ણપણે સમજે છે. પ્રાઈવેટ હોટલમાં આયોજિત કાર્યક્રમમાં સરકારની કોઈ ભૂમિકા નથી અને રમઝાન ન હોત તો પણ તેને મંજૂરી આપત નહીં. આ વિવાદાસ્પદ કાર્યક્રમ સ્કી રિસોર્ટ ગુલમર્ગ ખાતે યોજાયો હતો. તેની રાજકીય અને ધાર્મિક એમ બંને વર્ગોએ ટીકા કરી હતી. ઓનલાઈન શેર કરવામાં આવેલી તસવીરોમાં અર્ધ-નગ્ન પુરુષો અને સ્ત્રીઓ રેમ્પ વોક કરતા જોવા મળ્યા હતા. ટીકાકારોએ દલીલ કરી હતી કે, તે રાજ્યના સાંસ્કૃતિક મૂલ્યોનું ઉલ્લંઘન છે. અબ્દુલ્લાએ આ સંદર્ભમાં ૨૪ કલાકની અંદર રિપોર્ટ માંગ્યો હતો અને કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું. મૌલવી મીરવાઈઝ ઉમર ફારૂકે આ ઘટનાને શરમજનક ગણાવી હતી. આ વિવાદના કેન્દ્રમાં દિલ્હી સ્થિત ડિઝાઈનર્સ શિવન ભાટિયા અને નરેશ કુકરેજા હતા. તેમણે પોતાના લેબલની ૧૫મી વર્ષગાંઠ નિમિત્તે તેમના સ્કીવેર ક્લેક્શનનું પ્રદર્શન કર્યું હતું.

## કાશ્મીરથી પંજાબ સુધી વાદળો વરસશે, ઘણા રાજ્યોમાં હીટ વેવનું એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પશ્ચિમ હિમાલયની નજીક પહોંચી ગયું છે. આ સાથે મધ્ય પાકિસ્તાન અને ઉત્તર-પશ્ચિમ રાજસ્થાન પર પ્રેરિત ચક્રવાતી પરિભ્રમણ રચાઈ રહ્યું છે. આ હવામાન પ્રણાલીને કારણે, 10 થી 15 અથવા 16 માર્ચ સુધી પશ્ચિમ હિમાલય વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે, જેમાં વરસાદની તીવ્રતા સમય સાથે બદલાશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર માત્ર પહાડી વિસ્તારો સુધી જ સીમિત નહીં રહે પરંતુ ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં પણ જોવા મળશે.હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આજે 11 માર્ચે પશ્ચિમ હિમાલય વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

ઉત્તર પંજાબ, સિક્કિમ, આસામ અને અરુણાચલ પ્રદેશમાં પણ હળવા વરસાદની શક્યતા છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ અને તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. તમિલનાડુમાં 11 અને 12 માર્ચે વરસાદની તીવ્રતા વધી શકે છે.

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG No. |
|---|---|---|
| ASHOK LEYLAND 3718 | 2017 | GJ-27-TD-1197 |

IN "AS IS WHERE IS CONDITION"

**CONTACT: - SUNDARAM FINANCE LTD.**

NO.212 & 214 B WING,WEST BANK, AHMEDABAD-380009 GUJARAT

WITHIN 7 DAYS PH: 79-49168069/49168066

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **જીજ્ઞેશભાઈ નિલેશભાઈ પટેલ** હતું જે બદલીને
નવું નામ:- **જીજ્ઞેશકુમાર નિલેશભાઈ પટેલ** રાખેલ છે.જેની નોંધ લેવી.
**લી. જીજ્ઞેશકુમાર નિલેશભાઈ પટેલ**

**સરનામું :-** 6/447, વેલવાગડ ભુમિહીન ફળિયું, પરીયા, તા :પારડી, ડી: વલસાડ -૩૯૬૧૪ ૫, ગુજરાત.

**PUBLIC NOTICE**

**BEFORE THE COURT OF MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, THANE AT. THANE**

M.A.C.P. No. 447/2024. Exh No.19,
Next Date: 08/05/2025

**Mr.Tukaram Rama Karpe - Applicant**
**V/s**
**Gujarat Crane Logistics and Others - Opponents**

**To,**
**Gujarat Crane and Logistics,**
**At, 2nd Floor, Office No.204,**
**Kutch Arcade, Platinum Mithi Rohar,**
**Gandhidham, Gujarat 370201**

Whereas the above named applicant has filed accident Claims application for the compensation of Rs.1,00,000 and just compensation in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleaser duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte.

Give under my hand and seal on this day of **7th March 2025**

Seal

**By Order**
**Supprintendent**
**Motor Accident Claims Tribunal Thane.**

**PUBLIC NOTICE**

**BEFORE THE COURT OF MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, THANE AT. THANE**

M.A.C.P. No. 424/2024. Exh No.17,
Next Date: 08/05/2025

**Mrs.Suman Bhagwan More - Applicant**
**V/s**
**Gujarat Crane Logistics and Others - Opponents**

**To,**
**Gujarat Crane and Logistics,**
**At, 2nd Floor, Office No.204,**
**Kutch Arcade, Platinum Mithi Rohar,**
**Gandhidham, Gujarat 370201**

Whereas the above named applicant has filed accident Claims application for the compensation of Rs.1,00,000 and just compensation in the Tribunal against you and others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleaser duly instructed and to file your say within 30 days from the publication of this notice. Failing which the said application will be heard in your absence and determined ex-parte.

Give under my hand and seal on this day of **7th March 2025**

Seal

**By Order**
**Supprintendent**
**Motor Accident Claims Tribunal Thane.**

## ચિલોડામાં ઘરે બેઠેલા આધેડને ભૂંડે બચકાં ભર્યાં

ગાંધીનગર | ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોના ખેતરમાં ભૂંડ નુકશાન કરતા હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં ભૂંડની સંખ્યા પણ વધારે જોવા મળતી હોય છે. ત્યારે ચિલોડા મોટા ગામમાં ઘરે બેઠેલા ભૂંડે પગ ઉપર બચકા ભર્યા હતા. ઘરમાં ખાટલામાં બેઠેલા આધેડ કાઇ સમજે તે પહેલા ભૂંડે બચકા ભરવાના ચાલુ કર્યા હતા. જેથી ભૂંડ ઉપર લાકડીથી હુમલો કરી આધેડને બચાવવામાં આવ્યા હતા. ગાંધીનગર પાસેના ચિલોડા મોટા ગામમાં રહેતા આશરે 55 વર્ષિય મોતીજી ચંદુજી ઠાકોર આજે સોમવારે સવારના સમયે તેમના ઘરે ખાટલા બેઠા હતા.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 12 MARCH-2025

AHMEDABAD


## પિંડારડા ગામમાં ઘર આગળથી કારની ચોરી

ગાંધીનગર | ગાંધીનગરના પિંડારડા ગામમાં ઘર આગળ પાર્ક કરવામાં આવેલી 29 લાખ રૂપિયાની કિંમતની સ્કોર્પિયો કારની ચોરી થઇ છે. રાતના સમયે ઘર આગળ કાર પાર્ક કરીને પરિવાર આરામ કરતો હતો. જ્યારે નાની દીકરી જાગી જતા તેને લઇને બહાર નિકળતા કાર આગણાંમાં જોવા મળી ન હતી. જેથી પેથાપુર પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પિંડારડા ગામમાં રહેતા યશપાલસિંહ શૈલેન્દ્રસિંહ વાઘેલા ખેતી કરે છે અને પરિવારના ઉપયોગ માટે એક સ્કોર્પિયો કાર વસાવી હતી. કારના ઉપયોગ બાદ ઘર આગળ મુકવામાં આવી હતી. જ્યારે ગત રાતે પણ કાર ઘર આગળ જોવા મળી હતી.



# અમદાવાદમાં એક સાથે 1543 પોલીસકર્મીની બદલી: ટ્રાફિકમાંથી 400ને પોલીસ સ્ટેશનોમાં મૂક્યા



**3 વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ASI, હેડ કોન્સ્ટે.-કોન્સ્ટેબલની બદલી**

(એજન્સી) અમદાવાદ | તા.11

11 માર્ચ 2025ના મંગળવારના રોજ અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે એક સાથે 1543 પોલીસકર્મીઓની બદલી કરી દીધી છે. ત્રણ વર્ષથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ASI, હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલની બદલીનો ગંજીપો ચીપિયો છે. આ બદલીમાં ટ્રાફિક શાખામાંથી 400 કર્મચારીઓને પોલીસ મથકમાં બદલી આપવામાં આવી છે. આ અગાઉ પોલીસ કમિશનરે પાંચ વર્ષ કરતા વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓની બદલી કરી દીધી હતી.

### 7 દિવસમાં હાજર થવા સૂચના

પોલીસ કમિશનરે બદલીના ઓર્ડર કરી દીધા છે. જે પૈકીના મોટાભાગના કર્મચારીઓ બદલીના સ્થળે હાજર થઈ ગયા છે, પરંતુ કેટલાક વગદાર પોલીસકર્મીઓ કમિશનરના આદેશને પણ નહીં ગણતા હોય તેમ બદલીની જગ્યાએ હાજર થવાનું ટાળી રહ્યા છે. આ ઓર્ડર થયાના સાત દિવસમાં બદલીની જગ્યાએ હાજર થઈ જવાની સૂચના છે.

**પહેલાં ઓર્ડરમાં હજારો પોલીસકર્મીઓની બદલીઓ કરી દેવાઈ હતી...** અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ સંભાળતાની સાથે જ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિકે કોઇપણ ચોક્કસ પોલીસકર્મી વગર જેતે વિસ્તારમાં ચાલશે નહીં તે વાતને ખોટી સાબિતી કરી દીધી હતી. ચાર્જ લેતાની સાથે જ વર્ષોથી એક જ સ્થળે ફરજ બજાવતા કર્મચારીઓનું લિસ્ટ તૈયાર કરાવ્યું હતું. ઓર્ડર કરતા પહેલાં જેતે કર્મચારીઓ પાસેથી પોતાના ઘરની નજીક હોય તેવા બે પોલીસ મથકોના વિકલ્પ પૂછવામાં આવ્યા હતા. પહેલાં ઓર્ડરમાં હજારો પોલીસકર્મીઓની બદલીઓ કરી દેવામાં આવી હતી. આજે મંગળવારે ફરીથી 1543 કર્મચારીઓની બદલી કરી દેવામાં આવી છે.

# અમદાવાદ | ખારીકટ કેનાલ રીડેવલપમેન્ટ ફેઝ-2ની કામગીરી માટે 1003 કરોડ મંજૂર

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને ખારીકટ કેનાલ રીડેવલપમેન્ટ ફેઝ-2ની કામગીરી માટે અંદાજે 1003 કરોડ રૂપિયાના કામો મંજૂરી આપી છે. આ ફેઝ-2 અંતર્ગત સ્ટ્રેચ-1માં એસ.પી. રીંગ રોડથી નરોડા સ્મશાન ગૃહ, સ્ટ્રેચ-2માં વિંઝોલ વહેળાથી ઘોડાસર (આવકાર હોલ), સ્ટ્રેચ-3 અન્વયે ઘોડાસર (આવકાર હોલ)થી વટવા ગામ અને સ્ટ્રેચ-4 તથા 5માં વટવા ગામથી એસ.પી. રીંગ રોડ સુધીની હયાત કેનાલને રીડેવલપ કરવાની કામગીરી અમદાવાદ મહાનગરપાલિકા હાથ ધરશે.

### TP વિસ્તારોમાં કનેક્ટીવીટીની સમસ્યાનું નિવારણ થશે



અમદાવાદનો વ્યાપ વધતા કેનાલની બન્ને તરફ થયેલા વિકાસને કારણે કેનાલ બેડમાં ઘન કચરાનું મિશ્રણ થતાં કેનાલનું પાણી પ્રદૂષિત થવાને લીધે જાહેર આરોગ્યને પણ હાની પહોંચવાની સમસ્યા રહે છે. આ ઉપરાંત ખારીકટ કેનાલની બન્ને તરફના ટી.પી. વિસ્તારોને કનેક્ટિવિટીના પ્રશ્નો પણ ઊભા થતાં હોય છે. CM પટેલ દ્વારા આ સમસ્યાઓના ત્વરિત અને સુચારુ નિરાકરણ માટે ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટની કામગીરી અમદાવાદ મહાનગરપાલિકાને સોંપવામાં આવેલી છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ ખારીકટ કેનાલની કુલ લંબાઈ પૈકી પ્રથમ તબક્કા ફેઝ-1માં નરોડા સ્મશાનથી વિંઝોલ વહેળા સુધીની 12.75 કિલોમીટરની લંબાઈમાં કેનાલ ડેવલપમેન્ટની કામગીરી અન્વયે 80 ટકા કામ પૂર્ણ થયુ છે. મુખ્યમંત્રીએ હવે, આ ખારીકટ કેનાલની ફેઝ-1 સિવાયની બાકી રહેતી લંબાઈમાં ફેઝ-2 અંતર્ગત વિવિધ પાંચ સ્ટ્રેચમાં હયાત કેનાલને રીડેવલપ કરવાની કામગીરીને મંજૂરી આપી છે.

### અન્ય ઘણા કામ પણ પૂર્વ કરવામાં આવશે

આ સિવાય આર.સી.સી. સ્ટોર્મ વોટર બોક્સ સ્ટ્રક્ચર, રોડ, ફૂટપાથ ડેવલોપમેન્ટ, રિટેઈનિંગ વોલ, વોટર સપ્લાય પાઈપલાઈન, ઈરીગેશન સ્ટ્રક્ચર, સ્ટોર્મ વોટર એક્સટેન્શન, સિવર સિસ્ટમ વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાંથી પસાર થતી સિંચાઈ વિભાગ દ્વારા નિર્મિત ખારીકટ કેનાલની કુલ લંબાઈમાંથી ફેઝ-1માં સમાવિષ્ટ કામો બાદ બાકી રહેતી લંબાઈમાં એસ.પી. રીંગ રોડથી મુઠીયા ગામ થઈને નરોડા સ્મશાન ગૃહ સુધી તથા વિંઝોલ વહેળાથી ઘોડાસર આવકાર હોલ થઈ વટવા થઈને એસ.પી. રીંગ રોડ સુધીની હયાત ખારીકટ કેનાલ હાલ ખુલ્લામાં છે.

# સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત, કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરીત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત ગુજરાત રાજ્ય બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન, તા.10 માર્ચ, 2025 ના રોજ ટાઉનહોલ સેક્ટર 17 ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં 13 જેટલી જુદી જુદી સ્પર્ધાઓ લોકનૃત્ય, સમૂહ ગીત, લગ્ન ગીત, ભજન, લોકગીત, દુહા, છંદ, ચોપાઈ ,લોકવાર્તા ,વકૃત્વ સ્પર્ધા, એક પાત્રિય અભિનય, સર્જનાત્મક કારીગીરી, ચિત્રકલા, નિબંધ લેખન જેવી સ્પર્ધાઓમાં સમગ્ર ગુજરાત માંથી 730 જેટલા બાળકોએ ભાગ લીધો હતો.સ્પર્ધામાં બાળકોને પ્રોત્સાહિત કરવા માટે નિલેશ પંડ્યા રજીસ્ટ્રાર ચિલ્ડ્રન યુનિવર્સિટી, પિયુષ પટેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાંધીનગર, સાઈ જીગ્નેશ પટેલ યુથ બોર્ડ અધિકારી ઉપસ્થિત રહી બાળકોની કલાને બિરદાવી હતી.

# મહિલા ધારાસભ્યોને 2 કરોડની વધારાની ગ્રાન્ટ અપાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં રાજ્યનાં મહિલા ધારાસભ્યોને તેમના મત વિસ્તારના વિકાસ કામો માટે વિશેષ ભેટ આપી છે. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને લોકહિતનાં કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં ૨૦૨૫-૨૬ના વર્ષ માટે મહિલા ધારાસભ્યોને રૂ. ૨ કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. વિધાનસભામાં વિધાયક તરીકે જન પ્રતિનિધિત્વ કરતા ૧૪ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના મત વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ વિકાસ કામો માટે વધારાના રૂ.૨ કરોડની ગ્રાન્ટ CM ભૂપેન્દ્ર પટેલના આ મહિલા જનપ્રતિનિધિ હિતલક્ષી નિર્ણયની ફળશ્રુતિએ મળશે. રાજ્ય વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરતાં મહિલા ધારાસભ્યઓએ મુખ્યમંત્રીના આ વિકાસલક્ષી નિર્ણય અંગે વિધાનસભા કાર્યાલયમાં CMને રૂબરૂ મળીને આભાર વ્યક્ત કર્યો હતો.



**વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષમાં મહિલા ધારાસભ્યોને વધારાની ગ્રાન્ટ અપાશે :** ગુજરાત વિધાનસભામાં વિધાયક તરીકે જન પ્રતિનિધિત્વ કરતા 14 મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના મત વિસ્તારોમાં રોડ-રસ્તાના વિવિધ વિકાસ કામો માટે વધારાના રૂપિયા 2 કરોડની ગ્રાન્ટ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના આ મહિલા જનપ્રતિનિધિ હિતલક્ષી નિર્ણયની ફળશ્રુતિએ મળશે. રાજ્ય વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરતાં મહિલા ધારાસભ્યોએ મુખ્યપ્રધાનના આ વિકાસલક્ષી નિર્ણય અંગે વિધાનસભા કાર્યાલયમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ વધારાની રૂપિયા 2 કરોડની ગ્રાન્ટમાંથી પ્રત્યેક મહિલા ધારાસભ્યને 50 લાખ રૂપિયા “કેચ ધ રેઈન” અભિયાનના કામો માટે ઉપયોગમાં લઈને દેશવાસીઓને કરેલા આહવાનને સાકાર કરે તેવો અનુરોધ કર્યો હતો.

# અમદાવાદમાં 2.40 કરોડના સોનાના દાગીનાની લૂંટનો નિષ્ફળ પ્રયાસ, 7ની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.11

અમદાવાદના સીજી રોડ પર લાલ બંગલા પાસે આવેલા એક જ્વેલર્સના કર્મચારીઓની આંખમાં મરચાની ભૂકી નાખીને 2.40 કરોડની કિંમતના સોનાના દાગીના લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જ્વેલર્સના સ્ટાફની સતર્કતાને કારણે મોટી ઘટના બનતા અટકી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી, ત્યારે ઝોન 1 એલસીબી સ્કોડે બનાવના 24 કલાકમાં સાત આરોપીની ધરપકડ કરી છે.



**જ્વેલર્સ શોપના સ્ટાફ પર મરચાની ભૂકી નાખી:** આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે રોહિતભાઇ શાહ સીજી રોડ લાલ બંગલા પાસે સુપરમોલમાં પામ જ્વેલર્સ નામથી વ્યવસાય કરે છે. જે ગુજરાતના અન્ય જિલ્લાઓમાં જ્વેલર્સ પાસથી ઓર્ડર લઇને દાગીના બનાવવાનું કામ કરે છે. સોમવારે તેમના સ્ટાફમાં કામ કરતા અભિષેક રાણા, જયેશ રબારી અને ડ્રાઇવર નિતેષ રૂપિયા 2.40 કરોડની કિંમતની 200 જેટલી સોનાની ચેઇન અને 200 જેટલી સોનાની લકીઓને બે બેગમાં લઇને બેઝમેન્ટમાં રહેલી કારથી પાલનપુર જવાના હતા. ત્રણેય જણા બેઝમેન્ટમાં જતા હતા અને કારમાં બેગ મુકી ત્યારે લીફ્ટ પાસે બેઠેલા ત્રણ શંકાસ્પદ લોકો દોડી આવ્યા હતા.

તેમણે અભિષેક અને અન્ય કર્મચારીઓની આંખમાં મરચાની ભૂકી છાંટીને લૂંટનો પ્રયાસ કર્યો હતો. આ સમયે અભિષેકે મદદ માટે કારનું હોર્ન વગાડતા ત્રણેય જણા એક અન્ય કારમાં નાસી ગયા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ હતી.

### બાળકી સાથે અડપલા કરનાર સ્કૂલ રિક્ષાચાલકને 1 વર્ષની સજા

# 9 વર્ષીય પીડિતાએ કહ્યું-અંકલને માફ કરવા છે, મમ્મીને કોર્ટમાં આવું પડે તે ગમતું નથી

અમદાવાદ | અમદાવાદના મણીનગર પોલીસ મથકે 2023માં 52 વર્ષીય સ્કૂલ રિક્ષાચાલક સામે IPC અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. જેનો કેસ અમદાવાદ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમા ચાલી જતા જજ એ. બી. ભટ્ટે સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોર અને કે. જી. જૈનની દલીલો, 5 સાહેદ તેમજ 10 દસ્તાવેજી પુરાવા તપાસીને આરોપીને એક વર્ષ સખત કેદની સજા અને 3 હજાર રૂપિયા દંડ ફટકાર્યો હતો. કેસને વિગતે જોતા, આરોપી સ્કૂલ રિક્ષાચાલક આશરે 9 વર્ષની બાળકીને અન્ય બાળકો સાથે શાળાએથી ઘરે લેવા-મૂકવા જતો હતો. ત્યારે અન્ય એક વિદ્યાર્થિનીને ઘરે મુકવા જતા સીડીઓમાં તેની સાથે અડપલા કરીને અયોગ્ય માંગણી કરી હતી. બાળકી જ્યારે ઘરે પહોંચી ત્યારે તે ચિડાયેલી હતી અને ચૂપચાપ ઊંઘી ગઈ હતી. તેની માતાએ તેની સાથે વાત કરતા પોતાની સાથે બનેલી ઘટના બાળકીએ પોતાની માતાને જણાવી હતી.

### આવું કૃત્ય કર્યા બાદ માફી માંગીને બચી શકાય નહીં: કોર્ટ




કોર્ટે આરોપીને સજા કરતા નોંધ્યું હતું કે, આરોપી પીડિતાની દાદાની ઉંમરનો છે. આરોપી પોતાની શારીરિક સંતોષની ચેષ્ટા કરી હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. તેને બાળકીની એકલતાનો લાભ લેવા પ્રયત્ન કર્યો છે. આવું કૃત્ય કર્યા બાદ માફી માંગીને બચી શકાય નહીં. જો આરોપીને છોડી દેવામાં આવે તો બીજા લોકોને પણ આનાથી પ્રેરણા મળે તેમ છે. આ સાથે જ કોર્ટે આરોપીને એક વર્ષ સખત કેદની સજા અને 3 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. તેમજ દંડની રકમમાંથી 2 હજાર રૂપિયા બાળકીને હિંમત બતાવવા માટે પુરસ્કાર રસ્વરૂપે આપવામાં આવ્યા હતા.

### પૈસા રળવાનો પેંતરો ખુલ્લો પડી જતાં સોદો રદ કરાયો

# ભાજપ કાર્યકરે 1 હજારના ભાડે પ્લોટ લીધો, 50 ચોમીના ભાગ પાડીને 10 હજારમાં ભાડે આપવાનો કારસો ઘડ્યો

(એજન્સી) અમદાવાદ | તા.11

મ્યુનિ. પાસેથી ગૃહ ઉદ્યોગને નામે મહિને 1 હજારના ભાડે પ્લોટ મેળવી તેના નિયત 50 ચો.મી.ના પ્લોટિંગ કરી રૂ.10 હજારના પ્રતિ માસના ભાડે આપવાના કારસો ખુલ્લો પડ્યા બાદ આખરે ગેરકાયદે એંગલો મૂકી બાંધકામ કરનાર ભાજપના કાર્યકરને નોટિસ આપી પ્લોટ ખાલી કરાવ્યો છે. સ્ટેન્ડિંગે પણ આ પ્લોટ આપવાનો ઠરાવ રદ કરવો પડ્યો છે.



ગોતામાં આવેલા 24000 ચોરસ મીટર ક્ષેત્રફળના પ્લોટને અશોક મીઠાપરા અને કેયુર ચાવડાએ 6 માસ માટે ગૃહ ઉદ્યોગના પ્રમોશન માટે ભાડે મેળવવા માટે અરજી કરી હતી. જે અંગે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત આવતાં આ દરખાસ્તને મંજૂર કરાઈ હતી. કેયુર અને અશોક બંને ભાજપમાં કાર્યકર છે. તેમને આ પ્લોટ 6 માસ માટે ફાળવાયો હતો. બંનેને ગત 2જી અને 16મી જાન્યુઆરીના રોજ 6 મહિના માટે આપવાનો નિર્ણય કરાયો હતો. બંને દ્વારા આ પ્લોટ પર સિમેન્ટથી પાકાં થડા ઉભા કરી તેના પર લોખંડની એંગલો ઉભી કરવામાં આવી હતી. એસજી હાઈવે ગોતા જેવા મહત્વની જગ્યાએ જ આ પ્રકારની પ્રવૃત્તી ધ્યાને આવતાં તંત્રમાં દોડધામ મચી ગઇ હતી.

પ્લોટ રાખનારે બહાર બોર્ડ માર્યું હતું કે, આ જગ્યા પર પ્લોટ ભાડે આપવામાં આવશે. જેમાં બાળકોના કપડાં, ઘર વખરીનો સામાન, નાના બાળકોની વસ્તુઓ, મેકઅપ વેરાયટી, સીઝનેબલ વેરાયટી, લેડીઝ-જેન્ટસ વેર, સહિતની તમામ પ્રકારની વસ્તુઓ વેચી શકાશે. જે માટે પ્લોટનું ભાડું 10 હજાર રાખ્યું હતું. આ બાબતની જાણ થતાં જ મ્યુનિ. એસ્ટેટ વિભાગે પ્લોટ રાખનારને નોટિસ આપી હતી. તેમજ બાંધકામ અટકાવી જગ્યા ખાલી કરવા નિર્દેશ અપાયો હતો.

## 42.8 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર

# રાજ્યના 14 જિલ્લામાં તાપમાન 40 ડિગ્રી કરતા વધુ નોંધાયું, પાંચ જિલ્લામાં લોકો આજે રાત્રે શાંતિથી ઊંઘી નહીં શકે

(એજન્સી) અમદાવાદ | તા.11

રાજ્યમાં છેલ્લા બે દિવસથી ગરમી લોકોને અકળાવી રહી છે. આજે 42.8 ડિગ્રી સાથે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ છે. 14 જિલ્લાઓનું તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચ્યું હતું. દિવસ તો દિવસ પાંચ જિલ્લામાં તો આજે રાત્રે પણ વોર્મ નાઈટની આગાહી કરવામાં આવી છે. અમરેલી, ભાવનગર, કચ્છ, સુરત અને બનાસકાંઠામાં વોર્મ નાઈટ રહેશે, એટલે કે આખી રાત તપશે. જેને કારણે ભારે અકળામણ તમને શાંતિથી સૂવા દેશે નહીં.

આ વર્ષે ફેબ્રુઆરીમાં વારંવાર સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને માર્ચમાં સક્રિય થયેલી એન્ટિ સાઈક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમની અસરથી માર્ચના પ્રથમ અઠવાડિયાથી જ શહેરમાં આકરી ગરમી શરૂ થઈ છે. આ બંને સિસ્ટમની અસરથી હીટવેવનું મોજું ફરી વળતાં આ વર્ષે માર્ચમાં ગરમીનો પારો ગત વર્ષ કરતાં 16 દિવસ પહેલાં 40 ડિગ્રીએ પહોંચ્યો છે. સોમવારે મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી નોંધાયું હતું. આજે રેડ એલર્ટ અને બુધવારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

### 11 માર્ચે મુખ્ય શહેરોમાં મહત્તમ તાપમાન

•અમદાવાદ 41.2 ડિગ્રી •સુરેન્દ્રનગર 42.8 ડિગ્રી •ડીસા 41.6 ડિગ્રી •ગાંધીનગર 41.2ત ડિગ્રી • વલ્લભ વિદ્યાનગર 41.9 ડિગ્રી •ભુજ 42.4 ડિગ્રી •વડોદરામાં 41.2 ડિગ્રી •નલિયામાં 41.4 ડિગ્રી • અમરેલીમાં 41.6 ડિગ્રી •પોરબંદરમાં 41 ડિગ્રી • રાજકોટમાં 42.3 ડિગ્રી •કેશોદમાં 41.9 ડિગ્રી 12 તારીખે ઓરેન્જ અને યલો એલર્ટનું પૂર્વાનુમાન




દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...